CMYK

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૭ એપ્રિલ ૨૦૨૫, સોમવાર
વિક્રમ સંવત ૨૦૮૧, ચૈત્ર સુદ ૧૦
વર્ષ : ૧૬
અંક : ૨૭૪
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### વિકસિત ભારત તરફની સફરમાં તમિલનાડુની મોટી ભૂમિકા : મોદી

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રામેશ્વરમમાં ૮,૩૦૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કર્યું

### હું તમિલનાડુ સરકારને કહેવા માંગુ છું કે તમિલ ભાષામાં મેડિકલ કોર્ષ શરૂ કરે જેથી ગરીબ પરિવારોના દીકરા-દીકરીઓ જે અંગ્રેજી નથી જાણતા તેઓ પણ ડોક્ટર બની શકે

। (એજન્સી) ચેન્નાઈ, તા.૬ ।

વડાપ્રધાન મોદીએ કહ્યું, મને ખુશી છે કે રૂ. ૮૩૦૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સ આજે લોન્ચ કરવામાં આવ્યા છે. આ ભારત રત્ન ડૉ. કલામની ભૂમિ છે. અહીંનો પંબન પુલ ટેકનોલોજીનું ઉત્તમ ઉદાહરણ છે. આ ૨૧મી સદીમાં એન્જિનિયરિંગનું એક ઉત્તમ ઉદાહરણ છે. પંબન પુલ મુસાફરીને સરળ બનાવશે. આ ભારતનો પહેલો વર્ટિકલ સી બ્રિજ છે, જેના પર ટ્રેનો પહેલા કરતા વધુ ઝડપથી દોડશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે રામ નવમી નિમિત્તે તમિલનાડુના રામેશ્વરમમાં રામનાથસ્વામી મંદિરમાં પૂજા અર્ચના કરી. થાઈલેન્ડ અને શ્રીલંકાની ૩ દિવસની મુલાકાત બાદ પીએમ મોદી સીધા રામેશ્વરમ પહોંચ્યા હતા. વડાપ્રધાન મોદીએ રામેશ્વરમમાં ૮,૩૦૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કર્યું. આ દરમિયાન તેમણે એક જાહેર સભાને પણ સંબોધિત કરી. આ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે આજે રામ નવમી છે. ભગવાન રામની પ્રેરણા રાષ્ટ્ર નિર્માણનો પાયો છે. વડાપ્રધાને કહ્યું કે આજે અયોધ્યામાં સૂર્યના કિરણોએ રામલલાને ભવ્ય તિલક લગાવ્યું છે. તમિલનાડુના સાહિત્યમાં પણ ભગવાન રામનો ઉલ્લેખ જોવા મળે છે. રામેશ્વરમની આ પવિત્ર ભૂમિ પરથી, હું મારા બધા દેશવાસીઓને રામ નવમીની શુભકામનાઓ પાઠવું છું. વડાપ્રધાન મોદીએ કહ્યું, મને ખુશી છે કે રૂ.૮,૩૦૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સ આજે લોન્ચ કરવામાં આવ્યા છે. આ ભારત રત્ન ડૉ. કલામની ભૂમિ છે. અહીંનો પંબન પુલ ટેકનોલોજીનું ઉત્તમ ઉદાહરણ છે. આ ૨૧મી સદીમાં એન્જિનિયરિંગનું એક ઉત્તમ ઉદાહરણ




છે. પંબન પુલ મુસાફરીને સરળ બનાવશે. આ પુલ ટેકનોલોજી અને વારસાનું મિશ્રણ છે. પીએમ મોદીએ તમિલ ભાષા અંગે પહેલી વખત નિવેદન આપ્યું. પીએમએ કહ્યું કે હું તમિલનાડુ સરકારને કહેવા માંગુ છું કે તમિલ ભાષામાં મેડિકલ કોર્ષ શરૂ કરે જેથી ગરીબ પરિવારોના દીકરા-દીકરીઓ જે અંગ્રેજી નથી જાણતા તેઓ પણ ડોક્ટર બની શકે. પીએમએ કહ્યું કે ક્યારેક મને આશ્ચર્ય થાય છે જ્યારે તમિલનાડુના કેટલાક નેતાઓના પત્રો મને પહોંચે છે. કોઈ પણ નેતા ક્યારેય તમિલ ભાષામાં સહી કરતા નથી. તમિલ પર ગર્વ કરો, ઓછામાં ઓછું તમિલમાં સાઈન કરો. પીએમ મોદીએ કહ્યું કે આ ભારતનો પહેલો વર્ટિકલ સી બ્રિજ છે, જેના પર ટ્રેનો પહેલા કરતા વધુ ઝડપથી દોડશે. આ પુલની માંગ ઘણા સમયથી હતી. તમારા આશીર્વાદથી આ શક્ય બન્યું છે. આ વ્યવસાય કરવાની સરળતામાં ખૂબ મદદરૂપ થશે. નવી ટ્રેન સેવા રામેશ્વરમથી ચેન્નાઈ અને દેશના અન્ય ભાગો સુધી પ્રવાસન અને વ્યવસાયને વેગ આપશે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે છેલ્લા ૧૦ વર્ષમાં ભારતની અર્થવ્યવસ્થાનો વિકાસ બમણો થયો છે. રેલ, રોડ, એરપોર્ટ અને ગેસ પાઈપલાઈનના બજેટમાં લગભગ ૬ ગણો વધારો કરવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે આજે દેશમાં મેગા પ્રોજેક્ટ્સ પર કામ ખૂબ જ ઝડપથી ચાલી રહ્યું છે. જમ્મુ અને કાશ્મીરમાં વિશ્વનો સૌથી ઊંચો ચેનાબ પુલ બનાવવામાં આવ્યો છે. મુંબઈમાં ઉત્તર અને અટલ સેતુમાં બોગી બ્રિજ બનાવવામાં આવ્યો છે. સમર્પિત ફ્રેઈટ કોરિડોર પણ તૈયાર કરવામાં આવી રહ્યો છે. નમો ભારત અમૃત ભારત દેશને આધુનિક બનાવી રહ્યું છે. બુલેટ ટ્રેનનું કામ ઝડપથી ચાલી રહ્યું છે.

પીએમ મોદીએ વધુમાં કહ્યું કે જ્યારે ભારતનો દરેક ક્ષેત્ર જોડાય છે ત્યારે એક વિકસિત રાષ્ટ્રનું નિર્માણ થાય છે. આનાથી સમગ્ર દેશની ક્ષમતા બહાર આવી રહી છે. વિકસિત ભારત તરફની સફરમાં તમિલનાડુની મોટી ભૂમિકા છે. તમિલનાડુ જેટલું વધુ વિકાસ કરશે, દેશનો વિકાસ એટલો જ વધુ થશે. મોદી સરકારે પાછલી સરકાર કરતા ત્રણ ગણા વધુ પૈસા આપ્યા છે. આનાથી વૃદ્ધિમાં ઘણી મદદ મળી છે. વડાપ્રધાને કહ્યું કે તમિલનાડુનું માળખાગત સુવિધા ભારત સરકારની પ્રાથમિકતા છે. અહીં રેલ્વે બજેટમાં ૭ ગણો વધારો થયો છે. આમ છતાં, કેટલાક લોકોને કોઈ કારણ વગર રડવાની આદત હોય છે અને તેઓ રડતા રહે છે. ૨૦૧૪ પહેલા, રેલવે માટે ૯૦૦ કરોડ રૂપિયા પ્રાપ્ત થયા હતા. આ સરકારે ૬૦૦૦ કરોડ રૂપિયાથી વધુ આપ્યા. સરકાર ૭૭ રેલ્વે સ્ટેશનોને મોડેલ સ્ટેશનોમાં ફેરવી રહી છે, જેમાં રામેશ્વરમ સ્ટેશનનો પણ સમાવેશ થાય છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે છેલ્લા ૧૦ વર્ષમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ ઘણું કામ થયું છે. ૨૦૧૪ પછી ૪૦૦૦ કિલોમીટરના રસ્તા બનાવવામાં આવ્યા છે. ચેન્નાઈ બંદરને જોડતો રસ્તો ઉત્તમ માળખાગત સુવિધાનું ઉદાહરણ બનશે. આજે પણ લગભગ ૮૦૦૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. આનાથી આંધ્રપ્રદેશ અને તમિલનાડુ વચ્ચે જોડાણ પણ વધશે. ચેન્નાઈ મેટ્રો જેવા આધુનિક જાહેર પરિવહનથી વ્યવસાયની સરળતામાં વધારો થયો છે. આનાથી નવી નોકરીની તકો મળે છે. છેલ્લા દાયકામાં, ભારતે સામાજિક માળખાગત સુવિધાઓમાં ભારે રોકાણ કર્યું છે. દેશમાં ગરીબ પરિવારોને ૪ કરોડથી વધુ પાકા મકાનો આપવામાં આવ્યા છે. તમિલનાડુમાં ૧૨ લાખ લોકોને ઘર મળ્યા છે.

### પંબન પુલની માંગ ઘણા સમયથી હતીઃ પીએમ મોદી

## મોદીએ પંબન બ્રિજનું લોકાર્પણ કરી રામનાથ સ્વામી મંદિરમાં દર્શન કર્યા

### મેક ઇન ઇન્ડિયા અંતર્ગત નવા પંબન બ્રિજને એવી રીતે ડિઝાઇન કરાયો છે કે તે લાંબા સમય સુધી સુરક્ષિત રીતે ટકી શકશે



। (એજન્સી) ચેન્નાઈ, તા.૬ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રણ દિવસના પ્રવાસ બાદ આજે શ્રીલંકાથી પરત ફર્યા છે. શ્રીલંકાથી પરત ફર્યા બાદ તેઓ સીધા તમિલનાડુ પહોંચ્યા હતા. અહીં તેઓએ રામ નવમીના અવસર પર ભારતના પ્રથમ વર્ટિકલ લિફ્ટ સી બ્રિજનું ઉદ્ઘાટન કર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે પંબન પુલની માંગ ઘણા સમયથી હતી.

ભગવાન રામની નગરી અયોધ્યા, કૃષ્ણની નગરી દ્વારકા, મહાકાલની નગરી ઉજ્જૈન કે પછી માતા વૈષ્ણોની નગરી કટરા હોય, આ બધી જગ્યાઓથી શ્રદ્ધાળુઓ સીધા રેલ માર્ગે રામેશ્વરમ પહોંચી શકે તેવા ધાર્મિક અને ઐતિહાસિક દૃષ્ટિકોણ સાથે આ પંબન બ્રિજ બનાવાયો છે. આ એટલા માટે મહત્વપૂર્ણ છે કારણ કે તે રામેશ્વરમ ટાપુને ભારતની મુખ્ય ભૂમિ સાથે જોડે છે.

પંબન બ્રિજનું હૃદય ૭૨.૫ મીટર લાંબો વર્ટિકલ લિફ્ટ સ્પેન છે. જે સમયે કોઈ સમુદ્રી જહાજો આવે ત્યારે આ બ્રિજ ઉંચો ઉચકાશે. પહેલાં તેને ઉપાડવામાં લગભગ એક કલાકનો સમય લાગતો હતો, પરંતુ હવે આ કામ માત્ર પાંચ મિનિટમાં થઈ જશે. ખાસ વાત એ છે કે આ માટે માનવબળની જરૂર પણ નહીં પડે.

'મેક ઈન ઈન્ડિયા' અંતર્ગત નવા પંબન બ્રિજને એવી રીતે ડિઝાઈન કરવામાં આવ્યો છે કે તે લાંબા સમય સુધી સુરક્ષિત રીતે ટકી શકશે. રેલવેના પ્રવક્તા દિલીપ કુમારે જણાવ્યું કે, જૂના પુલને ખોલવામાં સામાન્ય રીતે ૪૫ મિનિટથી ૧ કલાકનો સમય લાગતો હતો, જ્યારે નવા પુલને માત્ર ૫ મિનિટમાં ખોલી શકાય છે અને ૩ મિનિટમાં બંધ પણ કરી શકાય છે. પંબન બ્રિજની ખાસિયત એ છે કે આ ભારતનો પ્રથમ વર્ટિકલ લિફ્ટ બ્રિજ છે. એટલે કે કોઈ બિલ્ડીંગમાં લિફ્ટ જેમ ઉપર-નીચે આવે છે એમ જ આ બ્રિજ ઉપર અને નીચે હેર-ફેર કરી શકે છે. આ બ્રિજ માટે સમુદ્ર પર ૧૦૦ જેટલા વણાકવાળું બાંધકામ કરવામાં આવ્યા છે. ૯૯ જેટલા છષ્ઠિરીજ ૧૮.૩ મીટર ઊંચા છે. જ્યારે વચ્ચોવચ્ચ આવેલું વર્ટિકલ ૭૨.૫ મીટર ઊંચું છે. આ નજીકના સૌથી જૂના રેલવે પુલ કરતાં ૩ મીટર ઊંચો છે. પુલની ચારેબાજુ હાઈ રિઝોલ્યુશન કેમેરા લગાવવામાં આવ્યા છે. આ માટે કમાન્ડ સેન્ટર બનાવવામાં આવ્યું છે, જ્યાંથી પુલની દરેક ગતિવિધિ પર નજર રાખવામાં આવશે. નવો પંબન બ્રિજ ૨.૦૮ કિલોમીટર (૨,૦૭૮ મીટર) સુધી ફેલાયેલો છે અને તેમાં ૧૮.૩ મીટરના ૯૯ સ્પેન છે, જેમાં સમુદ્રમાં નેવિગેશન માટે ૭૨.૫ મીટરનો એક વર્ટિકલ લિફ્ટ સ્પેન છે. નવા પંબન બ્રિજનો પાયો ૩૩૩ પાઈલ અને ૧૦૧ પાઈલ કેપ સાથે બનાવવામાં આવ્યો છે. ભવિષ્યને ધ્યાનમાં રાખીને, તેને ડબલ ટ્રેક અને હાઈ-સ્પીડ ટ્રેનો માટે ડિઝાઈન કરવામાં આવ્યો છે. પુલ હાઈ કેટેગરીના સ્ટીલ અને પ્રબલિત કોંક્રીટથી બનાવવામાં આવ્યો છે, જે પડકારજનક સમુદ્રી વાતાવરણમાં માત્ર ટકાઉ જ નહીં, પરંતુ કાટ લાગવાથી પણ બચાવશે.

## નકલી ડોક્ટરે ૧૫ દર્દીઓના ઓપરેશન કર્યા, સાતના મોત

। (એજન્સી) ભોપાલ, તા.૬ ।

મધ્યપ્રદેશના દમોહમાં એક નકલી ડૉક્ટરે ૧૫ દર્દીના ઓપરેશન કર્યા હોવાનો તેમજ તેમાંથી સાત દર્દીના મોત થયા હોવાની રાષ્ટ્રીય માનવાધિકાર પંચમાં ફરિયાદ નોંધાઈ છે. મિશનરી સંસ્થાનની એક હોસ્પિટલના વ્યક્તિએ આક્ષેપ કર્યો છે કે, એક વ્યક્તિ નકલી કાર્ડિયોલોજિસ્ટ બનીને હોસ્પિટલમાં આવ્યો હતો અને તેણે અહીં ૧૫ દર્દીઓના ઓપરેશન કરી નાખ્યા છે. દામોહના રહેવાસી દીપક તિવારી નામના વ્યક્તિએ શહેરના એક હોસ્પિટલ પર આક્ષેપ કરીને કહ્યું કે, એક નકલી ડૉક્ટરે જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં હોસ્પિટલમાં આવેલા દર્દીઓના ઓપરેશન કરી નાખ્યા છે.

### રામલલાના લલાટ પર થયું સૂર્ય તિલક

## રામલલાના લલાટ પર ૪ મિનિટ સુધી રહ્યા હતા સૂર્યના કિરણો

### મહંત સંજય દાસે કહ્યું કે આ અદ્‌ભુત અને અલૌકિક છે

। (એજન્સી) અયોધ્યા, તા.૬ ।

રામ નવમીના દિવસે અયોધ્યાના રામ મંદિરમાં ભગવાન શ્રી રામલલાના ભાલ પર સૂર્ય તિલક થયું. સવારથી જ રામલલાની પૂજા શરૂ થઈ ગઈ હતી. આ સમય દરમિયાન, રામ નવમીના અવસર પર, રામલલાના દર્શન કરવા માટે મોટી સંખ્યામાં ભક્તો રામ જન્મભૂમિ મંદિર પહોંચ્યા હતા. રવિવાર, ૬ એપ્રિલના રોજ, બરાબર બપોરે ૧૨ વાગ્યે સૂર્યતિલક થયું અને સૂર્યના કિરણો સીધા શ્રી રામલલાના કપાળ પર પડ્યા. શ્રદ્ધાળુઓને ધ્યાનમાં રાખીને કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી હતી.હનુમાનગઢીના મહંત સંજય દાસે રામ નવમી પર કહ્યું કે, આ અદ્ભુત અને અલૌકિક છે. અયોધ્યાના રાજા દશરથ અને ભગવાન શ્રી રામ



સૂર્યવંશી હતા. જે સમયે ભગવાન રામનો જન્મ થયો હતો, તે સમયે ભગવાન સૂર્ય પોતે એક મહિના સુધી તેમની લીલા જોતા રહ્યા. તેથી, આ ચાર મિનિટનો સૂર્ય તિલક ખૂબ જ મહત્વપૂર્ણ છે અને બધા સનાતન ધર્મીઓ આ પ્રસંગની આતુરતાથી રાહ જુએ છે.

### વક્ફ (સુધારા) બિલ કાયદો બન્યો

## રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ વક્ફ સુધારા બિલને આપી મંજૂરી

### કોંગ્રેસ, AIMIM અને AAPએ સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે : દેશના મુસ્લિમો આ કાયદાનો વિરોધ કરી રહ્યા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

વક્ફ સંશોધન બિલ ૨૦૨૫ હવે કાયદો બની ગયો છે. આ બિલને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ મંજૂરી આપી દીધી છે. વક્ફ બિલને રાષ્ટ્રપતિની મંજૂરી પહેલા બંને ગૃહો દ્વારા પસાર કરવામાં આવ્યું હતું. સંસદ દ્વારા પસાર કરાયેલા વક્ફ સંશોધન અધિનિયમને ૫ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ રાષ્ટ્રપતિની સંમતિ મળી છે. કેન્દ્રીય લઘુમતી કાર્ય મંત્રી કિરેન રિજિજૂએ વિધેયકને ગૃહમાં રજૂ કર્યું હતું. આશરે ૧૨-૧૨ કલાક લાંબી ચર્ચા બાદ વક્ફ (સંશોધન) વિધેયક ૨૦૨૫ને બંને ગૃહમાંથી પસાર કરવામાં આવ્યું હતું. આ વિધેયકને લઈને સત્તાધારી NDA પક્ષ અને વિપક્ષી પાર્ટીઓ વચ્ચે લાંબી ચર્ચા ચાલી હતી. લોકસભામાં ૨૮૮ સાંસદોએ વિધેયકના પક્ષમાં જ્યારે ૨૩૨ સાંસદોએ વિરોધમાં મત



આપ્યા હતા. જ્યારે રાજ્યસભામાં બિલના પક્ષમાં ૧૨૮ મત પડ્યા હતા, જ્યારે તેની વિરુદ્ધ ૯૫ મત પડ્યા હતા. બિલ લોકસભા બાદ રાજ્યસભામાં પણ બિલ પસાર થઈ જતાં તેને રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂ પાસે મંજૂરી માટે મોકલવામાં આવ્યું હતું. જ્યાં રાષ્ટ્રપતિની મંજૂરી મળતા જ વક્ફ (સંશોધન) બિલ કાયદો બન્યો છે. સંસદના બંને ગૃહો દ્વારા વક્ફ સુધારા બિલ પસાર થયા બાદ, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પણ તેને મંજૂરી આપી દીધી છે. આ નવા કાયદાને કોંગ્રેસ, AIMIM અને આમ આદમી પાર્ટી (AAP) દ્વારા અલગ-અલગ અરજીઓ સાથે સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો છે. દેશના વિવિધ રાજ્યોમાં ઘણા મુસ્લિમ સંગઠનો પણ આનો વિરોધ કરી રહ્યા છે. કેન્દ્ર સરકારના મતે, આ કાયદો મુસ્લિમ વિરોધી નથી અને તેનો ઉદ્દેશ્ય વક્ફ મિલકતોના ભેદભાવ અને દુરુપયોગને રોકવાનો છે. ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ (AIMPLB) એ પણ આ કાયદા અંગે ચિંતા વ્યક્ત કરવા માટે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે તાત્કાલિક બેઠક બોલાવવાની માંગ કરી હતી. લોકસભામાં વક્ફ સુધારા બિલના પક્ષમાં ૨૮૮ મત પડ્યા અને તેની વિરુદ્ધમાં ૨૩૨ મત પડ્યા.

## ૩૫૦૦૦૦૦૦ રૂપિયા જીતીને ભારતીય કરોડપતિ બની ગયો

। (એજન્સી) આબુ ધાબી, તા.૬ ।

ખાડી દેશોમાં ભારતના લોકો મોટી સંખ્યામાં રહે છે. ઘણાં લોકો એવા છે જે દાયકાઓથી અહીં રહે છે. આવા જ એક પ્રવાસીની કહાની વિશે આજે અમે આપને જણાવવા જઈ રહ્યાં છીએ. ઓમાનમાં રહેનાર એક ભારતીય પ્રવાસીની ગુરુવારે કિસ્મત ખુલી ગઈ હતી. આબુ ધાબીના બિગ ટિકિટ ડ્રોમાં તેણે ૧.૫ કરોડ દિરહામ (૩૫ કરોડ રૂપિયા) જીત્યાં છે.

### ફક્ત અઢી વીઘા જમીનની માલિકીને નોટિસ

## મથુરાના ખેડૂતને IT વિભાગે મોકલી ૩૦ કરોડની નોટિસ

। (એજન્સી) મથુરા, તા.૬ ।

ઉત્તર પ્રદેશના મથુરામાં માત્ર અઢી વીઘા ખેતરના માલિક એક ખેડૂતને ઈન્કમ ટેક્સ વિભાગે રૂ. ૩૦ કરોડની નોટિસ ફટકારી હતી. આઈટીની નોટિસ મળતાં ખેડૂત મુશ્કેલીમાં મુકાઈ ગયો હતો અને તેણે તેની ઓળખનો દુરૂપયોગ થયો હોવાની પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ઉત્તર પ્રદેશના મથુરાના ખેડૂત સૌરભ કુમારને ૨૬ માર્ચે આવકવેરા વિભાગે પોસ્ટ મારફત રૂ. ૩૦ કરોડની નોટિસ ફટકારી હતી. સૌરભે કહ્યું કે તેના પાન કાર્ડ પર બે જીએસટી નંબર લેવાયા છે, જેના પર બે નકલી કંપની બનાવાઈ છે. આ કંપનીઓમાં કરોડો રૂપિયાનો કારોબાર થયો છે. સૌરભે કહ્યું કે, ત્રણ વર્ષ પહેલાં આઈટી વિભાગે તેને રૂ. ૧૪ કરોડની નોટિસ આપી હતી. પહેલા તેને લાગ્યું કે કોઈએ તેની સાથે મજાક કરી હશે. જો કે, પાછળથી વકીલ મારફત તેણે આઈટી વિભાગને જવાબ મોકલ્યો કે તેણે કોઈ જીએસટી નંબર લીધો નથી.

### ગૃહ મંત્રાલયની છત્રછાયામાં દિલ્હીમાં પાંચ કલાક ચર્ચા

## મણિપુરમાં મૈતેઇ અને કૂકી સમાજના લોકોના પ્રતિનિધિઓ વચ્ચે બેઠક યોજાઈ

। (એજન્સી) મણિપુર, તા.૬ ।

મણિપુરમાં હિંસા ફાટી નીકળી તે બાદ પ્રથમ વખત મૈતેઈ અને કૂકી સમાજના લોકોના પ્રતિનિધિઓ વચ્ચે બેઠક મળી હતી. આ બન્ને સમાજના લોકો વચ્ચે જ હિંસા ફાટી નીકળી હતી હવે જ્યારે શાંતિ માટેના પ્રયાસો થઈ રહ્યા છે ત્યારે સમાજના પ્રતિનિધિઓ દ્વારા બેઠક યોજીને વાટાઘાટો કરાઈ હતી. મે ૨૦૨૩ થી મણિપુરમાં હિંસા ફાટી નીકળી હતી જેમાં ૨૫૦થી વધુ લોકો માર્યા ગયા છે અને હજારો લોકો વિસ્થાપિત થઈને રાહત કેમ્પોમાં રહેવા માટે મજબુર છે. હિંસાની આ સ્થિતિ વચ્ચે પ્રથમ વખત મૈતેઈ અને કૂકી સમાજના આગેવાનો શાંતિ સ્થાપવા આગળ આવ્યા છે. દિલ્હીમાં ગૃહ મંત્રાલયની છત્રછાયા હેઠળ આ બેઠક યોજાઈ હતી જે આશરે પાંચ કલાક સુધી ચાલી હતી. સુત્રોએ જણાવ્યું હતુ કે શાંતિ સ્થાપિત કરવાના કેન્દ્ર સરકારના પ્રયાસોના ભાગરૂપે આ બેઠક યોજાઈ હતી, જેમાં મૈતેઈ અને કૂકી સમાજના લોકોએ મળીને મણિપુરમાં શાંતિ સ્થાપિત કરવા માટેના રોડ મેપ પર ચર્ચા કરી હતી. આ ઉપરાંત રાજ્યમાં કાયદો વ્યવસ્થા પર પણ ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં મૈતેઈના છ સભ્યોના ડેલિગેશનમાં ઓલ મણિપુર યુનાઈટેડ કલબ્સ ઓર્ગેનાઈઝેશન અને ફેડરલ ઓફ સિવિલ સોસાયટી ઓર્ગેનાઈઝેશન પણ જોડાયું હતું.

### બંને નેતાઓ વ્હાઈટ હાઉસમાં કરશે બેઠક

## નેતન્યાહૂ અને ટ્રમ્પે તૈયાર કર્યો 'ગાઝાનો ફાઈનલ વૉર પ્લાન'

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૬ ।

ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ અને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શું ગાઝાનો ફાઈનલ વૉર પ્લાન તૈયાર કરી લીધો છે, શું ઈઝરાયલ ગાઝા પર સંપૂર્ણ કબજો કરી લેશે, આખરે ટ્રમ્પ અને ઈઝરાયલ ગાઝામાં શું કરવા ઈચ્છે છે... આ તમામ મુદ્દાઓ પર વાતચીત કરવા માટે બંને નેતાઓ ફ્લોરિડામાં ૭ એપ્રિલે મુલાકાત કરશે. ટ્રમ્પ અને નેતન્યાહૂ વચ્ચે વ્હાઈટ હાઉસમાં બેઠક યોજાશે. આ દરમિયાન તેઓ ગાઝા સહિતના મુદ્દાઓ પર વાતચીત કરશે. વ્હાઈટ હાઉસના એક અધિકારી અને નેતન્યાહૂના કાર્યાલયે બંને નેતાઓની મુલાકાત અંગે પુષ્ટી કરી છે. બંને તરફથી કહેવાયું છે કે, ટ્રમ્પ અને નેતન્યાહૂ વચ્ચે ૭મી એપ્રિલે વ્હાઈટ હાઉસમાં બેઠક યોજાશે. ઈઝરાયલ હમાસના બળવાખોરો પર દબાણ વધારવા માટે ગાઝા પટ્ટીમાં સેનાઓ તહેનાત કરી રહી છે, ત્યારે બંને નેતાઓ વચ્ચેની આ મુલાકાત ખૂબ જ મહત્ત્વની છે.

CMYK




રામનવમીના પાવન અવસરે અમદાવાદના મેમનગર સ્થિત શ્રી રામજી મંદિરે પ્રભુ શ્રી રામચંદ્રજી અને સીતામાતાનાં દર્શન તથા આરતીનો લાભ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે લીધો હતો. આ પ્રસંગે ભગવાન સમક્ષ સૌના કલ્યાણ તેમજ શાંતિ, સમૃદ્ધિ અને રાજ્યની ઉન્નતિની પ્રાર્થના કરી, તેમજ ઉપસ્થિત સૌને રામનવમીની શુભકામનાઓ પાઠવી હતી.

## પ્રહલાદનગરમાંમનપાના વેજીટેબલ માર્કેટમાં ૨૦૦ સ્ટોલ છતાં ગ્રાહકોનો અભાવ

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

અમદાવાદમાં શહેરના પોળ વિસ્તારના શાક માર્કેટમાં ભારે ભીડ રહેતી હોય છે. અનેક વખત લોકો ટ્રાફિકના કારણે કાલુપુરના શાક માર્કેટમાં જવાનું ટાળતા હોય છે. આ બાબતને ધ્યાને લઈને મનપા દ્વારા પ્રહલાદ નગર વિસ્તારમાં નવું વેજીટેબલ માર્કેટ બનાવ્યું. આ વેજીટેબલ માર્કેટમાં અંદાજે ૨૦૦ જેટલા સ્ટોલ રાખવામાં આવ્યા છે જેથી કરીને લોકોને તમામ શાકભાજી એક જ સ્થાન પરથી મળી રહે. પરંતુ પ્રહલાદ નગરના વેજીટેબલ માર્કેટમાં નથી ગ્રાહકો અને નથી વિક્રેતા. અમદાવાદના પ્રહલાદનગર વિસ્તારમાં છસ્ઝ દ્વારા લાખો રૂપિયાના ખર્ચે વેજીટેબલ માર્કેટ બનાવવામાં આવ્યું છે. આ માર્કેટમાં ૨૦૦થી પણ વધુ શાકભાજીના સ્ટોલ બનાવાયા છે. પરંતુ તંત્રના મિસમેનેજમેન્ટ ના કારણે હાલ આ વેજીટેબલ માર્કેટ ધૂળ ખાઈ રહ્યું છે. એક પણ શાકભાજી વિક્રેતા અહીંયા શાકભાજી વેચવા નથી આવી રહ્યા. જેનું કારણ છે કે અહીંયા જગ્યા ફાળવામાં આવેલ શાકભાજી વિક્રેતાની પાસે કોઈ શાકભાજીની ખરીદી કરવા માટે જ નથી આવી રહ્યું. સમાન્ય રીતે વેજીટેબલ માર્કેટ ત્યાં બનાવાય છે જ્યાં રેસિડેન્ટ વિસ્તાર હોય. પ્રહલાદનગરનું આ શાક માર્કેટ કમર્શિયલ બિલ્ડીંગ અને ઓફિસોની વચ્ચો વચ બનાવવામાં આવ્યું છે. માર્કેટની આસપાસ રહેણાંક મકાનો જ નથી કે ગૃહિણીઓ શાકભાજીની ખરીદી કરવા માટે આવી શકે. બીજી બાજુ જે શાકભાજી વિક્રેતાને જગ્યા આપવામાં આવી છે તે વિક્રેતા પહેલા પોતાનો ધંધો જોધપુર,સેટેલાઈટ,આનંદ નગર જેવા વિસ્તારમાં વેપાર કરતા હતા. જ્યાંથી આ માર્કેટ બે કિલોમીટર જેટલું દૂર છે જેથી બાંધેલ ગ્રાહકો પણ તેમની પાસે ખરીદી કરવા નથી આવતા.

### ગરમીને લઈને શિક્ષણ વિભાગનો એક્શન પ્લાન

## ખુલ્લામાં વર્ગો ન ચલાવવા-જરૂર પ્રમાણે શાળાનો સમય બદલવા સૂચના

### હીટવેવને સાયલન્ટ ડિઝાસ્ટર તરીકે ગણવામાં આવતુ હોઈ તકેદારીના ખાસ પગલા લેવા સરકાર દ્વારા સૂચનાઓ અપાઈ છે

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ હેઠળના રાહત કમિશનર અને સચિવ કચેરી દ્વારા રાજ્યમાં વધતી ગરમીને લઈને પૂર્વ તૈયારી કરવા જણાવવામા આવ્યુ છે. ગુજરાત હીટવેવ એક્શન પ્લાન ૨૦૨૫ અનુસાર, કાર્યવાહી હાથ ધરવા તથા ખાસ હીટવેવને સાયલન્ટ ડિઝાસ્ટર તરીકે ગણવામાં આવતુ હોઈ તકેદારીના ખાસ પગલા લેવા સરકાર દ્વારા સૂચનાઓ અપાઈ છે. જેને પગલે પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા તમામ ડીઈઓ અને ડીપીઈઓને પરિપત્ર કરીને હીટવેવ એક્શન પ્લાનનો અમલ કરાવવા અને રાજ્યની પ્રાથમિક શાળામાં ખાસ તકેદારીના પગલા લેવામાં આવે તે રીતનું આયોજન કરવા આદેશ કરવામા આવ્યો છે. સરકારની સૂચના મુજબ તમામ સ્કૂલોમાં શિક્ષકોની મદદથી બાળકોને હીટવેવ અને તેની અસરો તથા બચવાના ઉપયાગો વિશે સમજણ આપવાની રહેશે. આ ઉફરાંત ઉનાળા દરમિયાન કોઈ પણ પ્રકારના ઓપન-એર વર્ગો તથા કાર્યક્રમો હાથ ધરવાના રહેશે નહીં. ઉનાળાની ઋતુમાં શાળાના સમયમાં જરૂરીયાત મુજબ ફેરફાર કરવાનો રહેશે. આ બાબતે તમામ સ્કૂલોને સૂચનાઓ આપવા સરકારે ડીઈઓ-ડીપીઓને પરિપત્ર કરીને આદેશ કર્યો છે.જિલ્લા શિક્ષણાધિકારી શાળાના સમયમાં ફેરફાર કરી શકશે

હીટવેવને લઈને શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનસેરિયાએ જણાવ્યું કે, 'રાજ્યના તમામ જિલ્લાઓમાં જિલ્લા શિક્ષણાધિકારી ગરમીનું પ્રમાણ જોઈને શાળાના સમયમાં ફેરફાર કરી શકશે, તેમને રાજ્ય સરકાર પાસે કોઈ પણ પ્રકાર મંજૂરી મેળવવાની રહેશે નહીં. શાળામાં વિધાર્થીઓ પ્રાર્થના બાદ ઉનાળાના સમયગાળા દરમિયાન મેદાનમાં ખેલકૂદની પ્રવૃતિઓ કરી શકશે નહી. ગરમીમાં શિક્ષકોએ વિધાર્થીઓ સમયસર પાણી પીવે તે તેમને યાદ કરાવવાનું રહેશે. રાજ્યના નાગરીકોએ હીટવેવથી ડરવાની નહીં, પરંતુ જાગૃતિ સાથે પોતાના બાળકની કાળજી રાખવાની જરૂર છે.' ઉલ્લેખનીય છે કે, ગરમીને લઈને થોડા સમય અગાઉ બપોરની સ્કૂલના સમયને સવારની પાળી સાથે ચલાવવા માટે માંગ કરવામાં આવી હતી. બપોરે ૧૨ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી ચાલતી સ્કૂલો સવારે ૭:૩૦થી બપોરે ૧૨:૦૦ વાગ્યા સુધી કરવામાં આવે તેવી માંગ પણ કરવામાં આવી હતી.

હવામાન વિભાગ દ્વારા આગામી ચાર દિવસ સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતના ૯ જિલ્લામાં રેડ, યલો અને ઑરેન્જ ઍલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં હવામાન વિભાગે આવતીકાલે રવિવારે (૬ એપ્રિલ, ૨૦૨૫) અને ૭ એપ્રિલના રોજ કચ્છ જિલ્લા હીટવેવનું રેડ ઍલર્ટ જાહેર કર્યું છે. આ સાથે બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મહેસાણા, જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં યલો ઍલર્ટ અને મોરબી અને રાજકોટ જિલ્લામાં ઑરેન્જ ઍલર્ટ જાહેર કર્યું છે.

### વ્યાજખોરે પડાવેલી ૧૮ વીઘા જમીન ગુજરાત પોલીસે માલિકને પરત અપાવી

। (એજન્સી) અમરેલી,તા.૬ ।

અમરેલી જિલ્લામાં ધારીના ઝર ગામમા સામાન્ય ખેડૂત પાસેથી ૧૮ વીઘા જમીન ૨૦૨૦માં વ્યાજના પૈસા નહી આપતા એક ડૉક્ટરએ પચાવી પાડી હતી. અમરેલી જીઁ સુધી મામલો પોહચતા ગુન્હો નોંધી જમીન પરત અપાવી હતી. ખેડૂત ગુજરાત પોલીસનો આભાર માન્યો અને પોલીસ વડાને પેંડા ખવડાવી મોં મીઠું કરાવ્યું હતું. કારણ કે આ ફળદ્રુપ જમીન કરોડો રૂપિયાની છે. ગુજરાત પોલીસે પ્રથમ વખત જમીન મૂળ માલિકને સોંપાવનો દાખલો બેસાડ્યો છે. અમરેલી જિલ્લામાં ધારી તાલુકાના ઝર ગામના સામાન્ય ખેડૂત જયસુખભાઈ સોલંકી પાસે ૧૮ વીઘા જમીન હતી. કેરીના આંબાનું ઉત્પાદન થાય છે. ૨૦૨૦માં તેમની જમીનમાં ખેતીના કામ માટે એક ડૉક્ટર પાસેથી અલગ અલગ સમયે ૩ ટકા વ્યાજે ૫૦ લાખ લીધા હતા. જેમાં આરોપી ડૉક્ટર મેથીલ ફળદુ દ્વારા પૈસાની ઉઘરાણી કરતા હતા. આરોપી ડૉક્ટરોએ કહ્યું કે પૈસા આપતા નથી તો જમીન અમારા નામે કરી દો, એમ કહીને ડૉક્ટરે બળજબરીપૂર્વક ખેડૂત પાસેથી કુલ ૯ વીઘા જમીનનો દસ્તાવેજ કરાવી લીધો. ત્યારબાદ ડૉક્ટરના ભાઈની અન્ય ૯ વીઘા જમીન પર કબજો કરી લીધો અને કહ્યું કે તમે અહીં આવતા નહી. સામાન્ય પરિવારના લોકો ગામ છોડી નીકળી ગયા હતા. ફરિયાદી ખેડૂતે એસપી સંજય ખરાતને રજુઆત કરી. એસપીએ તાત્કાલિક અમરેલી સીટી પોલિસ સ્ટેશનમાં આરોપી ડો.મેથીલભાઈ રમેશભાઈ ફળદુ સામે ગુજરાત નાણાધીર હેઠળમાં વ્યાજખોર અને બળજબરી પૂર્વક પચાવી પાડવાનો ગુન્હો નોંધ્યો હતો. અમરેલીના એસપી સંજય ખરાતે કહ્યું કે 'ફરીયાદીએ પોલીસ પાસે માંગણી કરી અમારી જમીન પરત અપાવો, જમીન તાત્કાલિક મળે તે માટે મદદ માંગી હતી.' જમીન પચાવી લીધા બાદ ખેડૂત જયસુખભાઈ અને તેમનો પરિવાર અમદાવાદ શહેરમાં નરોડા વિસ્તારમાં ફ્રૂટનો સ્ટોલ લારીઓ કરી સમય પસાર કરતા હતા. વ્યાજખોરોએ ખેડૂત પાસે જમીન પચાવી પાડીને ગામ છોડવાની ફરજ પાડી હતી. પોલીસે આરોપીને જાણ કરી હતી કે આ કાયદા વિરૂદ્ધનું કૃત્ય છે, તો આરોપીએ જમીન પોતાના પિતાના નામે કરી દીધી હતી. જોકે પોલીસે વ્યાજખોર પાસેથી જમીન પરત લઇને ખેડૂતના નામે દસ્તાવેજ કર્યો હતો. ખેડૂત જયસુખભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે સૌરાષ્ટ્રમાં સૌથી વધુ જમીનમાં બાગાયતી ખેતી એટલે કે કેરીના આંબા વાળી જમીન હોય તે અતિ મહત્ત્વની અને કિંમતી માનવામાં આવે છે. અમારી આ જમીન પર ૪૦૦થી વધુ આંબાના ઝાડ છે અને વાવેતર ચાલુ છે.

### હીટવેવ ઇફેક્ટ

## વડોદરાના મુખ્ય ટ્રાફિક સિગ્નલો બપોરે ૧ થી ૪ વાગ્યા સુધી બંધ રહેશે

### ગરમીમાં બપોરના સમયે વધુ વખત તાપમાં રહેવાથી લૂ લાગવાના અને સ્વાસ્થ્ય પર ગંભીર અસર પડી શકે છે

। (એજન્સી) વડોદરા, તા.૬ ।

સમગ્ર ગુજરાતની સાથે વડોદરામાં પણ આકરી ગરમી પડી રહી છે. બપોરના સમયે શહેરમા નીખલું પણ મુશ્કેલ બન્યુ છે. તો હવામાન વિભાગે ચાર દિવસ હીટ વેવની આગાહી કરી છે. ત્યારે વડોદરાના વાહનચાલકોને રાહત આપવા શહેર ટ્રાફિક પોલીસે મહત્વનો નિર્ણય કર્યો છે. લોકોનો ગરમીથી બચાવ થાય તેને ધ્યાનમાં રાખીને શહેરના મુખ્ય ટ્રાફિક સિગ્નલો આજથી બપોરે ૧ થી ૪ વાગ્યા સુધી બંધ રાખવાનો શહેર પોલીસ કમિશનર દ્વારા નિર્ણય લેવાયો છે. જોકે કેટલાક નાના જંકશન ઉપર ટ્રાફિક સિગ્નલો કાર્યરત રહેશે. ગરમીમાં બપોરના સમયે વધુ વખત તાપમાં રહેવાથી લૂ લાગવાના અને સ્વાસ્થ્ય પર ગંભીર અસર પડી શકે છે. પરિણામે બપોરના સમયે મુખ્ય માર્ગો સુમસામ થઈ જતા હોય છે. આ ઉપરાંત ટ્રાફિક સિગ્નલો પર વધુ સમય વાહનો ઉભું રાખવું હિતાવહ નથી. જેથી શહેરીજનોની સુખાકારી માટે અને ગરમીથી બચાવના ઈરાદે આજથી મુખ્ય ટ્રાફિક સિગ્નલો બપોરે ૧ વાગ્યાથી ૪ વાગ્યા સુધી બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. જોકે આમ છતાં વાહનચાલકોએ શિસ્ત ભંગ કરીને અકસ્માત થાય એવી રીતે વાહન ચલાવવું નહીં. આ ઉપરાંત ગરમીમાં ગોગલ્સ પહેરવા જોઈએ અને હેલ્મેટના કાયદાનો ચુસ્તપણે અમલ કરવો જરૂરી છે. વાહનચાલકોએ અકસ્માતો થાય એવી રીતે વાહન હંકારવું નહીં કે જેથી પોલીસને જરૂરી કાર્યવાહી કરવાની ફરજ પડે.

### સેન્ટ્રલી સિસ્ટમ ડેવલપ કરવા અંગે વિચારણા

## મહારાષ્ટ્ર અને ગોવામાં વપરાતી ટેક્નોલોજીનો ઉપયોગ એએમસી કરશે

### સફાઈ કર્મચારી આવે તો તેને પણ દરરોજ એ બાર કોડ સ્કેન કરવો ફરજિયાત હશે, જેથી એ ખ્યાલ આવે કે સફાઈ થઈ કે નહીં

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

અમદાવાદ મહાનગર પાલિકા ટેકનોલોજીનો વિકસાવવા તરફ આગળ વધી રહ્યું છે, જેનાથી માત્ર એક જ ક્લિક પર બિલ્ડિંગ હોય કે તેના સંચાલક કે તેના માલિક તમામ વિગત ઉપલબ્ધ થઈ જશે અને તેના આધારે મનપાની કેટલીક સેવામાં પણ મદદરૂપ થશે. આખરે કેવી રીતે કામગીરી કરાશે, મનપા કઈ ટેકનોલોજીથી આ કામગીરી કરવાનું છેજો તમને એવું કોઈ કહે કે એક ક્લિક કરો અને કોઈપણ એકમની વિગત મળી રહે તો ? છે ને અજીબ વાત. મનપા દ્વારા આગામી સમયમાં શહેરનો સરવે કરવા અંગે વિચારણા કરી રહ્યું છે. ત્યારે ડ્રોન મારફતે જીઓ ટેગિંગ આખા શહેરમાં કરવામાં આવશે. જેમાં ધંધાકીય, રહેણાક, સરકારી કચેરીઓ, ધાર્મિક સંસ્થાઓ અને ફેરિયા સહિતની તમામ જગ્યાઓનું જીઓ ટેગિંગ કરવામાં આવનાર છે. આ સરવે થઈ ગયા બાદ દરેક એક એકમને યુનિક બાર કોડ આપવામાં આવશે. જેમાં જે તે એકમની તમામ વિગતો સમાવિષ્ઠ હશે અને એને સ્કેન કરો કે તરત જ તમામ વિગત તમારા મોબાઈલમાં મળી રહેશે. આ સરવેમાં જે તે એકમનું માલિકી હક્ક, ભાડે હોય તો તેની વિગત, ક્ષેત્રફળ, ફ્લોરની વિગત આકારણી વિગત, ટેક્સ વિગત સફાઈની વિગત અને મહાનગર પાલિકાની કોઈ સેવાનો લાભ લેતા હોય તો તેની તમામ વિગતો મળી રહેશે. જો રહેણાક એકમ હોય તો તેમાં આ વિગતોની સાથે સાથે તેમાં વસવાટ કરતા લોકો તેની પાસે રહેલા વાહનોની વિગત પણ આ બાર કોડ સ્કેન કરવાથી મળી રહેશે.

### ભારત આજે વિશ્વના ત્રીજા સૌથી મોટા રિન્યૂએબલ ઊર્જા ઉત્પાદક દેશ બનવા તરફ અગ્રેસરઃ મુખ્યમંત્રી

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના ચાંગોદર ખાતે મેટર કંપની નિર્મિત દેશના સૌ પ્રથમ ગિયર્ડ ઇલેક્ટ્રિક મોટર બાઈક પ્લાન્ટનો શુભારંભ કરાવ્યો

। (માહિતી) ગાંધીનગર ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના ચાંગોદર ખાતે મેટર કંપની દ્વારા નિર્મિત દેશના સૌ પ્રથમ ગિયર્ડ ઈલેક્ટ્રિક મોટર બાઈક પ્લાન્ટનો શુભારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે ગ્રીન એનર્જી ક્ષેત્રે ગુજરાતને દેશનું હબ બનાવવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ ચૈત્રી નવરાત્રી-દુર્ગાષ્ટમીની શુભેચ્છાઓ પાઠવી જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત આજે વિશ્વની પાંચમી મોટી અર્થવ્યવસ્થા બની છે અને ઓટોમોબાઈલ ક્ષેત્રે ૧૨ ટકાના ગ્રોથ સાથે વિકાસ કર્યો છે. આજે દેશની ઓટોમોટિવ ઈન્ડસ્ટ્રીઝ વિશ્વ સાથે હરીફાઈ કરવા સજ્જ બની છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે ગ્રીન ગ્રોથ એનર્જીને આગળ વધારવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'ઈનોવેટ ઈન ઈન્ડિયા' મંત્ર આપ્યો છે. આ મંત્રને ચરિતાર્થ કરવા માટે મેટર કંપની દ્વારા આજથી દેશના સૌ પ્રથમ ગિયર્ડ ઈલેક્ટ્રિક મોટર બાઈકના પ્લાન્ટનો શુભારંભ કરવામાં આવ્યો છે. શ્રી પટેલે ઉમેર્યું કે બદલાતાં સમયની દિશા પારખીને વડાપ્રધાનશ્રીએ આંતરરાષ્ટ્રીય સોલાર એલાયન્સનો પ્રારંભ કરાવીને રિન્યૂએબલ ઊર્જા પર ભાર વિશેષ મૂક્યો છે. તેમના નેતૃત્વમાં ભારતે ગ્રીનગ્રોથ ક્ષેત્રે અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે તેમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે છેલ્લાં ૧૦ વર્ષમાં દેશની ગ્રીન એનર્જી ઉત્પાદન ક્ષમતા ૨.૮ ગીગા વોટથી વધીને ૧૦૨.૫ ગીગા વોટ થઈ છે. જ્યારે વિન્ડ એનર્જીનું ઉત્પાદન બમણું થયું છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે સૌર ઊર્જા આધારિત ઘરેલુ વીજ ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે વડાપ્રધાનશ્રી દ્વારા શરૂ કરવામાં આવેલી પીએમ સૂર્યઘર યોજનાનો લાભ મેળવી દેશનાં ૧૧ લાખથી વધુ ઘરો પર સોલાર પેનલ લગાવવામાં આવી છે. પરિણામે,



આજે દેશની સૂર્ય આધારિત વીજ ઉત્પાદન ક્ષમતા ૯ ગીગાવોટથી વધીને ૯૮ ગીગા વોટ સુધી પહોંચી છે. આ જ પ્રકારે, ૪.૫ લાખ ટન ગ્રીન હાઈડ્રોજનના ઉત્પાદન માટે ચાલુ વર્ષના કેન્દ્રીય બજેટમાં રૂ. ૨૨૪૦ કરોડની ફાળવણી કરવામાં આવી હોવાનું જણાવી શ્રી પટેલે કહ્યું કે ભારત આજે વિશ્વના ત્રીજા સૌથી મોટા રિન્યૂએબલ ઊર્જા ઉત્પાદક દેશ બનવા તરફ અગ્રેસર છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે છેલ્લાં ૧૦ વર્ષમાં ઈલેક્ટ્રિક વાહનોના વેચાણમાં ૬૪૦ ગણી વૃદ્ધિ સાથે ગયા વર્ષે ૧૭ લાખ જેટલા ઈલેક્ટ્રિક વાહનોનું વેચાણ થયું છે. તેમણે કહ્યું કે ગ્રીન એનર્જી ક્ષેત્રે ગુજરાતને દેશનું હબ બનાવવા માટે રાજ્ય સરકારે ઈવી પોલિસી-૨૦૨૧ બનાવી છે અને આ દિશામાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા માટે પણ કામગીરી થઈ રહી છે. જે અંતર્ગત, ઈલેક્ટ્રિકલ વ્હીકલ માટે જરૂરી લિથિયમ આયન બેટરીના ઉત્પાદનને રાજ્ય સરકાર પ્રોત્સાહન આપી રહી છે. શ્રી પટેલે જણાવ્યું કે રાજ્ય સરકાર ગ્રીન એનર્જીના ઉપયોગની દિશામાં કટિબદ્ધ છે અને આ માટે રાજ્યના જાહેર પરિવહનમાં ૮૦૦ જેટલી ઈવી બસો ચલાવવામાં આવી રહી છે. રાજ્યમાં ગત વર્ષે ૨.૬૪ લાખ ઈલેક્ટ્રિક વાહનો રજિસ્ટર્ડ થયાં છે તેમ તેમણે ઉમેર્યું હતું. ઝીરો કાર્બન ઉત્સર્જન પર ભાર મૂકતાં વડાપ્રધાનશ્રીના વિકસિત ભારત જ૨૦૪૭ના લક્ષ્યને સિદ્ધ કરવા માટે ગ્રીન એનર્જી, ક્લિન એનર્જી આધારિત પર્યાવરણમાં સહયોગ આપવા માટે સૌને અપીલ કરી હતી. આ પ્રસંગે ઉપસ્થિત રાજ્યસભાના સાંસદ શ્રી ગોવિંદભાઈ ધોળકિયાએ જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારતના વિઝનને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વવાળી રાજ્ય સરકાર સાકાર કરી રહી છે. એટલું જ નહીં, વડાપ્રધાનશ્રીના 'મેક ઈન ઈન્ડિયા'ને એક પગલું આગળ વધારીને 'મેક ઈન ગુજરાત'માં વર્લ્ડ ક્લાસ પ્રોડક્ટ્સ બની રહી છે, જેનું ઉદાહરણ મેટર એરા બાઈક છે તેમ તેમણે ઉમેર્યું હતું. આ તકે મેટર કંપનીના સ્થાપક અને ગ્રૂપ સીઈઓ શ્રી મોહલ લાલભાઈએ મુખ્યમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કરતાં કહ્યું કે ગુજરાતની પ્રગતીશીલ ઔદ્યોગિક નીતિઓના કારણે આ કાર્ય શક્ય બન્યું છે. તેમણે આને મેટર અને વ્યાપક ઈવી ઈકોસિસ્ટમ માટે પરિવર્તનકારી ક્ષણ ગણાવી હતી. ઉલ્લેખનીય છે કે મુખ્યમંત્રીશ્રીએ આ તકે બાઈક વિશે ઊંડાણપૂર્વક જાણકારી મેળવી હતી. મેટર કંપની દ્વારા મુખ્યમંત્રીશ્રીના હસ્તે રાજ્યના પોલીસ વિભાગ તેમજ ગીર રેન્જર્સ માટે એક-એક ઈલેક્ટ્રિક બાઈક પણ અર્પણ કરવામાં આવ્યું હતું. કંપની દ્વારા મેક ઈન ઈન્ડિયા અને ઈનોવેટિવ ઈન્ડિયા આધારિત નેક્સ્ટ જનરેશન પ્લાન્ટ થકી વાર્ષિક ૧.૨૦ લાખ જેટલાં યુનિટનું ઉત્પાદન કરવામાં આવશે. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી કનુભાઈ પટેલ, કંપનીના સ્થાપક અને ગ્રૂપના ચીફ ઓપરેટિંગ ઓફિસર શ્રી અરુણપ્રતાપ સિંઘ, પ્રોફેસર શ્રી અરવિંદ સહાય સહિત મહાનુભાવો, ઈન્ડસ્ટ્રી પાર્ટનર્સ અને મેટર કંપનીના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# વિદેશમાં ત્રિવેણી સંગમના પવિત્ર જળની ભારે માગ

## જર્મનીમાં કન્સાઇન્મેન્ટ મોકલાયું । નારીશક્તિ મહિલા પ્રેરણા સંકુલ સમિતિ દ્વારા પવિત્ર ગંગા જળનું પેકિંગ અને સપ્લાય કરાઈ રહ્યું છે



। (એજન્સી) પ્રયાગરાજ, તા.૬ ।

પ્રયાગરાજમાં મહાકુંભ મેળાના ભવ્ય આયોજન પછી વિદેશમાંથી પણ ત્રિવેણી સંગમના પાવન જળની ભાર માગ આવી રહી છે. ઉત્તરપ્રદેશ સરકારે ગંગાજળ સાથેની આશરે ૧,૦૦૦ બોટલો જર્મની મોકલી છે. સરકારે વિદેશમાં મોકલેલું આ પ્રથમ આંતરરાષ્ટ્રીય કન્સાઈન્મેન્ટ છે. ૧૩ જાન્યુઆરીથી ૨૬ ફેબ્રુઆરી સુધી યોજાયેલા પ્રયાગરાજ મહાકુંભમાં જંગી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવ્યા હતાં અને ૬૬ કરોડથી વધુ શ્રદ્ધાળુઓએ ત્રિવેણી સંગમમાં પવિત્ર ડૂબકી લગાવી હતી. સરકારે જણાવ્યુ હતું કે ફાયર વિભાગે ઉત્તરપ્રદેશના તમામ ૭૫ જિલ્લાઓમાં ત્રિવેણીના પવિત્ર જળનું વિતરણ કર્યું હતું. હવે આ પવિત્ર જળ આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા મેળવી રહ્યું છે, જેનો પહેલો જથ્થો પ્રયાગરાજથી જર્મની રવાના થઈ ગયો છે. મહાકુંભના સમાપન પછી યુપી સરકારે રાજ્યભરના ભક્તોને સંગમ જળ 'મહા પ્રસાદ' તરીકે પહોંચાડવાનો સંકલ્પ કર્યો હતો. જોકે વિદેશમાં પણ લોકોના રસમાં વધારો થયો હતો અને વિદેશમાંથી વિનંતીઓ આવવા લાગી છે. તેથી પ્રારંભિક આંતરરાષ્ટ્રીય કન્સાઈન્મેન્ટમાં ગંગા જળ ભરેલી ૧,૦૦૦ કાચની બોટલો જર્મની મોકલવામાં આવી છે. આ શિપમેન્ટની વ્યવસ્થા શ્રી પંચ દશનામ જુના અખાડાના આચાર્ય મહામંડલેશ્વર સ્વામી અવધેશાનંદ ગિરી દ્વારા કરવામાં આવી હતી. પ્રયાગરાજમાં રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (NRLM)ના ડેપ્યુટી કમિશનર રાજીવ કુમાર સિંહે માહિતી આપી હતી કે જસરાથી નારી શક્તિ મહિલા પ્રેરણા સંકુલ સમિતિ દ્વારા પવિત્ર ગંગા જળનું પેકિંગ અને સપ્લાય કરવામાં આવી રહ્યું છે.સમિતિના પ્રભારી નમિતા સિંહે જણાવ્યું હતું કે સ્વ-સહાય જૂથે ત્રિવેણી સંગમના જળ ભરેલી ૫૦,૦૦૦થી વધુ બોટલોનું વિતરણ કર્યું છે. તેમાં તાજેતરમાં નાગપુરમાં શિવ શંભુ ગ્રુપ સોસાયટીને મોકલવામાં આવેલા શિપમેન્ટનો પણ સમાવેશ થાય છે. સ્થાનિક કન્સાઈનમેન્ટ ૫૦૦ મિલી બોટલોમાં મોકલવામાં આવ્યા હતાં, જ્યારે જર્મનીમાં કન્સાઈનમેન્ટ ૨૫૦ મિલી બોટલોમાં મોકલવામાં આવ્યાં હતાં.ફાયર વિભાગે યુપીના તમામ ૭૫ જિલ્લાઓમાં વિતરણમાં સહયોગ કર્યો હતો. બીજી તરફ ગુવાહાટીના પરમ શિવમ શિવ મંદિર યોગાશ્રમના સંત રાજા રામદાસ આસામથી એક ખાનગી ટેન્કર લઈને ત્રિવેણી સંગમ પહોંચ્યાં હતાં. પ્રયાગરાજ ચીફ ફાયર ઓફિસર પ્રમોદ શર્મા અને તેમની ટીમની મદદથી ટેન્કર ભરીને આસામ પાછું મોકલવામાં આવ્યું હતું.

### ન્યૂઝ બ્રિફ

## સંજય રાઉતે કહ્યું અમે સુપ્રીમ કોર્ટ નથી જવાના



। (એજન્સી) મુંબઈ, તા.૬ ।

વક્ફ બિલ પર I.N.D.I.A. ગઠબંધનના પક્ષકારો વચ્ચે કોઈ સર્વસંમતિ નથી કે તેઓએ તેનો વિરોધ કરવો જોઈએ કે સમર્થન કરવું જોઈએ. એક તરફ કોંગ્રેસ અને ડીએમકેએ સંસદ દ્વારા પસાર કરાયેલા આ બિલને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યું છે અને તેને ગેરબંધારણીય ગણાવ્યું છે, તો બીજી તરફ શિવસેના (ઉદ્ધવ જૂથ) જે I.N.D.I.A. ગઠબંધનનો ભાગ છે. તેમણે કહ્યું છે કે, 'બિલ સામે સુપ્રીમ કોર્ટમાં જશે નહીં.' જો કે, ઉદ્ધવ સેનાએ લોકસભા અને રાજ્યસભામાં આ બિલનો જોરદાર વિરોધ કર્યો હતો. પરંતુ હવે પાર્ટી કહે છે કે આ ફાઈલ હવે તેમના માટે બંધ છે. બિહારના કિશનગંજના કોંગ્રેસના સાંસદ મોહમ્મદ જાવેદે વક્ફ (સુધારા) બિલની બંધારણીયતાને સુપ્રીમ કોર્ટમાં પડકારી છે.

## સાવરકર અંગે ટિપ્પણીના મામલે અલ્લાહાબાદ હાઇકોર્ટે અરજી ફગાવી



। (એજન્સી) અલ્લાહાબાદ, તા.૬ ।

અલ્લાહાબાદ હાઈકોર્ટે રાહુલ ગાંધીને મોટો ઝટકો આપ્યો છે. વિનાયક દામોદર સાવરકર વિરુદ્ધ કથિત અપમાનજનક ટિપ્પણી મામલે અલ્લાહાબાદ હાઈકોર્ટની લખનઉ ખંડપીઠે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીને કોઈ પણ રાહત આપવાનો ઈનકાર કરી દીધો છે. કોર્ટે અરજી ફગાવી દેતા કહ્યું કે, રાહુલ ગાંધી પાસે તેમના સમન્સ સામે સેશન્સ કોર્ટ સમક્ષ સમીક્ષા અરજી દાખલ કરવાનો વિકલ્પ છે, તેથી હાલમાં આ કોર્ટના હસ્તક્ષેપની કોઈ જરૂર નથી.' આ આદેશ જસ્ટિસ સુભાષ વિદ્યાર્થીની સિંગલ પીઠે આપ્યો હતો.

## નોટોના બંડલ ભરેલું ATM મશીન ઉખાડીને લઈ ગયા ચોર



। (એજન્સી) નાગપુર, તા.૬ ।

મહારાષ્ટ્રના નાગપુરથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીંના માનકાપુર વિસ્તારમાં, ત્રણ ચોરોએ સવારે ૪ વાગ્યે એક ATM મશીન ચોરી લીધું. આ મશીનમાં ૭ લાખ રૂપિયા હતા. આ ઘટનાના સીસીટીવી સામે આવ્યા છે, જેમાં ચોરો ચોરી કરતા જોઈ શકાય છે. ૩ ચોરો પંજાબ નેશનલ બેંકના ATM મશીનની ચોરી કરીને ભાગી ગયા. ચોરો માનકાપુર ચોક ખાતે સ્થિત પંજાબ નેશનલ બેંકના એટીએમ મશીનની ચોરી કરી અને તેને પિકઅપ વાહનમાં મૂકીને ફરાર થઈ ગયા. પોલીસ પાસેથી મળેલી માહિતી મુજબ, એટીએમમાં ૭ લાખ ૫૮ હજાર રૂપિયાની રકમ હતી.

### AX-4 મિશન હેઠળ મેમાં ભરશે ઉડાન

## ગ્રૂપ કેપ્ટન શુભાંશુ શુક્લા અંતરિક્ષમાં રચશે ઈતિહાસ

### ભારતે શુભાંશુના બેક-અપ અંતરિક્ષયાત્રી તરીકે ગ્રુપ કેપ્ટન પ્રશાંત બાલકૃષ્ણન નાયરની પણ નિમણૂક કરી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૬ ।

ભારતીય વાયુસેનાના ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લા આંતરરાષ્ટ્રીય અવકાશ મથક (ISS) પર જનારા પહેલા ભારતીય અવકાશયાત્રી હશે. તેઓ મે ૨૦૨૫ માં ઉડાન ભરશે. આ યાત્રા એક્સિયમ મિશન ૪ (Ax-4) હેઠળ થશે, જેમાં શુક્લા એક્સિયમ સ્પેસ દ્વારા આયોજિત ખાનગી અંતરિક્ષ મિશનના સભ્ય હશે. શુભાંશુ શુક્લાનું અંતરિક્ષમાં જવું એ ભારતીય અંતરિક્ષ યાત્રા માટે એક મહત્ત્વપૂર્ણ પગલું છે.



ભારતીય અવકાશ એજન્સી ISRO ના "ગગનયાન" મિશનનો ભાગ બનવા માટે પણ તેમની પસંદગી કરવામાં આવી છે. ગગનયાન મિશન ભારતનું પ્રથમ માનવયુક્ત અંતરિક્ષ મિશન છે, જેમાં એક થી ત્રણ અંતરિક્ષયાત્રીઓ પૃથ્વીની નીચી ભ્રમણકક્ષામાં મુસાફરી કરશે. શુક્લાની એક્સિયમ મિશન ૪ ની યાત્રા ગગનયાન મિશન પહેલા એક મહત્ત્વપૂર્ણ અનુભવ સાબિત થશે. આ મિશનમાં શુક્લા સિવાય NASAના પૂર્વ અંતરિક્ષયાત્રી પેગી વ્હિટસન પણ મિશન કમાન્ડર તરીકે આ મિશનનો ભાગ બનશે અને પોલેન્ડના સ્લાવોસ ઉઝનાન્સ્કી વિસ્નીવસ્કી અને હંગેરીના ટિબોર કાપુ પણ આ મિશનનો ભાગ રહેશે. ભારતે શુભાંશુ શુક્લાના બેક-અપ અંતરિક્ષયાત્રી તરીકે ગ્રુપ કેપ્ટન પ્રશાંત બાલકૃષ્ણન નાયરની પણ નિમણૂક કરી છે. પરંતુ જો શુભાંશુ કોઈ કારણસર મિશન પર ન જઈ શકે, તો નાયર તેની જગ્યાએ ISS પહોંચશે. ભારતે શુભાંશુના બેક-અપ અંતરિક્ષયાત્રી તરીકે ગ્રુપ કેપ્ટન પ્રશાંત બાલકૃષ્ણન નાયરની પણ નિમણૂક કરી આ સાથે કોઈપણ અણધારી પરિસ્થિતિ માટે તૈયાર રહેવા માટે, અંતરિક્ષ મિશનમાં આ બેક-અપ પ્લાન સામાન્ય પ્રક્રિયા છે. એક્સિયમ મિશન ૪ (Ax-4) ફ્લોરિડાના કેનેડી સ્પેસ સેન્ટરથી લોન્ચ કરવામાં આવશે અને તેને સ્પેસએક્સ ડ્રેગન અવકાશયાન દ્વારા લઈ જવામાં આવશે. આ મિશનમાં અંતરિક્ષયાત્રીઓ ૧૪ દિવસ સુધી ISS પર રહેશે, જ્યાં તેઓ વૈજ્ઞાનિક અભ્યાસ, શિક્ષણ સાથે જોડાયેલી પ્રવૃત્તિઓ અને વ્યાપારી મિશન હાથ ધરાશે. આ મિશન એટલા માટે પણ મહત્ત્વ પૂર્ણ છે કારણ કે શુભાંશુ શુક્લા સાથે પોલેન્ડ અને હંગેરીના અંતરિક્ષયાત્રીઓ પણ પહેલીવાર ISS જશે.

### એક બાજુ વિશ્વ મંદીના ભણકારાથી ચિંતિત

## બીજી બાજુ ટ્રમ્પે કહ્યું, અમીર થવાનો સમય આવી ગયો

### ૨ એપ્રિલના રોજ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેર કરેલી રેસિપ્રોકલ ટેરિફ પોલિસીના કારણે અમેરિકન શેરબજારોમાં મંદીની સ્થિતિ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૬ ।

છેલ્લાં કેટલાક દિવસોથી અમેરિકન શેરબજારમાં હાહાકાર છે. મુખ્ય સૂચકાંકોમાં ઘટાડાના કારણે મંદીની આશંકા ઘેરી બની છે. જેના કારણે વૈશ્વિક રોકાણકારો ચિંતામાં છે. એવામાં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એક વિવાદાસ્પદ નિવેદન આપતાં કહ્યું છે કે હવે અમીર બનવાનો સમય છે, જેના કારણે બજારમાં વધુ અનિશ્ચિતતા ફેલાઈ છે. ૨ એપ્રિલના રોજ ટ્રમ્પે જાહેર કરેલી રેસિપ્રોકલ ટેરિફ પોલિસીના કારણે અમેરિકન શેરબજારોમાં મંદીની સ્થિતિ છે. વોલ સ્ટ્રીટ સતત બીજા દિવસે ફ્રી ફોલમાં ગઈ, જે કોવિડ પછીની સૌથી મોટી મંદી છે. વિશ્લેષકોના મતે આ વેપાર યુદ્ધ વૈશ્વિક અર્થવ્યવસ્થાને મંદી તરફ ધકેલી શકે છે. શુક્રવારે ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રિયલ એવરેજ ૫.૫% ઘટ્યો, જ્યારે S&P ૫૦૦ ઈન્ડેક્સ ૫.૯૭% ઘટ્યો. આ મોટા ઘટાડાથી રોકાણકારોના ફંડ અને પોર્ટફોલિયોમાં ભારે નુકસાન થયું છે. એજન્સી AFP અનુસાર, આ આર્થિક આંચકાથી અમેરિકાને લગભગ ૬ ટ્રિલિયન ડૉલરનું નુકસાન થયું છે. બજારના વિશ્લેષકોના મતે, ટેરિફને કારણે



ઉપભોક્તા ખર્ચમાં ઘટાડો થઈ રહ્યો છે અને કંપનીઓની કમાણીને અસર થઈ રહી છે. યુએસ સેન્ટ્રલ બેંકના ચેરમેને પણ ચેતવણી આપી છે કે ટેરિફ પોલિસી આર્થિક વૃદ્ધિને ધીમી કરી શકે છે અને ફુગાવો વધી શકે છે. આ ભયંકર આર્થિક પરિસ્થિતિ વચ્ચે ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રૂથ સોશિયલ પર લખ્યું, અમીર બનવાનો આ શ્રેષ્ઠ સમય છે - પહેલા કરતાં વધુ અમીર!!! તેમણે દાવો કર્યો હતો કે આ નવી ટેરિફ નીતિ યુએસ અર્થતંત્રને સુપરચાર્જ કરશે અને મોટી કંપનીઓ ટેરિફ વિશે ચિંતિત નથી. આ અંગે ટ્રમ્પે વધુમાં કહ્યું હતું કે, મોટા બિઝનેસ ટેરિફ વિશે ચિંતિત નથી કારણ કે તેઓ જાણે છે કે આ નીતિ કાયમી છે. જે આપણા અર્થતંત્રને સુપરચાર્જ કરશે. તેઓ માને છે કે આ ટેરિફ વિદેશી કંપનીઓને અમેરિકામાં ઉત્પાદન કરવા માટે પ્રોત્સાહિત કરશે, જેનાથી સ્થાનિક રોજગારમાં વધારો થશે.

### દોઢ વર્ષ જેલમાં રહ્યો ત્યાં પત્ની કોર્ટમાં જીવતી પહોંચી

## ચાર વર્ષ પહેલા ગુમ થયેલી પત્નીની હત્યાનો આરોપ પતિ પર લાગ્યો

। (એજન્સી) મૈસુર, તા.૬ ।

કર્ણાટકના મૈસુરમાં એક રસપ્રદ મામલો સામે આવ્યો છે. ચાર વર્ષ પહેલાં કુરૂબરા મલ્લિગે નામની એક મહિલા ગુમ થઈ ગઈ હતી. ઘણાં દિવસો સુધી મહિલાની ભાળ ન થતાં મહિલાના પરિવારે તેના પતિ સુરેશ પર કેસ કરી દીધો હતો. બાદમાં પોલીસે પત્નીના હત્યાના આરોપમાં સુરેશની ધરપકડ કરી દીધી હતી. આ મુદ્દે કોર્ટમાં કેસ ચાલી રહ્યો હતો અને આ દરમિયાન જેલમાં બંધ સુરેશના મિત્રએ પોતાની યાત્રા દરમિયાન કંઈક એવું જોયું જે ચોંકાવનારૂ હતું. તેણે પોતાનો મોબાઈલ બહાર કાઢીને વીડિયો અને ફોટા લીધા. આ વીડિયો અને તસવીર જોઈને તમામના પગ નીચેથી જાણે જમીન ખસી ગઈ હતી. હકીકતમાં જે પત્નીની હત્યાના આરોપમાં સુરેશ જેલમાં બંધ હતો, તે પોતાના પ્રેમી સાથે કોઈ અન્ય જગ્યાએ ફરતી હતી. જેલમાં બંધ સુરેશની પત્ની કુરૂબરા મલ્લિગે, જેને અત્યાર સુધી મૃતક માનવામાં આવી હતી. તે અચાનક સાડા ચાર વર્ષ બાદ જીવિત મળી. નોંધનીય છે કે, ૧૯ ઓક્ટોબર, ૨૦૨૦ના દિવસે મલ્લિગે અચાનક ગુમ થઈ ગઈ હતી. સુરેશ જ્યારે બીજા દિવસે જાગ્યો ત્યારે તે ઘરમાં નહતી. થોડા અઠવાડિયા બાદ સુરેશે કુશનગર ગ્રામીણ પોલીસ સ્ટેશનમાં પોતાની પત્ની ગુમ થઈ હોવાની ફરિયાદ નોંધાવી હતી. બીજીબાજું મહિલાના પરિવારે સુરેશ પર પત્નીની હત્યાનો આરોપ લગાવી કેસ દાખલ કર્યો હતો. થોડા સમય બાદ બેટ્ટાદરપુરા (પેરિયાપટ્ટના તાલુકા) વિસ્તારમાં એક મહિલાનું હાડપિંજર મળ્યું. પોલીસે તેને મલ્લિગેનું સમજીને સુરેશની ધરપકડ કરી લીધી અને હત્યાના મામલે ચાર્જશીટ દાખલ કરી દીધી હતી. સુરેશના વકીલે જણાવ્યું કે, પોલીસે DNA રિપોર્ટ આવે તે પહેલાં જ કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ કરી દીધી હતી. જોકે, હાડપિંજરની તપાસ માટે જ્યારે મલ્લિગેના લોહીના રિપોર્ટ લેવામાં આવ્યા ત્યારે DNA રિપોર્ટ મેચ ન થયો. જેથી, હાડપિંજર મલ્લિગેનો નહતો તેમ છતાં કોર્ટે સુરેશની ડિસ્ચાર્જ અરજી નકારી દીધી અને લગભગ છેલ્લાં દોઢ વર્ષથી સુરેશ જેલમાં કેદ હતો.

### દીકરીઓની આંખો ખોલી નાખતો કિસ્સો

## રોંગ નંબર પર પ્રેમ થયો, મા-બાપને મુકી ભાગી ગઈ

। (એજન્સી) કુશીનગર, તા.૬ ।

ઉત્તર પ્રદેશના કુશીનગરમાં એક લવ અફેરનો અનોખો કિસ્સો સામે આવ્યો છે. અહીં રહેતા યુવકે બિહારની રહેવાસી છોકરીને કોલ કર્યો. રોંગ નંબરવાળી આ યુવતી સાથે દોસ્તી થઈ ગઈ. બંને વચ્ચે ગાઢ મિત્રતા થતાં દોસ્તી પ્રેમમાં બદલાઈ ગઈ. પ્રેમ એટલો આગળ વધ્યો કે લગ્ન કરી નાખ્યા. બંને રાજીખુશી સાથે રહેવા લાગ્યા. પણ તે જ સમયે ડોક્યુમેન્ટમાં પત્નીને પતિનું આધાર કાર્ડ મળ્યું, જેને જોઈને એક ઝાટકે આખી જિંદગીના સપના વેરવિખેર થઈ ગયા. કુશીનગરના રહેવાસી મુસ્લિમ યુવકે બિહારની રહેવાસી યુવતીને હિન્દુ બનીને પ્રેમની જાળમાં ફસાવી અને પછી દગો આપી લગ્ન



કરી શારીરિક શોષણ કર્યું. થોડા દિવસ તો બધું ઠીકઠાક ચાલ્યું પણ બાદમાં મુસ્લિમ યુવકે તેના પર મુસ્લિમ ધર્મ અપનાવવાનું પ્રેશર બનાવ્યું. સાથે જ યુવતીને બુરખો પહેરવા અને ગૌમાંસ ખવડાવવાનો પ્રયાસ કર્યો. ત્રાસ એટલો વધી ગયો કે, કંટાળેલી યુવતી કુશીનગર એસપી પાસે મદદ માટે પહોંચી ગઈ અને પોલીસે આરોપી યુવક શમશેર ઉર્ફ ટાઈગરની ધરપકડ કરી જેલમાં મોકલી દીધો. પાડોશી રાજ્ય બિહારના જમુઈ જિલ્લાની રહેવાસી હિન્દુ યુવતીના મોબાઈલ પર એક અજાણ્યા યુવકનો કોલ આવ્યો. પહેલા તો ફોન પર થોડી વાતચીત કરી ફોન કટ થઈ ગયો. પણ બાદમાં ધીમે ધીમે કોલ કરવા અને મેસેજ કરવાનું શરૂ થયું. ફોન કરનારા યુવકે પોતાનું નામ હિન્દુ પર રાખેલું. ધીમે ધીમે ટાઈગરે યુવતીને પોતાની પ્રેમની જાળમાં ફસાવી. ત્યારબાદ યુવતીને વિશ્વાસમાં લઈને ભગાડીને લગ્ન કરી લીધા. અહીં સુધી તો બધી બરાબર હતું પણ બાદમાં ટાઈગર બનેલા શમશેરની અસલી ઔકાત સામે આવી ગઈ. હિન્દુ યુવતીને અંધારામાં રાખી લગ્ન કર્યા બાદ શારીરિક શોષણ કર્યું.

## ઈજાના કારણે ભારત સામે ટેસ્ટ સીરિઝ નહીં રમી શકે ફાસ્ટ બોલર ઓલી સ્ટોન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

IPL ૨૦૨૫ બાદ ભારત પાંચ મેચોની ટેસ્ટ સીરિઝ માટે ઈંગ્લેન્ડનો પ્રવાસ કરશે. આ સીરિઝ જૂનથી ઓગસ્ટ સુધી રમાશે. હવે આ સીરિઝ પહેલા ઈંગ્લેન્ડની ટીમને મોટો ઝટકો લાગ્યો છે. ભારત સામે આ સીરિઝ પહેલા ફાસ્ટ બોલર ઓલી સ્ટોન ઈજાગ્રસ્ત થઈ ગયો છે અને તેના માટે આ સીરિઝ રમવું મુશ્કેલ થઈ ગયું છે. આ સમાચારથી ઈંગ્લેન્ડ અને તેની કાઉન્ટી ટીમ નોટિંઘમશાયરને મોટો ઝટકો લાગ્યો છે. વાસ્તવમાં ૩૧ વર્ષીય ઓલી સ્ટોનને ઘૂંટણની ઈજા અને સર્જરી ઈંગ્લેન્ડ અને નોટિંઘમશાયર બંને માટે એક મોટો ઝટકો છે, ખાસ કરીને ભારત સામેની આગામી ટેસ્ટ સીરિઝને ધ્યાનમાં લેતા. તે નિરાશાજનક છે કે તેને વારંવાર ફિટનેસ સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે, કારણ કે તેની પાસે આંતરરાષ્ટ્રીય સ્તર પર યોગદાન આપવાની સંપૂર્ણ ક્ષમતા છે. તેણે અત્યાર સુધીમાં પાંચ ટેસ્ટ મેચ રમી છે. તે છેલ્લે ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં શ્રીલંકા સામે ટેસ્ટ રમ્યો હતો. અત્યાર સુધીમાં તે ટેસ્ટમાં ૧૭ વિકેટ ઝડપી ચૂક્યો છે. સ્કેનથી ખબર પડી કે તેને સર્જરીની જરૂર પડશે, જે આ જ અઠવાડિયે થશે. તેને ૧૪ અઠવાડિયા સુધી આરામ કરવાની સલાહ મળી છે. આવી સ્થિતિમાં ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડ અને નોટિંઘમશાયરની મેડિકલ ટીમ તેની ઈજા પર નજર રાખી રહી છે. હવે એવું માનવામાં આવે છે કે ભારત સામે ઈંગ્લેન્ડના પેસ આક્રમણ પર આની મોટી અસર પડશે. ખાસ કરીને જ્યારે માર્ક વુડ અને બ્રાયડન કાર્સે જેવા અન્ય ખેલાડીઓ પણ ઈજાગ્રસ્ત હોય.

## મુસ્લિમો બાદ RSSની નજર હવે ખ્રિસ્તીઓ પર : રાહુલ ગાંધી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

વક્ફ સુધારા બિલને સંસદે મંજૂરી આપી દીધી છે. લોકસભા બાદ રાજ્યસભામાં પણ વક્ફ સંશોધન બિલ ૨૦૨૫ પસાર કરવામાં આવ્યું હતું. જેમાં ૧૨૮ સાંસદોએ બિલની તરફેણમાં મતદાન કર્યું હતું જ્યારે ૯૫એ વિરોધ કર્યો હતો. પરંતુ વક્ફ બિલને લઈને કોંગ્રેસ અને અન્ય વિપક્ષ પાર્ટીઓ કેન્દ્ર સરકારની આલોચના કરી રહી છે. આ મામલે તેમનું કહેવું છે કે કાયદો મુસ્લિમ વિરોધી છે. તેમજ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પણ આ મુદ્દે સરકાર પર પ્રહાર કરી રહ્યા છે. વક્ફ બિલને લઈને રાહુલ ગાંધીએ X પર પોસ્ટ કરતા લખ્યું હતું કે આ કાયદાને લઈને હાલ તો મુસ્લિમો પર નિશાન સાધ્યું છે, પરંતુ ભવિષ્યમાં બાકીના સમુદાયને પણ આ કાયદો અસર કરી શકે છે. રાહુલ ગાંધીએ વક્ફ બિલ પર પોતાનો વિરોધ દર્શાવતા સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા, તેમજ તેમણે આ મામલે X પર પોસ્ટ કરતા લખ્યું હતું કે, મેં પહેલા જ કહ્યું હતું કે વક્ફ બિલ માત્ર મુસ્લિમોને જ નહીં પરંતુ અન્ય ધર્મોને પણ નિશાન બનાવવાનો માર્ગ મોકળો કરી શકે છે. હવે આરએસએસે ખ્રિસ્તી સમુદાય પર પણ ધ્યાન આપવાનું શરૂ કર્યું છે. આવા સમયે આપણું બંધારણ જ આપણને આવા હુમલાઓથી બચાવી શકે છે અને તેનું રક્ષણ કરવું આપણા સૌની જવાબદારી છે. આ મામલે રાહુલ ગાંધીએ વધુમાં કહ્યું હતું કે, RSS, BJP અને તેમના સાથી પક્ષો દ્વારા બંધારણ પરનો આ હુમલો આજે મુસ્લિમોને નિશાન બનાવે છે, પરંતુ ભવિષ્યમાં અન્ય સમુદાયોને નિશાન બનાવવા માટે એક દાખલો બનશે.

## મસ્જિદ કે કબ્રસ્તાનને કોઈ નુકસાન નહીં થાય

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

વક્ફ (સુધારા) બિલ આખરે લોકસભા અને રાજ્યસભા બંનેમાં પસાર થઈ ગયું. ભારે વિવાદ વચ્ચે હવે ભાજપના સાંસદ અને પૂર્વ કાયદા મંત્રી રવિશંકર પ્રસાદે કહ્યું કે આ બિલ મસ્જિદ અને કબ્રસ્તાન પર કોઈ અસર નહીં કરે. આ બિલ વક્ફ બોર્ડના કામકાજમાં પારદર્શકતા લાવશે. એક ઈન્ટરવ્યૂમાં રવિશંકર પ્રસાદે કહ્યું કે કોઈ મસ્જિદ કે પૂજા સ્થળ કે પછી કોઈ કબ્રસ્તાનને વક્ફ બિલથી નુકસાન થવાનું નથી. આ બિલના માધ્યમથી પારદર્શકતા વધશે અને વક્ફની સંપત્તિઓના નિરીક્ષણમાં સુધારો થશે. વક્ફ એક ધાર્મિક સંસ્થાન નથી પણ એક કાનૂની સંસ્થાન છે. વાત એકદમ સીધી છે કે વક્ફ બનાવનાર વકિફ (એ વ્યક્તિ જે વક્ફની સ્થાપના કરે છે) નો ઉદ્દેશ્ય યોગ્ય રીતે અમલમાં આવી રહ્યો છે કે નહીં? શું મુતવલ્લી (વક્ફના મેનેજર) યોગ્ય રીતે તેનું મેનેજમેન્ટ કરે છે કે નહીં? રવિશંકરે સ્પષ્ટતા કરી કે વક્ફની સંપત્તિ પર કોઈનો વ્યક્તિગત અધિકાર નથી કેમ કે વક્ફ બનાવ્યા બાદ એ સંપત્તિ અલ્લાહ નામે થઈ જાય છે. મુતવલ્લી ફક્ત નિરીક્ષક કે મેનેજર તરીકે કામ કરે છે.

# તંત્રી લેખ...

## લુઝ ડાયમંડ અને જ્વેલરીમાં અમેરિકાએ ૨૬ ટકા ટેરિફ ઝીંકતા બજારમાં 'પેરેલિસીસ'

લુઝ ડાયમંડ અને ડાયમંડ જ્વેલરીમાં અમેરિકાએ ૨૬ ટકા ટેરિફ ઝીંકી દેતા હવે શું થશે? તેની ચિંતામાં બજારને લકવો લાગ્યો હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું હોવાનું ભાવનગર હીરા ઉદ્યોગના આધારભૂત સૂત્રોએ જણાવ્યું હતું. સૂત્રોના જણાવ્યા પ્રમાણે રાજ્યમાં સુરત પછી ભાવનગર હીરા ઉદ્યોગનું મહત્વનું મથક છે અને આ વ્યવસાય મોટી સંખ્યામાં લોકોને રોજગાર આપે છે. સાવ સાદી ગણતરી જોઈએ તો દેશમાં જે કાચા હીરાની આયાત થાય છે તેને પોલિસ્ડ કરી નિકાસ કરવામાં આવે છે. આ ૯૫ ટકા પોલિસ્ડ હીરા અમેરિકા સહિતના વિવિધ દેશમાં એક્સપોર્ટ થાય છે. હવે અત્યાર સુધી લુઝ ડાયમંડ પર ટેરિફ હતો જ નહીં. જ્યારે ડાયમંડ જ્વેલરી પર ૬ ટકા ટેરિફ હતો. હવે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ૨૬ ટકા ટેરિફ લાદવાની ઘોષણા કરી છે. આ જાહેરાતથી લુઝ ડાયમંડ પર હવે ૨૬ ટકા જ્યારે ડાયમંડ જ્વેલરી પર ૩૨ ટકા ટેરિફ થયો છે. એક તરફ વર્તમાન સમયમાં હીરા ઉદ્યોગ ભિષણ મંદીના દૌરમાંથી પસાર થઈ રહ્યો છે. જેના પરિણામે આ ક્ષેત્રમાં ૬૦ ટકા જેટલો કારોબાર ઘટી ગયો છે. આમ, ૪૦ ટકા જેવો માંડ માંડ કારોબાર ચાલી રહ્યો છે. તો બીજી બાજુ આટલા ઊંચા ટેરિફના કારણે મંદીના વમળમાં ઘેરાયેલા હીરા ઉદ્યોગ માટે પડયા પર પાટું એ કહેવત જેવો ઘાટ સર્જાયો છે. આ તોતિંગ ટેરિફના કારણે નિકાસ થતા હીરાનું કોસ્ટીંગ ૨૬ ટકા જેવું ઊંચુ જશે. જેથી અમેરિકી માર્કેટમાં વેંચાણ પર વિપરિત અસર થવાની આશંકા વ્યવસાયકારોમાં પ્રવર્તી રહી છે. ત્યારે શું થશે ? એ ચિંતામાં હીરાના વ્યવસાયીઓએ હાલ લે-વેંચ કરવાનું બંધ કરતા હીરા બજાર પેરેલિસીસ જેવી સ્થિતિમાં પહોંચી ગયું છે.

## MSU બરોડા ખાતે ટેક્સટાઇલ અને ફેશન ક્ષેત્રે વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા, નવીનતા અને સશક્તિકરણનું ભવ્ય પ્રદર્શન



મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાના ફેમિલી એન્ડ કોમ્યુનિટી સાયન્સ ફેકલ્ટીમાં આજ રોજ ટેક્સટાઈલ અને ફેશન ડિઝાઇન ક્ષેત્રે ચાર મુખ્ય શૈક્ષણિક કાર્યક્રમોની એકસાથે ઉજવણી કરવામાં આવી, જેમાં વિદ્યાર્થીઓના શૈક્ષણિક, સર્જનાત્મક તથા સામાજિક યોગદાનને પ્રકાશિત કરતી વિવિધ પ્રદર્શનોનું આયોજન કરવામાં આવ્યું.

આ એક દિવસીય પ્રદર્શન આજે સવારે ૧૦:૦૦ વાગ્યાથી સાંજના ૭:૦૦ વાગ્યા સુધી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેકનોલોજી તથા ક્લોથિંગ એન્ડ ટેક્સટાઈલ વિભાગના પ્રથમ તથા દ્વિતીય માળ પર યોજાયું હતું. કાર્યક્રમમાં બ્લૂ પ્રિન્ટ, હસ્તકારી, કલાકૃતિ ૨૦૨૫ તથા વોગવર્સ ૨૦૨૫ શામેલ રહ્યા.

બ્લૂ પ્રિન્ટઃ ડિઝાઈન અને અભિવ્યક્તિનું સર્જનાત્મક મંચ

ટેક્સટાઈલ અને એપેરલ ડિઝાઈન પ્રોગ્રામ દ્વારા આયોજિત 'બ્લૂ પ્રિન્ટ'માં વિદ્યાર્થીઓએ વિવિધ ડિઝાઈન પ્રોજેક્ટ્સ, સંશોધન આધારિત પ્રસ્તુતિઓ અને હસ્તકલા ઉત્પાદનો રજૂ કર્યા. લાઈવ વણાટ, ફોટોગ્રાફી શો, વિઝ્યુઅલ ડીસ્પ્લે તથા વિદ્યાર્થીઓના પોર્ટફોલિયો તેમજ ઈન્ટરેક્ટિવ ગેમ્સ આ પ્રદર્શનમાં વિશેષ આકર્ષણનું કેન્દ્ર રહ્યા. પસંદગીના ઉત્પાદનો સ્થળ પર ખરીદ પણ કરી શકાય તેવું આયોજન કરવામાં આવ્યું હતું.

એસોસિયેટ ડારેક્ટર ડૉ. રીના ભાટિયાએ જણાવ્યું હતું કે, "બ્લૂ પ્રિન્ટ એ વિદ્યાર્થીઓની સર્જનાત્મક અભિવ્યક્તિ અને શિક્ષણની સફળ યાત્રાનો પ્રતિબિંબ છે."

હસ્તકારીઃ સમુદાય માટે શિક્ષણનું દાન

ક્લોથિંગ અને ટેક્સ્ટાઈલ વિભાગ દ્વારા આયોજિત 'હસ્તકારી' પ્રદર્શન તૃતીય વર્ષના **B.Sc.** વિદ્યાર્થીઓના ફિલ્ડ પ્લેસમેન્ટ કાર્યનો પરિણામરૂપ છે. વિદ્યાર્થીઓએ વડોદરા સ્થિત છ એનજીઓ સાથે સહકાર સાધી ૯૦ થી વધુ મહિલાઓ અને બાળકોને હસ્તકલા, ભરતકામ તથા ઉત્પાદન કૌશલ્યોમાં તાલીમ આપી. પ્રદર્શનમાં ૨૧ પ્રકારના આશરે ૩૦૦ ઉત્પાદનો – જેમ કે હોમ ડેકોર, ટેક્સટાઈલ એક્સેસરીઝ તથા કોર્પોરેટ ભેટો – દર્શાવવામાં આવ્યા.

આ પ્રદર્શનનું મુખ્ય ઉદ્દેશ શૈક્ષણિક શિક્ષણને સામાજિક અસર સાથે સંકલિત કરવું અને વાસ્તવિક જીવનકૌશલ્યો વિકસાવવાનું હતું.

કલાકૃતિ ૨૦૨૫ઃ વિચારોથી અસર સુધીની શૈક્ષણિક યાત્રા

'કલાકૃતિ ૨૦૨૫' હેઠળ અંડર ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ સ્તરના કુલ ૧૩૦ થી વધુ વિદ્યાર્થીઓએ પોતાનું શૈક્ષણિક અને સંશોધન કાર્ય રજૂ કર્યું. **NEP** આધારિત અભ્યાસક્રમોના ફલિત રૂપે, ૧૧૮ અંડર ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓએ વિવિધ વિષયો હેઠળ પોતાના પ્રોજેક્ટ્સ, મોડેલ્સ, ગ્રાફિક પ્રસ્તુતિઓ અને ઈન્ટરેક્ટિવ એક્ટિવિટીઝ દ્વારા પોતાના કૌશલ્યો રજૂ કર્યા.

સાથે જ, ૧૬ અનુસ્નાતક વિદ્યાર્થીઓએ ટેક્સટાઈલ વિજ્ઞાન, પરંપરાગત ટેક્સ્ટાઈલ વિકાસ અને ફેશન ઉદ્યોગ સાહસિકતામાં તેમના સંશોધન કાર્યો રજૂ કર્યા.

વોગવર્સ ૨૦૨૫ઃ ટેકનોલોજી અને ફેશન ડિઝાઈનનું ભવિષ્યલક્ષી વિઝન

ફેશન એન્ડ એપેરલ ટેકનોલોજી પ્રોગ્રામ દ્વારા આયોજિત 'વોગવર્સ ૨૦૨૫' પ્રદર્શનમાં વિદ્યાર્થીઓએ ટેકનિકલ અને ક્રિએટિવ ડિઝાઈનના ઉદ્ગમબિંદુઓ રજૂ કર્યા. **CAD** આધારિત ડિઝાઈન, કાર્યાત્મક કપડાં, હસ્તનિર્મિત નમૂનાઓ અને ઉદ્યોગ માટે ઉપયોગી ફેશન ઉકેલો અહીં દર્શાવવામાં આવ્યા.

એસોસિયેટ ડારેક્ટર ડૉ. હેમલતા રાવલે જણાવ્યું હતું કે, "વોગવર્સ ૨૦૨૫ એ એ વાતનો પુરાવો છે કે વિદ્યાર્થીઓ કેવી રીતે ટેક્નોલોજી અને સર્જનાત્મકતાને સંકલિત કરી શકે છે અને ઉદ્યોગની આવશ્યકતાઓ સાથે શૈક્ષણિક અભ્યાસને જોડે છે."

**આપણે ૮૪ લાખ યોનીની વાત કરી! હવે મનુષ્ય બન્યા પહેલાં એ બધાં જન્મોમાંથી પસાર થઈને આવ્યા છીએ**

# ૮૪ લાખ યોનીનાં જીવ સ્વધર્મ ચૂકતા નથી! પણ મનુષ્ય સ્વધર્મ ચૂકે છે, માટે રામ દૂર લાગે છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**આપણે પણ આ નવ દિવસ આપણાં ઘટમાં તત્વ રૂપે રામ ને જમાવવા કંઈક વિશિષ્ટ અભિયાન આદર્યું હતું! એટલે કે આપણું આ કુંડલીની જાગરણ નિમિત્તે કરાયેલું અનુષ્ઠાન કે અભિયાન સમાપ્ત થયું! યોગ એટલે ભોગ ઉપભોગ ત્યજીને સાધન વગર કરવામાં આવતી સાધના! કે જેમાં બધું જ ધારવાનું હોય છે! ઈશ્વર તત્વની પણ જ્યાં માત્ર ધારણા છે!**

સૌ પ્રથમ તો સિદ્ધી નહીં પણ શુદ્ધી માટે આદરેલા આ ચૈત્રી નવરાત્રીના અનુષ્ઠાનની પૂર્ણાહુતિ એ આપ સૌને મારા પ્રેમ પ્રણામ. માતાપિતાનાં ચીંધેલા માર્ગ પર ચાલીને સંસ્કાર નિભાવવાનો સંતોષ છે! મમ્મીનું પૂજા સમયનું નાનકડું વાક્ય, હે ઠાકોરજી માની લેજો! એટલે કે, અમે સંસારી છીએ એટલે નિયમ સંયમ તૂટે! પણ તમે એને નજર અંદાજ કરીને અમારો ભાવ જોજો.બીજું પપ્પા જમ્યા પછી રોજ બોલતા હે ઈશ્વર મીઠું રોટલી આપી રહેજે! ત્યારે એ પણ ન સમજાતું, પણ આજે સમજાય છે કે મીઠું રોટલી મળશે ત્યાં સુધી, સત્ય,નીતિ, અને પ્રમાણિકતા નહીં છોડું. તો એ રીતે એમને યાદ કરીને પ્રણામ પાઠવી વિષય તરફ આગળ વધીએ. અવશ્ય આવી શકાય ! તો ચાલો જરાં જુદી રીતે રામને તત્વતઃ સમજવા કોશિશ કરીએ, કારણ કે ત્રેતા યુગથી આ કળિયુગ સુધી દશરથ નંદન, કૌશલ્યા કુંવર, રામને તો આપણે દર રામનવમી એ જન્માવતા આવ્યા છીએ, પરંતુ અંતરમાં હજી એ રામ તત્વનો અનુભવ જોઈએ તેટલો થતો નથી. ગઈકાલે રામનવમી હતી અને સમગ્ર વિશ્વમાં રામ મંદિરમાં કે દરેક મંદિરમાં તેમજ દરેકના ઘરમાં રામ જન્મ મહોત્સવ ઉજવાયો, અને બાલ રામ અવતર્યા. રામનવમીના ચિંતનમાં આપણે જોયું હતુ કે ત્રેતાના એ કાળમાં રામ તત્વને વિશ્વ વંદનીય બનાવવા માટે શ્રીરામના અનુજ લક્ષ્મણ અને તેની પત્ની જાનકી ઉપરાંત હનુમાનજીનો અતુલ્ય ફાળો છે, અને આપણે પણ જો આપણા માનસમાં એને જન્માવવા હોય તો પળેપળની જાગૃતિ અને ભક્તિના એ પવિત્ર ભાવ અને દાસની દિનતા સુધી પહોંચવું પડે. શ્રીરામના જન્મ માટે દશરથ અને કૌશલ્યા બનવું બહુ જ અનિવાર્ય છે, પરંતુ આ બાલરામ ને શ્રીરામ બનાવવા માટે માતા કૈકેયી, માતા સુમિત્રા, જાનકી, ગુરુ વશિષ્ઠ ગુરુ વિશ્વામિત્ર,સુમંત્ર, ભરત, લક્ષ્મણ, અને એ ત્રણેયની પત્ની માંડવી, ઉર્મિલા, શ્રુત કિર્તી, અને મંથરા એવાં કેટલાંય ચરિત્રો અનિવાર્ય છે. પણ સાથે સાથે અયોધ્યાની પ્રજા અને ૧૪ વર્ષના વનવાસ દરમિયાન જેટલા જેટલા સાથે એમની મુલાકાત થઈ છે એ તમામ. આ ઉપરાંત હનુમાનજી સુગ્રીવ અંગદ જાંબુવંત નલ નીલ અને બીજા કેટલાય વાનર! સુતીષ્ણ માતા શબરી! અને રાવણ મંદોદરી, શૂર્પણખા, કુંભકર્ણ વિભીષણ મેઘનાદ અને બીજા પુત્રો! લંકામાં વસતા તમામ રાક્ષસો તેમજ હનુમાનજીના માર્ગના અવરોધ બનતા તમામ ચરિત્રો! આ વાતનું સમર્થન કરવા જરા જુદી રીતે ચિંતન કરીએ તો અમુક ચરિત્રો ગુણવર્ધક હતા તો અમુક ચરિત્રો અવગુણ ધરાવતા હતાં.પણ આજના સમયમાં આપણે રામ તત્વને કંઈ રીતે મુલવી શકીએ! અથવા તો આપણા ઘટમાં રામ તત્વ જન્મ્યું છે કે નહીં? એની ખાતરી



કઈ રીતે કરી શકીએ! તો આ ગુણ અવગુણ ધરાવતા બંને પક્ષોને જે સમાન દ્રષ્ટિએ જોવે, પરમાત્માની લીલાનું કારણ સમજી સૌ સાથે જે સમાન અનુબંધ બાંધી શકે એનામાં જ રામ તત્વ ઉજાગર થયું છે એ સાબિત થાય. આપણે પણ આ નવ દિવસ આપણાં ઘટમાં તત્વ રૂપે રામ ને જમાવવા કંઈક વિશિષ્ટ અભિયાન આદર્યું હતું! એટલે કે આપણું આ કુંડલીની જાગરણ નિમિત્તે કરાયેલું અનુષ્ઠાન કે અભિયાન સમાપ્ત થયું! યોગ એટલે ભોગ ઉપભોગ ત્યજીને સાધન વગર કરવામાં આવતી સાધના! કે જેમાં બધું જ ધારવાનું હોય છે! ઈશ્વર તત્વની પણ જ્યાં માત્ર ધારણા છે! એટલે કે હજી કોઈ ઠોસ પ્રતિતિ નથી. પણ જગત મિથ્યા છે, કે સંસાર સાર વગરનો છે, અથવા મારા જીવનનું નિયત કર્મ શું છે? સમગ્ર સૃષ્ટિ સંચાલનનું રહસ્ય શું છે? શું હું સાચે જ ૮૪ લાખ યોનીનું ભ્રમણ કરીને માનવ જન્મ સુધી પહોંચ્યો છું? આવાં કોઈ સવાલના જવાબ માટે જો યોગ સાધના કે આધ્યાત્મિક ચિંતનનો આરંભ થયો હોય તો એ ખરેખર કોઈ અનૂભૂતિ ગમ્ય પરિણામ આપે છે, અને સિદ્ધ નહીં પણ તત્વતઃ એ બ્રહ્મ સુધી પહોંચવા શુદ્ધિની જરુરત છે, એ સત્ય સુધી અવશ્ય પહોંચી શકાય છે. ઉપર આપણે ૮૪ લાખ યોનીની વાત કરી! હવે મનુષ્ય બન્યા પહેલાં એ બધાં જન્મો માંથી પસાર થઈને આવ્યા છીએ, કે મનુષ્ય માંથી માનવી ન બની શક્યા માટે હવે એ બધી શ્રેણીઓમાંથી પસાર થવાનું છે! એ આપણે જાણતા નથી. પરંતુ આપણી આસપાસની જીવસૃષ્ટિ ઉપરાંત અસંખ્ય કીટકો, પશુ, પંખીઓ, એકકોષી બહુકોષી ભૂચર, જળચર, અને જેની આપણને કલ્પના પણ ન હોય એવા તમામ જીવ થઈને ૮૪ લાખ થાય છે, એ વાત તો સાચી માની શકાય. પણ મને લાગે છે કે એ બધાં અન્ય જીવ જે સ્વરૂપે જન્મ્યા હોય એ જ સ્વરૂપે આખું જીવન જીવે છે. એટલે કે કીડી કીડી થઈને જ મરે છે, અને વાઘ વાઘ થઈને જ! પણ આપણી દિનચર્યા નું આપણે ચિંતન કરીએ તો મને લાગે છે કે મનુષ્ય એક જ જન્મમાં ૮૪ લાખ યોનીના જીવનાં સ્વરૂપને ક્યારેક ને ક્યારેક તો ધારણ કરી જ લે છે. ક્યારેક આપણે કુતરા જેમ ભસતાં હોઈએ છીએ, તો ક્યારેક બિલાડી જેમ ચૂપચાપ કોઈનું હજમ કરી જતાં હોઈએ છીએ, ઉંદર જેમ સારું ખરાબ વિચાર્યા વગર કાપકૂપ કરતાં હોઈએ છીએ, તો ક્યારેક ભેંસ જેમ આળસુ બની પડ્યા રહીએ છીએ! ક્યારેક સાપ જેમ ઝેર ઓકતા હોઈએ છીએ! હાં ક્યારેક ગાય બની સ્વાર્થ વગર અન્યનું પોષણ પણ કર્યું હશે, તો ક્યારેક તો સિંહ વાઘથી પણ વધુ હિંસક થઈ ઘાતકી બની ન કરવાં જેવું કરતાં હોઈએ છીએ! હાથી જેમ ઉદરમાં કેટલુંય નાખ્યું પણ ઉદાર ન બની શક્યા! બાકી અન્ય જતું અને કિટકની સંકુચિતતાથી નીંદા, કુથલી, ઈર્ષા, અને બીજા એ કેટલાય ભાવનો કચરો માનસમાં ભેગો કરતાં હોઈએ છીએ! જેમ જેમ ચિંતન કરતા જઈશું તેમ તેમ આપણા જીવનનાં એક પછી એક પાનાંઓ ખુલશે અને આપણી સામે આ સત્ય પ્રકાશિત થશે! અને આપણને ખ્યાલ આવશે કે આપણે સ્વધર્મ ચૂકી ગયા! એટલે કે કીડી કીડી તરીકે જ જન્મી હતી ને કીડી તરીકે જેનું મોત થયું. પરંતુ આપણી છેલ્લી અવસ્થામાં આપણે ક્યાં આંતર સ્વરૂપે હોઈશું, એ આપણે જાણતા નથી! અને એટલે જ હૃદયમાં રામ તત્વનો જન્મ થવો અનિવાર્ય છે! કારણકે આ એક જ તત્વ એવું છે, જે આપણને સ્વધર્મમાં રોકી રાખે છે. આપણને કુતરા, બિલાડા, કે ઉંદર, ગરોળી, સાપ, ભેંસ, ગધેડા, જેવી શ્રેણીમાં જતા રોકે છે, અને એ જ રીતે માનસની સંકુચિતતા પણ ઘટે છે, એટલે કીડી, મકોડા, માખી, મચ્છર, જેવી માનસિકતા પણ ઓછી થતી જાય છે. આપણે મનુષ્યમાંથી માનવી ન બની શક્યાં એ માટેનું એક કારણ વિજ્ઞાન પણ છે! આપણે આપણી સુખ સુવિધા વધારવા માટે એવી એવી શોધ કરી કે જેને કારણે આપણી દ્રષ્ટિ ભોગમાંથી યોગ તરફ ગઈ જ નહીં! હા ચોક્કસ સમયે સમયે ધાર્મિક મેળાવડા કર્યા, તહેવારો ઉજવ્યા, ઘરમાં દેવી-દેવતાઓના ફોટા રાખ્યા, નિયત સમયે ધૂપ દીપ કર્યા. નિયમ અનુસાર નામ કે જાપ પણ કર્યા, પરંતુ એ બધું જ કરવા ખાતર કર્યું, હોવાથી પરિણામ એટલું ફળદાયી મળ્યું નહીં, અને આપણે મનુષ્યમાંથી માનવી બની શક્યા નહીં! બાપુ કહે છે તેમ આ યુગ તો પ્રેમયુગ છે! આ યુગ તો કથા યુગ છે! આપણી વ્યથા ભૂલ્યા વગર કથાનું મહત્વ સમજાતું નથી, તો વ્યથાનું દામન પકડી બહુ જીવ્યાં, અને સંજોગોના ખૂબ રોદણાં રોયાં, હવે એ છેડો જ ફાડી નાખીએ કે જે સતત વેદના આપે છે, એટલે કે ભૂતકાળની એ તમામ સ્મૃતિઓ ભૂલીને, વર્તમાનમાં સ્થિર થઈએ કે હજી આપણે શું કરી શકીએ તેમ છીએ? અને એવા એક નવા અભિગમ દ્વારા અંતરમાં રામ તત્વને આપણે સૌ જન્માવીને પુરા વિશ્વમાં શાંતિનું સામ્રાજ્ય સર્જી શકીએ તેમ છીએ, તો એ તરફ આપણા ડગલા પડે, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર જાણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**મુખ્ય ભૂમિકા તરીકે તેમની પહેલી મોટી સફળતા ૧૯૬૪ માં રાજ ખોસલાની રહસ્યમય થ્રિલર ફિલ્મ "વો કૌન થી?" સાથે મળી**

# ફિલ્મી મહાન કલાકાર "ભારત" મનોજકુમારની ૮૭ વર્ષે આ ફાની દુનિયાને અલવિદા



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**૧૯૭૦ના દાયકાના મધ્યમાં મનોજ કુમારનો શિખરો આવ્યો, જ્યારે તેમણે સતત ત્રણ મોટી બ્લોક બસ્ટર ફિલ્મો આપી, આ ફિલ્મની શરૂઆત સામાજિક નાટક "રોટી કપડા ઔર મકાન" થી થઈ, જેનું દિગ્દર્શન પણ તેમણે જ કર્યું હતું, મનોજ કુમાર ઉપરાંત, આ ફિલ્મમાં શશી કપૂર, અમિતાભ બચ્ચન, ઝીનત અમાન અને મૌસ્મી ચેટર્જી પણ હતા, ૧૮ ઓક્ટોબર ૧૯૭૪ ના રોજ રિલીઝ થયેલી, આ ફિલ્મ વર્ષની સૌથી મોટી હિટ ફિલ્મ તરીકે ઉભરી આવી.**

ફિલ્મી ચાહકોએ ગઈકાલે એક મહાન કલાકાર મનોજ કુમાર ભારત ને ગુમાવ્યા ત્યારે આપણે તેમના વિશે થોડું જાણીએ. હરિકૃષ્ણાગિરિ ગોસ્વામી એટલે ફિલ્મ જગતના મનોજકુમારનો જન્મ જુલાઈ ૨૪, ૧૯૩૭ના રોજ થયો હતો .એ ભારતના ચલચિત્ર કલાકાર અને બોલીવુડ ચલચિત્ર નિર્માતા હતા. તેઓ તેમનાં ચલચિત્રો હરિયાલી ઓર રાસ્તા, વો કોન થી?, હિમાલય કી ગોદ મેં, દો બદન, ઉપકાર, પથ્થર કે સનમ, નીલ કમલ, પુરબ ઓર પશ્ચિમ, રોટી કપડા ઓર મકાન, અને ક્રાંતિ માટે જાણીતા હતા. તેઓ દેશભક્તિ સંબંધિત ચલચિત્રોમાં અભિનય અને નિર્દેશન માટે જાણીતા હતા, અને "ભારત કુમાર" ના હુલામણાં નામે જાણીતાં છે. ૧૯૯૨-૯૩માં તેમને ભારત સરકાર તરફથી પદ્મશ્રીનો પુરસ્કાર પ્રાપ્ત થયો હતો.મનોજ કુમારનો જન્મ અબોટ્ટાબાદ નગર ખૈબર પશ્તુનહવા પ્રાંત (પૂર્વે નોર્થ- વેસ્ટ ફ્રન્ટિયર પ્રોવિન્સ)પાકિસ્તાન માં થયો હતો.તેમનું મૂળ નામ હરિકૃષ્ણાગિરિ ગોસ્વામી હતુ. જ્યારે તેઓ ૧૦ વર્ષના હતાં, ત્યારે તેમનું કુટુંબ વિભાજન વખતે દિલ્હી આવી ગયું હતું. તેમનું કુટુંબ વિજય નગર અને કિંગ્સ્વે કેમ્પમાં શરણાર્થી તરીકે રહ્યું અને ત્યારે બાદ નવી દિલ્હી ના પટેલ નગર વિસ્તારમાં સ્થાયી થયું. દિલ્હી યુનિવર્સિટીની હિન્દુ કોલેજમાંથી સ્નાતક થયા બાદ તેમણે ફિલ્મ ઉદ્યોગમાં દાખલ થવાનું નક્કી કર્યું. યુવાનીમાં તેઓ દિલીપ કુમારના પ્રશંસક હતા,અને તેમનું નામ દિલીપ કુમારના ચલચિત્ર શબનમ (૧૯૪૯) ના પાત્રના નામ ઉપરથી મનોજ કુમાર રાખવાનું નક્કી કર્યું. ફેશન (૧૯૫૭)માં નાનકડું પાત્ર ભજવ્યા બાદ, મનોજ કુમારે કાંચ કી ગુડિયા (૧૯૬૦)માં સાયેદા ખાન સાથે અગ્ર પાત્ર ભજવ્યું. પિયા મિલન કી આસ અને રેશમી રુમાલ ચલચિત્રો એ વિજય ભટ્ટ દ્વારા દિગ્દર્શિત હરિયાલી ઓર રાસ્તા (૧૯૬૨)માં માલાસિંહા સાથે તેમનો તપ્નો ગોઠવ્યો. સાધના સાથે તેમણે વો કોન થી (૧૯૬૪)માં અભિનય કર્યા બાદ, વિજય ભટ્ટ અને માલા સિંહા સાથે હિમાલય કી ગોદ મેં (૧૯૬૫ ફરી કામ કર્યું. મનોજ કુમાર અને રાજ ખોસલાએ કલાકાર દિગ્દર્શક તરીકે દો બદન ચલચિત્રમાં સફળતા મેળવી, જે રાજ ખોસલાનાં ઉત્તમ દિગ્દર્શન, મનોજ કુમાર અને આશા પારેખ નાં અભિનયો અને રવિના સંગીત, શકીલ બદાયુનીનાં ગીત માટે જાણીતું બન્યું હતું.ફેશન (૧૯૫૭) માં બહુ ઓછી નોંધાયેલી શરૂઆત કર્યા પછી , ત્યારબાદ સહારા (૧૯૫૮), ચાંદ (૧૯૫૯) અને હનીમૂન (૧૯૬૦) જેવી ફિલ્મોમાં ભૂલી જતી ભૂમિકાઓ કર્યા પછી , તેમણે કાંચ કી ગુડિયા (૧૯૬૧)માં તેમની પહેલી મુખ્ય ભૂમિકા ભજવી . ત્યારબાદ પિયા મિલન કી આસ (૧૯૬૧), સુહાગ સિંદૂર (૧૯૬૧), રેશમી રુમલ (૧૯૬૧) આવી, પરંતુ આમાંથી મોટાભાગની ફિલ્મોનો કોઈ પત્તો લાગ્યો નહીં.પહેલી મોટી વ્યાપારી સફળતા ૧૯૬૨માં વિજય ભટ્ટની માલા સિંહા સામે હરિયાળી ઔર રાસ્તા સાથે મળી હરિયાળી ઔર રાસ્તાની સફળતા પછી શાદી (૧૯૬૨), ડૉ. વિદ્યા (૧૯૬૨) અને ગ્રહસ્તી (૧૯૬૩) આવી,જે ત્રણેય ફિલ્મો બોક્સ ઓફિસ પર સારી રહી. મુખ્ય ભૂમિકા તરીકે તેમની પહેલી મોટી સફળતા ૧૯૬૪ માં



રાજ ખોસલાની રહસ્યમય થ્રિલર ફિલ્મ "વો કૌન થી?" સાથે મળી . આ ફિલ્મ સુપરહિટ બની, જેનું શ્રેય મદન મોહન દ્વારા રચિત "લગ જા ગલે" અને "નૈના બરસે રિમઝીમ" જેવા મદન મોહન દ્વારા રચિત મધુર ગીતોને આપવામાં આવ્યું ૧૯૬૫નું વર્ષ કુમાર માટે ખૂબ જ મોટું હતું, કારણ કે તેનાથી તેમના સ્ટારડમનો ઉદય થયો હતો. તેમની પહેલી રિલીઝ દેશભક્તિ નાટક શહીદ હતી, જે સ્વતંત્રતા ક્રાંતિકારી ભગત સિંહના જીવન પર આધારિત હતી. તેને વિવેચકો તેમજ ભારતના તત્કાલીન વડા પ્રધાન લાલ બહાદુર શાસ્ત્રી તરફથી ખૂબ જ સકારાત્મક પ્રતિસાદ મળ્યો હતો, અને બોક્સ ઓફિસ પર તે સફળ રહી હતી. આ પછી રોમેન્ટિક ડ્રામા ફિલ્મ "હિમાલય કી ગોડ મેં" આવી , જે બ્લોકબસ્ટર હતી જેણે તેમને એક મજબૂત સ્ટાર બનાવ્યા. વર્ષના અંત પહેલા, તેમણે રહસ્યમય થ્રિલર "ગુમનામ" સાથે બીજી એક મોટી હિટ ફિલ્મ બનાવી. ૧૯૬૬ માં સફળતાનો સિલસિલો ચાલુ રહ્યો, જ્યારે તેઓ આશા પારેખ સાથે " દો બદન" માટે ખોસલા સાથે ફરી જોડાયા . આ ફિલ્મ ખોસલાના દિગ્દર્શન, કુમારના અભિનય અને ગીતકાર શકીલ બદાયુની દ્વારા લખાયેલા ગીતો માટે યાદ કરવામાં આવી હતી, જેમાં મોહમ્મદ રફી દ્વારા ગાયેલું "રાહા ગર્દીશોં મેં" અને લતા મંગેશકર દ્વારા એકલ ગીત "લો આ ગયી ઉનકી યાદ" નો સમાવેશ થાય છે.તેણે શક્તિ સામંતની સાવન કી ઘાટામાં શર્મિલા ટાગોર સાથે અભિનય કરીને તે વર્ષે બીજી હિટ ફિલ્મ આપી હતી. ૧૯૬૫ના ભારત-પાકિસ્તાન યુદ્ધ પછી, વડા પ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીએ તેમને લોકપ્રિય સૂત્ર "જય જવાન જય કિસાન ("સૈનિકને સલામ કરો, ખેડૂતને સલામ કરો") પર આધારિત ફિલ્મ બનાવવા કહ્યું. તેનું પરિણામ તેમની દિગ્દર્શક તરીકેની શરૂઆત, દેશભક્તિ નાટક " ઉપકાર" (૧૯૬૭) માં આવ્યું.તે વિવેચકોની પ્રશંસા માટે ખુલ્યું અને તે વર્ષે બોક્સ ઓફિસ ચાર્ટમાં ટોચ પર રહ્યું, આખરે ઓલ ટાઈમ બ્લોકબસ્ટર તરીકે ઉભરી આવ્યું .તેનું સંગીત ૧૯૬૦ના દાયકાનું છઠ્ઠું સૌથી વધુ વેચાતું હિન્દી ફિલ્મ આલ્બમ હતું.ઉપકારનું એક ગીત , " મેરે દેશ કી ધરતી " દર વર્ષે ભારતમાં પ્રજાસત્તાક દિવસ અને સ્વતંત્રતા દિવસની ઉજવણી દરમિયાન વગાડવામાં આવે છે.આ ફિલ્મે કુમારને બીજા શ્રેષ્ઠ ફીચર ફિલ્મ માટે રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર તેમજ તેમનો પ્રથમ ફિલ્મફેર શ્રેષ્ઠ દિગ્દર્શક પુરસ્કાર જીત્યો .તેમની આગામી ફિલ્મ, પથ્થર કે સનમ પણ ખૂબ જ સફળ રહી, પરંતુ સાધના સાથે અનિતા નિષ્ફળ ગઈ. ૧૯૬૮ માં, તેમણે નીલ કમલમાં રાજ કુમાર અને વહીદા રહેમાન સાથે સહ-અભિનય કર્યો . તે જ વર્ષે, તેઓ રહેમાન સાથે આદમી માટે ફરી જોડાયા , જેમાં દિલીપકુમાર પણ મુખ્ય ભૂમિકામાં હતા.નીલ કમલે બોક્સ ઓફિસ પર બ્લોકબસ્ટર સાબિત થઈ, ૧૯૬૮ની ત્રીજી સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની. આદમીએ પણ સારો વ્યવસાય કર્યો, અને તેના અંત સુધીમાં તેને અર્ધ-હિટ જાહેર કરવામાં આવી. ૧૯૬૯માં રાજેશ ખન્નાનો ઉદય થયો, જેમણે આરાધના અને દો રાસ્તેમાં એક પછી એક બ્લોકબસ્ટર ફિલ્મોથી દેશને ધૂમ મચાવી દીધી . તે વર્ષે કુમારની એકમાત્ર રિલીઝ મોહન સેહગલ ની હેપ્પી ગો લવલી (૧૯૫૧) રૂપાંતરણ સાજન હતી જેમાં પારેખ સાથે સહ-અભિનેતા હતા. આ ફિલ્મ સુપરહિટ રહી હતી, અને તે વર્ષની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મોમાં દસમા ક્રમે હતી. ૧૯૭૦માં કુમાર "પૂરબ ઔર પશ્ચિમ" ફિલ્મ સાથે દેશભક્તિના વિષયો પર પાછા ફર્યા , જેમાં પૂર્વ અને પશ્ચિમના જીવનને એક સાથે જોડવામાં આવ્યું. તે ભારત અને વિદેશ બંનેમાં એક વિશાળ બ્લોકબસ્ટર સાબિત થઈ. યુનાઈટેડ કિંગડમમાં , આ ફિલ્મ ૧૯૭૧માં રિલીઝ થઈ હતી અને લંડનમાં ૫૦ અઠવાડિયાથી વધુ ચાલી હતી.તેણે યુકેમાં ફ૨૮૫,૦૦૦ની કમાણી કરી હતી, જે ૨.૫ મિલિયનની સમકક્ષ હતી. તેણે દો રાસ્તેનો યુકે બોક્સ ઓફિસ રેકોર્ડ તોડી નાખ્યો હતો , જે એક વર્ષ અગાઉ યુકેમાં રિલીઝ થયો હતો. પૂરબ ઔર પશ્ચિમે ૨૩ વર્ષ સુધી યુકે રેકોર્ડ જાળવી રાખ્યો હતો, જ્યાં સુધી તે ૧૯૯૪માં "હમ આપકે હૈ કૌન" દ્વારા તોડી ન શકાય. ૧૯૭૦માં તેમની અન્ય રિલીઝ "યાદગાર", "પહેચાન" અને "મેરા નામ જોકર" હતી. પહેલી ફિલ્મ બોક્સ ઓફિસ પર નિષ્ફળ ગઈ હતી, પરંતુ રાજ કપૂરની ફિલ્મ મેરા નામ જોકર ( જેમાં તેમણે સહાયક ભૂમિકા ભજવી હતી) રિલીઝ સમયે નિષ્ફળ ગઈ હતી, પરંતુ સમય જતાં અને વિશ્વ સિનેમામાં ભારતીય સામગ્રીની વધતી જતી દશ્યતા સાથે તેને કલ્ટ સ્ટેટસ મળ્યું હતું.૧૯૭૧માં બલિદાન સાથે મધ્યમ સફળતા મેળવ્યા પછી , તેમણે સોહનલાલ કંવરની ફિલ્મ બે-ઈમાનમાં અભિનય કર્યો અને શોરમાં દિગ્દર્શન અને અભિનય કર્યો, જ્યારે બે-ઈમાન બ્લોક બસ્ટર હતી, ત્યારે નંદાની ફિલ્મ હિટ રહી હતી અને તેને વિવેચકો તરફથી સકારાત્મક પ્રતિસાદ મળ્યો હતો. તેમાં લતા મંગેશકર અને મુકેશ દ્વારા રચિત યુગલગીત "એક પ્યાર કા નગ્મા હૈ" યાદગાર ગીત હતું, જે લક્ષ્મીકાંત- પ્યારે લાલ દ્વારા રચિત હતું અને સંતોષ આનંદ દ્વારા લખાયેલું હતું . મનોજકુમારે બે-ઈમાન ફિલ્મ માટે શ્રેષ્ઠ અભિનેતાનો પ્રથમ અને એકમાત્ર ફિલ્મફેર પુરસ્કાર જીત્યો, તેમજ શોર ફિલ્મ માટે શ્રેષ્ઠ સંપાદનનો ફિલ્મફેર પુરસ્કાર પણ જીત્યો. ૧૯૭૦ના દાયકાના મધ્યમાં મનોજ કુમારનો શિખરો આવ્યો, જ્યારે તેમણે સતત ત્રણ મોટી બ્લોક બસ્ટર ફિલ્મો આપી. આ ફિલ્મની શરૂઆત સામાજિક નાટક "રોટી કપડા ઔર મકાન" થી થઈ, જેનું દિગ્દર્શન પણ તેમણે જ કર્યું હતું.મનોજકુમાર ઉપરાંત, આ ફિલ્મમાં શશી કપૂર , અમિતાભ બચ્ચન , ઝીનત અમાન અને મૌસ્મી ચેટર્જી પણ હતા, ૧૮ ઓક્ટોબર ૧૯૭૪ના રોજ રિલીઝ થયેલી, આ ફિલ્મ વર્ષની સૌથી મોટી હિટ ફિલ્મ તરીકે ઉભરી આવી અને તેના અંત સુધીમાં તેને ઓલ ટાઈમ બ્લોકબસ્ટરનો એવોર્ડ મળ્યો.

### આ પહેલાં નીનાએ ઇન્ટરવ્યુમાં ફેમિનિઝમને ફાલતુ ગણાવ્યું હતું

# સ્ત્રી તરીકે જન્મ લેવો એ એક શાપ છે : નીના

નીના ગુપ્તા પોતાના વિચારો ખુલીને વ્યક્ત કરવા માટે જાણીતાં છે. થોડા વખત પહેલાં તેમણે ફેમિનિઝમની વિચારધારાને ફાલતુ ગણાવતા તેમનો આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. હવે તેમણે પોતાના શબ્દો બાબતે તકેદારી રાખતાં કહ્યું કે મહિલાઓએ અંદરથી મજબુત થવાની વાત છે. સાથે તેમણે એમ પણ કહ્યું કે સ્ત્રી તરીકે જન્મ લેવો એ એક શાપ સમાન છે. સ્ત્રીઓને સામાન્ય રીતે જે ક્રુરતાઓનો ભોગ બનવું પડે છે, તે અંગે પણ વાત કરી હતી. એક યુટ્યુબર સાથેની પોડકાસ્ટમાં નીના ગુપ્તાએ કહ્યું કે હું કોઈ વિવાદમાં પડવા માગતી નથી. છતાં ફેમિનિઝમ પરના પોતાના વિચારે અંગે તેમને પૂછવામાં આવ્યું હતું. નીના ગુપ્તાએ કહ્યું કે ફેમિનિઝમ એટલે સ્ત્રીઓએ અંદરથી મજબુત રહેવું. નીના ગુપ્તાએ આગળ કહ્યું, ‘‘હું જે ઈચ્છું એ શક્ય નથી. હું ઈચ્છું છું કે એ લોકો સુરક્ષિત રહે પણ એ શક્ય નથી. લોકો કહે છે મહિલાઓને શિક્ષિત કરો. જો તમે એમને શિક્ષિત કરશો તો, એમને નોકરી પણ કરવી પડશે, ખાસ કરીને ગરીબ સ્ત્રીઓ. સ્થિતિ એટલી દુઃખદ છે કે મારા રુંવાડા ઉભા થઈ જાય છે.’’ વાસ્તવિકતા જાણવા છતાં આશાવાદી રહેવા અંગે નીનાએ કહ્યું, ‘‘હું વાસ્તવિકતા જાણતી હોય તો આશાવાદી કઈ રીતે રહી શકું. આ એક શાપ છે. મહિલાઓ સાથે ઝૂંપડાઓમાં શું થાય છે? મારે તો નિરાકરણ જોઈએ છે. પણ મને સૂઝતું નથી.’’



# ઈદ પાર્ટીમાં અક્ષયના પુત્ર આરવ ભાટિયાએ એક રહસ્યમય છોકરી સાથે શો ચોરી લીધો

**ભૂતકાળમાં એક ઇન્ટરવ્યુમાં, અક્ષય કુમારે ગર્વથી શેર કર્યું હતું કે આરવને ફિલ્મો કરતાં ફેશન ડિઝાઇનમાં વધુ રસ છે**



હુમા કુરેશીની ભવ્ય પાર્ટીમાં આરવ ભાટિયા ભાગ્યે જ જાહેરમાં દેખાયા હતા. તેમના આગમનથી ઝડપથી લોકોનુ ધ્યાન ખેંચાયું. પ્રખ્યાત બોલિવૂડ કપલ અક્ષય કુમાર અને ટ્વિંકલ ખન્નાના પુત્ર આરવ ભાટિયાએ હુમા કુરેશીની ભવ્ય પાર્ટીમાં ભાગ્યે જ જાહેર હાજરી આપી હતી. તેના આગમનથી ઝડપથી લોકોનું ધ્યાન ખેંચાયું. એક હાઈ-પ્રોફાઈલ પાર્ટીમાં એક રહસ્યમય સાથી સાથે સ્ટાર કિડના અણધાર્યા દેખાવથી ચાહકો તેના અંગત જીવન વિશે આશ્ચર્યચકિત થઈ ગયા છે. આરવ સ્ટાઈલિશ છતાં ઓછા દેખાતા કાળા પોશાકમાં સજ્જ હતો. બંને પાપારાઝી માટે સાથે આવતા અને હસતા જોવા મળ્યા. બંને એકબીજા સાથે આરામદાયક અનુભવતા જોવા મળ્યા અને જ્યારે તેઓ કારમાંથી બહાર આવ્યા, ત્યારે આરવ યજમાન માટે ભેટ લઈને આવ્યો. ઘણા સમય પછી, આરવ અને રહસ્યમય મહેમાન પાર્ટીમાંથી બહાર નીકળતા કેમેરામાં કેદ થયા, તેઓ એકસાથે હળવા અને ખુશ દેખાતા હતા. આનાથી ચાહકોને આશ્ચર્ય થયું કે શું તેઓ ફક્ત મિત્રો કરતાં વધુ છે. એક સુપરસ્ટારનો પુત્ર હોવા છતાં, આરવ હંમેશા લો પ્રોફાઈલ રાખે છે અને લાઈમલાઈટથી દૂર રહે છે અને તેને મનોરંજન ઉદ્યોગમાં કોઈ રસ નથી અને તે ભાગ્યે જ જાહેરમાં દેખાય છે. ભૂતકાળમાં એક ઈન્ટરવ્યુમાં, અક્ષય કુમારે ગર્વથી શેર કર્યું હતું કે આરવને ફિલ્મો કરતાં ફેશન ડિઝાઈનમાં વધુ રસ છે. તેણે કહ્યું, ‘‘ટ્વિંકલ અને મેં આરવને જે રીતે ઉછેર્યો છે તેનાથી હું ખુશ છું; તે ખૂબ જ સરળ છોકરો છે.

# આ ફિલ્મમાં દીપિકા પાદુકોણ રણબીર કપૂર સાથે સ્ટીમી રિયુનિયન માટે તૈયાર છે?

**અહેવાલો સૂચવે છે કે આ ફિલ્મ કલાકારો વચ્ચેના પ્રેમ ત્રિકોણને દર્શાવશે**




સંજય લીલા ભણસાલી દ્વારા દિગ્દર્શિત રણબીર કપૂર, આલિયા ભટ્ટ અને વિકી કૌશલની ફિલ્મ ‘‘લવ એન્ડ વોર’’ એ તેના સ્ટાર-સ્ટડેડ કાસ્ટને કારણે નોંધપાત્ર ચર્ચા જગાવી છે. અહેવાલો સૂચવે છે કે આ ફિલ્મ કલાકારો વચ્ચેના પ્રેમ ત્રિકોણને દર્શાવશે, જે પડદા પર તીવ્ર લાગણીઓ લાવશે. એવી અટકળો ઉભરી આવી છે કે દીપિકા પાદુકોણ ફિલ્મમાં મહેમાન ભૂમિકા ભજવી શકે છે, જેમાં તે રણબીર કપૂર સાથે એક મજેદાર દ્રશ્ય શેર કરી શકે છે . ફિલ્મ શિલ્મીના અહેવાલ મુજબ, દીપિકા ‘‘ રણબીર કપૂર સાથે ૪૦ મિનિટના રોલ માટે વિચારણા હેઠળ છે.’’ અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે સૂત્રો સૂચવે છે કે દીપિકા અને રણબીર ‘‘મજેદાર રોમેન્ટિક દ્રશ્યોમાં’’ જોવા મળી શકે છે, જેના કારણે સેન્સર બોર્ડ તરફથી ‘છ’ પ્રમાણપત્ર મળી શકે છે. દીપિકા પાદુકોણે હજુ સુધી આ ફિલ્મ સાઈન કરી નથી, પરંતુ તે આ ઓફર પર વિચાર કરી રહી હોવાના અહેવાલ છે. પોર્ટલે લખ્યું, ‘‘ગેહરૈયાંમાં બોલ્ડ થીમ્સ શોધવા છતાં, આ ભૂમિકા એક પડકારજનક પગલું હોવાનું કહેવાય છે અને તે નિર્ણય લેવામાં સમય લઈ રહી હોવાના અહેવાલ છે.’’ જોકે, એ નોંધવું મહત્વપૂર્ણ છે કે આ અટકળો છે, અને તેની કોઈ સત્તાવાર પુષ્ટિ નથી. ‘‘લવ એન્ડ વોર’’ વિશે, આલિયા ભટ્ટે અગાઉ ન્યૂઝ૧૮ શોશા સાથેના એક ઈન્ટરવ્યુમાં આ પ્રોજેક્ટ માટે પોતાનો ઉત્સાહ વ્યક્ત કર્યો હતો. રાહ જોવા માટે ઘણા બધા સ્તરો છે, તેથી મને ખબર નથી કે કયું પસંદ કરવું. સૌ પ્રથમ, સંજય સર સાથે કામ કરવાનો આનંદ અને સન્માન, ફરી એકવાર, તેમના માર્ગદર્શન અને નજર હેઠળ, ખીલવાનો અનુભવ એ પહેલું પગલું છે. તમે તેની સાથે ગમે ત્યાં જઈ શકો છો કારણ કે તેમનું ધ્યાન વિગતો પર છે અને તમારું ધ્યાન તમારા પર છે. અફવા સૂચવે છે કે રણબીર કપૂર અને વિકી કૌશલ આ ફિલ્મમાં ભારતીય સશસ્ત્ર દળોના અધિકારીઓની ભૂમિકા ભજવશે, જે સંભવિત રીતે એકબીજા સાથે ટકરાશે. આ ફિલ્મ ૨૦૨૬ માં રિલીઝ થવાની છે, જે કન્નડ સુપરસ્ટાર યશની આગામી ફિલ્મ ‘‘ટોક્સિક’’ સાથે મોટી ટક્કરનો સામનો કરી શકે છે. તેની સત્તાવાર રિલીઝ તારીખ હજુ જાહેર કરવામાં આવી નથી.

### આ પહેલાં નીનાએ ઇન્ટરવ્યુમાં ફેમિનિઝમને ફાલતુ ગણાવ્યું હતું

# રાજામૌલી મહેશબાબુ-પ્રિયંકા સાથેની જંગલ એડવેન્ચર ફિલ્મ બે ભાગમાં નહીં બનાવે

એસ એસ રાજામૌલી મહેશબાબુ અને પ્રિયંકા ચોપરા સાથે મળીને એક જંગલ એડવેન્ચર ફિલ્મ બનાવી રહ્યા હોવાની ચર્ચા ઘણા સમયથી ચાલે છે. એવું પણ માનવામાં આવે છે કે આ ભારતીય સિનેમાનો સૌથી મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ છે. ત્યારે તાજેતરમાં એવા અહેવાલો છે કે હવે રાજામૌલી આ ફિલ્મ એક જ ભાગમાં બનશે. બે ભાગમાં ફિલ્મ બનાવવાની વાતને રાજામૌલીએ ફગાવી દીધી છે. ફિલ્મ સાથે સંકળાયેલાં કેટલાંક સૂત્રોના જણાવ્યા અનુસાર રાજામૌલી માને છે કે ઘણા ફિલ્મ મેકર્સ આ એકથી વધુ ભાગમાં ફિલ્મ બનાવવાની બિનજરૂરી રીત અપનાવે છે. નાણાકીય લાભ ખાટવા માટે ફિલ્મને ગેરવ્યાજબી રીતે ખેંચીને લાંબી કરવામાં આવે છે. તેથી તેઓ એક જ ભાગમાં ભવ્ય ફિલ્મ બનાવવા માગે છે. પરંતુ આ ફિલ્મ ૩ કલાક અને ૩૦ મિનિટની હશે. એવી પણ ચર્ચા છે કે આ ફિલ્મમાં માઈથોલોજી, એડવેન્ચર અને ફિક્શનનું મિશ્રણ હશે. આ રાજામૌલીની અત્યાર સુધીની સૌથી મહત્વની ફિલ્મ હશે. ફિલ્મના મહત્વના સીન શૂટ થઈ ચૂક્યા છે. હજુ સુધી આ ફિલ્મ અંગે કોઈએ કોઈ પ્રકારની ઓફિશીયલ અનાઉન્સમેન્ટ થઈ નથી. તો ફિલ્મની ટીમ દ્વારા શૂટની ફૂટેજમાંથી ૨ મિનિટનો વીડિયો તૈયાર થઈ રહ્યો છે, તેનાથી ફિલ્મ અનાઉન્સ કરવામાં આવશે. મહત્વની વાત એ છે કે રાજામૌલી આ ફિલ્મ માટે ઈન્ટરનેશનલ સ્ટુડિયો અને ફિલ્મ મેકર્સનો સંપર્ક કરી રહ્યા છે, જેથી ફિલ્મને વિશ્વકક્ષાએ રજૂ કરી શકાય. યોગ્ય સમયે ફિલ્મની ટીમ દ્વારા એક નિવેદન તૈયાર કરાશે.

**ભૂતકાળમાં એક ઇન્ટરવ્યુમાં, અક્ષય કુમારે ગર્વથી શેર કર્યું હતું કે આરવને ફિલ્મો કરતાં ફેશન ડિઝાઇનમાં વધુ રસ છે**






રજનીકાંતની કુલી-ઋત્વિકની વોર ૨ સ્વતંત્રતા દિવસે બોક્સ ઓફિસ પર ટકરાશે

# સ્વતંત્રતા દિવસે રજનીકાંતની કુલી સાથે ઋતિક રોશનની ટક્કર થશે




ઋતિક, જુનિયર એનટીઆર અને કિયારા અડવાણીની ‘વોર ૨’

આ સ્વતંત્રતા દિવસે બોક્સ ઓફિસ પર જોરદાર ધમાકા માટે તૈયાર થઈ જાઓ, કારણ કે દક્ષિણના સુપરસ્ટાર રજનીકાંતની કુલીનો મુકાબલો વોર ૨ સાથે થવાનો છે, જેમાં ઋત્વિક રોશન અને જુનિયર એનટીઆર અભિનીત છે . દિગ્દર્શક લોકેશ કનાગરાજે શુક્રવારે કુલીની રિલીઝ તારીખની સત્તાવાર જાહેરાત એક જ્વલંત પોસ્ટર અને શક્તિશાળી શબ્દો સાથે કરી: ‘‘સાઉન્ડ-આહ યેથુ! દેવા વરરારુ ઈકુલી ૧૪ ઓગસ્ટથી વિશ્વભરમાં.’’ આ જાહેરાતથી સોશિયલ મીડિયા પર તોફાન મચી ગયું. કારણ? અયાન મુખર્જી દ્વારા દિગ્દર્શિત અને YRF ના જાસૂસી બ્રહ્માંડનો ભાગ, ‘‘ વોર ૨’’ એ પહેલાથી જ આ તારીખ બુક કરાવી દીધી હતી. ચાહકોએ તરત જ તેને ‘‘સલાર વિરુદ્ધ ડંકી ૨.૦’’ કહેવાનું શરૂ કર્યું અને તેને ‘‘દાયકાની સૌથી મોટી અથડામણ’’ પણ ગણાવી. રજનીકાંતના ચાહકોએ ભવ્ય ખુલાસાની ઉજવણી કરી, ત્યારે ઋત્વિક અને જુનિયર NTRના ચાહકોએ War ૨ માટે પોતાનો ટેકો દર્શાવવાનું શરૂ કર્યું. X (અગાઉનું ટ્વિટર) પર એક યુઝરે ખુશખુશાલ રીતે લખ્યું, “#Coolie declares War on #War2.” બીજા એક યુઝરે ઉઉઇ મીમ શેર કરીને પૂછ્યું, ‘‘તાજ કોણ લઈ રહ્યું છે?’’ સ્પષ્ટપણે, આ સિનેમેટિક યુદ્ધ પહેલાથી જ બધાનું ધ્યાન ખેંચી ચૂક્યું છે. ‘કુલી’ના પોસ્ટરમાં રજનીકાંતને એક કઠોર અને કાચા અવતારમાં દર્શાવવામાં આવ્યા છે - વાળ ગંદા, કપાળમાંથી લોહી નીકળતું અને મોઢામાં સીટી. કલાકારોમાં નાગાર્જુન, ઉપેન્દ્ર, શ્રુતિ હાસન, સત્યરાજ, રેબા મોનિકા જોન, સૌબિન શાહિર, મોનિષા બ્લેસી અને જુનિયર એમજીઆરનો સમાવેશ થાય છે.

### ઘણા એવોર્ડ જીત્યા, છ વર્ષમાં ૮ ફ્લોપ ફિલ્મો આપી

# અભિનેત્રી ૧૭ વર્ષની ઉંમરે રાતોરાત સ્ટાર બની ગઈ

**આપણે જે અભિનેત્રી વિશે વાત કરી રહ્યા છીએ તે કંગના રનૌત છે, જેનો જન્મ ૨૩ માર્ચ ૧૯૮૬ ના રોજ હિમાચલ પ્રદેશના મંડીમાં થયો હતો**



આ ખાસ અભિનેત્રીને શ્રેષ્ઠ નવોદિત અભિનેત્રીનો પુરસ્કાર મળ્યાના બે વર્ષ પછી જ રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર મળ્યો. એક સમયે તેણીએ બોલિવૂડ પર રાજ કર્યું હતું અને સતત આઠ ફ્લોપ ફિલ્મો આપી છે. ઘણા અભિનેતાઓ અને અભિનેત્રીઓ નાની ઉંમરે રાતોરાત સ્ટાર બની ગયા અને ઘણા પુરસ્કારો જીત્યા. તેમની પ્રતિભા અને કરિશ્માથી દર્શકોને મોહિત કરે છે અને દર્શકો તેમના અભિનયને પ્રેમ કરે છે અને સ્પોટલાઈટમાં ચમકે છે. જોકે, આ ખાસ અભિનેત્રીએ શ્રેષ્ઠ નવોદિત અભિનેત્રીનો પુરસ્કાર મેળવ્યાના બે વર્ષ પછી જ રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર જીત્યો. ૧૯ વર્ષની ઉંમરે આટલો પ્રતિષ્ઠિત સન્માન મેળવ્યો અને ૧૭ વર્ષની ઉંમરે અભિનય શરૂ કર્યો. એક સમયે, તેણીએ બોલિવૂડ પર રાજ કર્યું હતું, પરંતુ છેલ્લા છ વર્ષમાં, તેણીએ સતત આઠ ફ્લોપ ફિલ્મો આપી છે. આ છતાં, આ અભિનેત્રીનું સ્ટારડમ અકબંધ છે, અને તે અત્યંત શ્રીમંત છે અને ઉદ્યોગમાં એક મહત્વપૂર્ણ વ્યક્તિત્વ બની રહી છે. અભિનેત્રી હોવા ઉપરાંત, તે એક દિગ્દર્શક અને સંસદ સભ્ય પણ છે. આપણે જે અભિનેત્રી વિશે વાત કરી રહ્યા છીએ તે કંગના રનૌત છે, જેનો જન્મ ૨૩ માર્ચ ૧૯૮૬ ના રોજ હિમાચલ પ્રદેશના મંડીમાં થયો હતો. તેની મોટી બહેન રંગોલી અને નાનો ભાઈ અક્ષત છે. તેની માતા આશા રનૌત એક શાળા શિક્ષિકા છે અને તેના પિતા અમરદીપ રનૌત એક ઉદ્યોગપતિ છે. ૧૬ વર્ષની ઉંમરે, કંગના રનૌતે મોડેલિંગ શરૂ કર્યું અને પછી થિયેટર ડિરેક્ટર અરવિંદ ગૌર પાસેથી તાલીમ લીધી. તેણીએ ૨૦૦૬ની થ્રિલર ફિલ્મ ગેંગસ્ટરથી ફિલ્મી કારકિર્દીની શરૂઆત કરી, જેના માટે તેણીને શ્રેષ્ઠ મહિલા ડેબ્યૂ ફિલ્મફેર એવોર્ડથી નવાજવામાં આવી, જેનાથી તેણી રાતોરાત સ્ટાર બની ગઈ. ફેશનમાં કંગનાના જોરદાર અભિનયને કારણે તેને ૨૦૦૯ માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર મળ્યો. તેણીએ તનુ વેડ્સ મનુ, ક્વીન અને મણિકર્ણિકા જેવી હિટ ફિલ્મોનું નિર્માણ કર્યું. તે ફોર્બ્સ ઈન્ડિયાની સેલિબ્રિટી ૧૦૦ ની યાદીમાં છ વખત સ્થાન મેળવી ચૂકી છે. ભારત સરકારે તેમને ૨૦૨૦ માં પદ્મશ્રીથી સન્માનિત કર્યા હતા. તેઓ જૂન ૨૦૨૪ માં મંડી લોકસભાના સાંસદ તરીકે ચૂંટાયા હતા. રાજકારણમાં પ્રવેશ્યા પછી પણ તેઓ અભિનેત્રી અને દિગ્દર્શક તરીકે કામ કરે છે. અહેવાલો અનુસાર, કંગનાની કુલ સંપત્તિ ૯૧ કરોડ રૂપિયા હોવાનો અંદાજ છે.



**નિષ્ણાતો અને વિવેચકોની ટીકા** | **‘સિકંદર’ પહેલાં અઠવાડિયામાં માંડ દોઢસો કરોડે પહોંચી**

# મારે પણ સપોર્ટની જરૂર, પણ લોકોને નથી લાગતું મને જરૂર હોય





સલમાનની ‘સિકંદર’ની લાંબા સમયથી રાહ જોવાતી હતી અને ૩૦ તારીખે ઈદના દિવસે આખરે ફિલ્મ રિલીઝ તો થઈ, દર વખતે સલમાનની ફિલ્મનો જે જાદુ હોય છે, એટલો જાદુ આ ફિલ્મ ચલાવી શકી નહીં. ફિલ્મને વિવેચકો અને ઓડિયન્સ બધા પાસેથી મોટા ભાગે નબળો પ્રતિસાદ મળી રહ્યો છે. છતાં સલમાન ખાન એક સુપરસ્ટાર છે અને તેનો સ્ટારપાવર નકારી શકાય તેમ તો નથી. આ ફિલ્મે ત્રણ દિવસમાં માત્ર ૮૫ કરોડની જ કમાણી કરી તે જ દર્શાવે છે કે આ ફિલ્મથી દર્શકોની અપેક્ષાઓ પર પાણી ફરી ગયું છે. આ સલમાનની ૧૮મી ફિલ્મ છે, જે ૧૦૦ કરોડે પહોંચશે. સલમાનની ચર્ચા વચ્ચે તેના એક ઈન્ટરવ્યુનો વીડિયો વાયરલ થયો છે. જેનાથી બોલિવૂડના સિલેક્ટિવ સપોર્ટ અને જૂથબંધીની વાત ફરી ચર્ચામાં આવી છે. ‘સિકંદર’ વિશે સમગ્ર ઈન્ડસ્ટ્રી મૌન રહી છે, સલમાન વારંવાર તેના મિત્રોની ફિલ્મ પ્રમોટ કરતો જોવા મળે છે. ઈન્ડસ્ટ્રીના સપોર્ટ અંગે વાત કરતા સલમાને કહ્યું, ‘‘એમને એવું લાગતું હશે કે જરૂર નહીં પડતી હોય મને. પણ, બધાને જરૂર પડે છે.’’ પછી સલમાને આવનારી અને તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મો વિશે પણ વાત કરી, જેમાં તેણે વધુ એક વખત આવનારી ફિલ્મો વિશે પોતાનો સહકાર દર્શાવ્યો હતો. તેણે ૧૦ એપ્રિલે રિલીઝ થનારી સન્ની દેઓલની ફિલ્મ ‘જાટ’ની પણ વાત કરી હતી. તેણે મોહનલાલ અને પૃથ્વિરાજની મલિયાલમ બ્લોકબસ્ટર એલ૨ એમ્પુરાણની પણ વાત કરી જે સિકંદરના બે જ દિવસમાં રિલીઝ થઈ હતી. આ ફિલ્મ અત્યારથી જ રેકોર્ડ બ્રેક કમાણી કરી રહી છે. રસપ્રદ વાત એ છે કે આટલાં બોલિવૂડ સ્ટાર્સમાં માત્ર સન્ની દેઓલે જ જાહેરમાં ‘સિકંદર’ને પ્રમોટ કરી હતી અને સોશિયલ મીડિયા પર આ અંગે પોસ્ટ કરી હતી. આમિર ખાન સલમાન અને મુર્ગાદોસ સાથે એક પ્રોમશનલ વીડિયોમાં જોડાયો હતો. પરંતુ આ બે અપવાદ સિવાય કોઈ જ આ ફિલ્મ વિશે એક અક્ષર બોલ્યું નથી. આ ફિલ્મનું પ્રમોશન તો ઈન્ડસ્ટ્રીમાં કોઈએ ન કર્યું પરંતુ નિષ્ણાતો અને વિવેચકોએ ટીકા જરૂર કરી છે. આ ફિલ્મ ખાસ કોઈ કમાલ કરી શકી નથી. રવિવારે ‘સિકંદર’ રિલીઝ થઈ હતી. પહેલાં ઈદના દિવસે ફિલ્મે ૨૯ કરોડની કમાણી કરી હતી. પણ પછી તેના પછીના દિવસોમાં તેની ગતિ બિલકુલ ઘટી ગઈ હતી. મંગળવારે આ ફિલમે લગભગ ૧૯.૫ કરોડની કમાણી કરી.

# જાણો શું છે વાસ્પા વ્યવસ્થાપન, કઈ રીતે કરવું વાસ્પા વ્યવસ્થાપન અને તેના ફાયદા

### પ્રાકૃતિક કૃષિ પદ્ધતિમાં વાપ્સા વ્યવસ્થાપન કરવામાં આવેતો છોડનાં વૃદ્ધિ અને વિકાસ ખૂબ સારા થાય છે

। (માહિતી બ્યૂરો) મહીસાગર, તા.૬ ।

છોડના મૂળને પાણી નહી પણ ભેજની જરૂરિયાત વધુ હોય છે. જમીનના બે કણો વચ્ચે ૫૦ ટકા પાણી અને ૫૦ ટકા હવામા મિશ્રણની સ્થિતિને વાપ્સા કહેવામાં આવે છે. આવા જળવાયુ મિશ્રણમાં દ્રાવ્ય થયેલા પોષક તત્વો છોડ પોતાના તંતુમૂળ દ્વારા લે છે.આથી જમીનમાં હવા અને પાણીનું સમતુલન ન જળવાય તો વાપ્સા વ્યવસ્થાપન થતુ નથી જેને કારણે છોડનો વૃદ્ધિ અને વિકાસ થતો નથી.

વરાપ અને વૃક્ષાકાર વ્યવસ્થા:

સામાન્ય રીતે જમીનની વૃક્ષ/છોડમા મૂળનો જેટલા વિસ્તારમાં ઘેરાવો હોય તેટલા વિસ્તારમાં જમીનની ઉપર વૃક્ષનો ઘેરાવો હોય છે. વનસ્પતિમાં પર્ણો ખોરાક ઉત્પન કરે છે અને તેનો સંગ્રહ વનસ્પતિનાં પ્રકાંડ થડ અને ડાળીઓમાં થાય છે. આથી પર્ણો દ્વારા મહત્તમ ખોરાક ઉત્પન થાય તે માટે વૃક્ષનો ઘેરાવો મહત્તમ હોવો જરૂરી છે. ડાળી અને થળના ઘેરાવનો મૂળ સાથે સીધો સંબંધ છે. આથી ડાળી અને થડનો ઘેરાવો વધારવા માટે મૂળનો ઘેરાવો મહત્તમ થાય તે જરૂરી છે. આથી મૂળને તેમના ઘેરાવો વધારવા મૂળનો ઘેરાવો મહત્તમ થાય તે જરૂરી છે. આથા મૂળને તેના ઘેરોવાને ફરતે પાણી અને ખોરાકની વ્યવસ્થા થવી જરૂરી છે.

બાગાયતી પાકોમાં વાપ્સા વ્યંવસ્થાપનઃ

બાગાયતી પાકોમાં બપોરના સમયે જેટલા વિસ્તારમાં વૃક્ષનો છાયો પડે તેટલા વિસ્તારમાં તેનો મૂળનો ઘેરાવો હોવોથી બપોરના સમયે પડતા છાંયડાથી છ ઈંચ દુર નીક બનાવી તેમાં પાણી આપવું જોઈએ. વચ્ચેના ભાગમાં માટી ચડાવી તે ભાગ આચ્છાદન કરી ઢાંકી દેવો જોઈએ. પ્રાકૃતિક કૃષિ પદ્ધતિમાં આ પ્રકારે વાપ્સા વ્યવસ્થાપન કરવામાં આવેતો છોડનાં વૃદ્ધિ અને વિકાસ ખૂબ સારા થાય છે.

ક્ષેત્રિય પાકોમાં વાપ્સા વ્યવસ્થાપનઃ

ખેડૂત મિત્રો એ જોયું હશે કે પાણીના ધોરિયા અને ક્યારાની પાળી ઉપર ઉગેલા પાકની વૃદ્ધિ અને વિકાસ અન્ય પાક કરતા વધારે સારા જોવા મળે છે. કારણ કે ત્યાં ભેજ અને હવાનું સંતુલન જળવાય છે અને તેના કારણે છોડ જમીનમાંથી મહત્તમ પોષક તત્વો ગ્રહણ કરી શકે છે. આથી આવી વ્યવસ્થા સમગ્ર ખેતરમાં થવી જરૂરી છે. તે માટે ગાદી ક્યારા પદ્ધતિ અપનાવી જોઈએ. જમીનનો ઢાળ પાકનો પ્રકાર વગેરે ધ્યાનમાં લઈ ગાદી ક્યારાની લંબાઈ અને પહોળાઈ નક્કી કરવી જોઈએ. આ ગાદી ક્યારા ઉપર પાકનું વાવેતર કરવું જોઈએ અને બે ગાદી ક્યારાની વચ્ચે નીકમાં પાણી આપવું જોઈએ. આવું થવાથી છોડને જરૂરિયાત મુજબનું પાણી મળશે અને હવા અને ભેજનું સંતુલન જળવાશે. ટપક પદ્ધતિમાં પણ આ જ સિદ્ધાંત કામ કરે છે. આથી આ પદ્ધતિમાં પાણીની બચત થાય છે અને ઓછા પાણીએ વધુ સારો પાક લઈ શકાય છે.

# આજે વિશ્વ આરોગ્ય દિવસ તથા ૧૦ એપ્રિલના રોજ વિશ્વ હોમિયોપેથી દિવસની કરાશે ઉજવણી

### આરોગ્ય જાગૃતિ કાર્યક્રમ, આરોગ્ય સંવાદ-નિદાન કેમ્પ જેવી પ્રવૃત્તિઓનું કરાશે આયોજન

। (માહિતી) દાહોદ, તા.૬ ।

નિયામકશ્રી આયુષની નિયંત્રણ હેઠળના તમામ આયુર્વેદ અને હોમિયોપેથી મેડિકલ ઓફિસરને વિશ્વ આરોગ્ય દિવસ ૭ એપ્રિલ ૨૦૨૫ તથા વિશ્વ હોમિયોપેથી દિવસ તા.૧૦/૦૪/૨૦૨૫ની ઉજવણી નીચેની થીમ ઉપર આધારિત આરોગ્ય જાગૃતિ કાર્યક્રમ, આરોગ્ય સંવાદ-નિદાન કેમ્પ જેવી પ્રવૃત્તિઓનું આયોજન કરવા અત્રેથી આદેશ કરવામાં આવે છે.

જિલ્લા કક્ષાનો કાર્યક્રમ કે જેમાં વિવિધ નીચે મુજબની પ્રવૃતિઓ યોજવામાં આવેલ છે જેમાં તા.૦૭/૦૪/૨૦૨૫ના રોજ સરકારી નર્સિંગ કોલેજ દાહોદના સહયોગથી આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં નર્સિંગ કોલેજની વિદ્યાર્થીનીઓ દ્વારા પોસ્ટર, ડિબેટ. ઈલોકયુશન (સ્પીચ), ક્વીઝ તથા રંગોળી જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરેલ છે. જે આ વર્ષની વિશ્વ આરોગ્ય દિવસની થીમ આધારિત રહેશે આ કાર્યક્રમના મુખ્ય સંયોજક તરીકે જિલ્લા આયુર્વેદ અધિકારી ડૉ સુધીર જોશી ફરજ બજાવશે અને સહસંયોજક તરીકે ડૉ. માલતીબેન બિલવાલ (મે.ઓ.સ.આ.દ ટાંડા) તથા ડૉ.મોનાબેન રાઠવા (મે.ઓ. સ.આ.દ જનરલ હોસ્પિટલ દાહોદ) ફરજ બજાવશે આ સાથે ત્રણેય તબીબો સંયુક્ત રીતે સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પણ ભૂમિકા ભજવશે. તા.૦૮/૦૪/૨૦૨૫ના રોજ વિશ્વ હોમિયોપેથી દિવસની જિલ્લા કક્ષાની ઉજવણીના ભાગ રૂપે શામળાજી હોમીયોપેથીક મેડિકલ કોલેજ ગોધરાના સહયોગથી તે કોલેજ ખાતે વિવિધ સ્પર્ધાઓ જેવી કે પોસ્ટર ડિબેટ-ક્વીજ-સ્પીચ ઈત્યાદિનું આયોજન કરાયેલ છે. જેમાં જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રી, ડૉ.અનીતાબેન રાઠોડ (સ.હો.દ.જનરલ હોસ્પિટલ દાહોદ), ડૉ.અલકેશ બારીયા (સ.હો.દ.સુખસર તા.ફતેપુરા જિ.દાહોદ) ડૉ.ભુમીકાબેન જાદવ (સ.હો.દ.દેવગઢ બારીયા તા.દે.બારીયા જિ.દાહોદ), ડૉ.ઉમેશ શાહ(સ.હો.દ. સિંગવડ તા.સિંગવડ જિ.દાહોદ) ડૉ.પ્રીકેશ નાયક (સ.હો.દ.લીમડી તા.ઝાલોદ જિ.દાહોદ) નિર્ણાયક તરીકે ભુમીકા ભજવશે અને માર્ગદર્શન આપશે. તા.૦૯/૦૪/૨૦૨૫ના રોજ સરકારી એન્જીનીયરીંગ કોલેજ ખાતે આયુષ-આરોગ્ય પરિસંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં આયુર્વેદ અધિકારીશ્રી, દાહોદ ડૉ.સુધીર જોશી, ડૉ.અલકાબેન બારીયા M.O (સ.આયુ.દ.છાસીયા તા.ઝાલોદ જિ.દાહોદ), ડૉ સંગીતાબેન બોખાણી M.O (સ.આયુ.દ. કારઠ તા.ઝાલોદ જિ.દાહોદ), તથા ડૉ દેવેન્દ્ર ડામોર M.O (હોમિયો.દવાખાનું-પુંસરી તા.જિ. દાહોદ)ના તબીબો આરોગ્ય-આયુષ વિષયક માર્ગદર્શન આપશે. તા. ૧૦/૦૪/૨૦૨૫નાં રોજ તમામ હોમીયોપેથીક દવાખાનાના વિસ્તારમાં નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવશે.

# દાહોદ જિલ્લામાં સ્પેશિયલ NCD સ્ક્રીનીંગ ડ્રાઈવ અંતર્ગત બ્લડ પ્રેશર અને ડાયાબિટીસના કુલ ૧૯૦૫૩ દર્દીઓ મળી આવ્યા

। (માહિતી) દાહોદ, તા.૬ ।

જિલ્લામાં સ્પેશિયલ NCD સ્ક્રીનિંગ ડ્રાઈવ તારીખ ૨૦.૦૨.૨૫થી ૩૧.૦૩.૨૫ સુધી યોજવામાં આવી હતી. ૩૦ વર્ષ કે તેથી વધુ વયના વ્યક્તિઓનું ૨,૩૪,૩૩૬ જેટલા લોકોની ડાયાબિટીસ અને બ્લડ પ્રેશરની તપાસ કરવામાં આવી હતી. ડાયાબિટીસ અને બ્લડ પ્રેશરની તપાસ પૈકી કુલ ૧૨,૦૩૭ બ્લડ પ્રેશર તેમજ ૭,૦૧૬ ડાયાબિટીસના દર્દીઓ નવા મળી આવ્યા હતા આમ, આ ડ્રાઈવ દરમ્યાન બ્લડ પ્રેશર અને ડાયાબિટીસના મળીને કુલ ૧૯,૦૫૩ વ્યક્તિઓનું મેડિકલ ઓફિસરશ્રી દ્વારા એક્ઝામિનેશન કરી સારવાર મુકવામાં આવ્યા હતા.

# પેટલાદના મદદનીશ કલેકટરશ્રીએ ગ્રામ્ય વિસ્તારમાં મુલાકાત લઈને ગ્રામ સંવાદ કર્યો



। (માહિતી) વડોદરા, તા.૬ ।

પેટલાદ મદદનીશ કલેકટર હિરેન બારોટ દ્વારા આજરોજ તાલુકાના અરડી અને રવીપુરા ગામે ગ્રામજનો સાથે લોક સંવાદ કરી લોકોના પ્રશ્નો/રજૂઆત સાંભળી, પ્રશ્નો બાબતે સંબધિત વિભાગને કાર્યવાહી કરવા જણાવવામાં આવ્યું છે.

અરડી ગામે આવેલ સરકાર માન્ય વ્યાજબી ભાવની દુકાનની આકસ્મિક ચકાસણી કરી,દુકાનદારને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

આ પ્રસંગે બન્ને ગામના તલાટીશ્રીના સામાન્ય દફતરની ચકાસણી કરી જરૂરી સુચન કર્યું હતું. આ વેળાએ અરડી ગામની ગૌચર સર્વે નંબર. ૩૦૭ તથા રવીપુરા ગૌચર સર્વે નંબર.૬૨ વાળી જમીનોની રૂબરૂમાં સ્થળ સ્થિતિ અંગેની ખાતરી કરવામાં આવી હતી.

આ પ્રસંગે ગામના તલાટીશ્રી,વ્યાજબી ભાવની દુકાનના કર્મીઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# તાણા ગ્રામ પંચાયતના સરપંચ સામે અવિશ્વાસની દરખાસ્ત પસાર ..રાજકીય કાવાદાવા તેજ

। (પ્રતિનિધી) થરા, તા.૬ ।

કાંકરેજ તાલુકાના થરા નગર પાલિકા વિસ્તારને અડીને તાણા ગામને થરા નગર પાલિકામાં સમાવવા માટે ૨૦૧૪માં હિલચાલ થયેલ પરંતુ તે સમયે સરપંચ તરીકે ગણપતગર ગૌસ્વામી અને મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ હોવાથી ગ્રામજનોનો વિરોધ જોતાં એ સમયે ફાઈલ અભરાઈએ ચડી ગઈ હતી.પરંતુ હવે માર્ચ-૨૦૨૫ માં ભાજપના એક જુથ દ્વારા તાણા ગ્રામ પંચાયતના સરપંચ દશરથલાલ ઠક્કર સામે ડે .સરપંચ અભુજી અવિશ્વાસની દરખાસ્ત લાવવામાં સફળ થયાને ગઈકાલે અવિશ્વાસની દરખાસ્તમાં વર્તમાન સરપંચ વિરોધમાં દશ તથા સમર્થનમાં ત્રણ રહેતાં અવિશ્વાસ દરખાસ્ત પસાર થઈ ગઈ અને સરપંચનો ચાર્જ ડે.સરપંચ અભુજીને આપવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.તાણા ગ્રામ પંચાયત વિસ્તારનો થરા નગર પાલિકામાં સમાવેશ કરવા માટે ચહલપહલનો હાલમાં અંત આવ્યો છે અને આ ગ્રામ પંચાયતના લોકો થરા નગર પાલિકામાં ભળવાનો કાયમી વિરોધ કરશે તેવું કહેતા હતા.તાણા વિસ્તારમાં રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. ત્યારે તાણા ગ્રામજનો અને ગામડી વિસ્તારના લોકો તો એટલા સુધી કહે છે કે સોસાયટી વિસ્તાર ભલે થરા નગર પાલિકામાં સમાવેશ થાય પરંતુ તાણા ગામતળ અને ગામડી વિસ્તાર તાણા ગ્રામ પંચાયત તરીકે રહેવો જોઈએ તેવો સૂર વ્યક્ત કાર્યો છે. તાણા ગ્રામ પંચાયત વિસ્તારમાં વિકાસ ભ્રષ્ટાચાર મુકત થતો હોઈ બધી સુવિધાઓ લોકો વિસ્તાર સુધી સારી રીતે પહોચે વેરા ઓછા છે. તેવું કેટલાક લોકો કહી રહયા છે. તો આ વિસ્તારમાં આડેધડ બીન કાયદેસર પાર્કિંગ ફાયર સેફ્ટીની વ્યવસ્થા વગરના શોપિંગ સેન્ટર મોલ બન્યા છે આવા લોકો મોજમાં છે તેની સામે કેટલાક લોકો શિશુ મંદિર સુધીનો વિસ્તાર થરા પાલિકામાં સમાવેશ થાય તો બંને વિસ્તારનો સારો વિકાસ થશે અને કોઈ વાંધા વિરોધ નહીં રહે તેવી થીયેરી રજુ કરી રહયા છે. કેટલાક રાજકીય લોકો એવું કહે છે કે થરા પાલિકા અને તાણા ગ્રામ પંચાયત મતદાર યાદીમાં ગરબડ ગોટાળા છે.ખોટા મતદારો ની તપાસ કરે કોણ ? થરા માર્કેટ યાર્ડનો રાજકીય વિવાદ ચૂંટણી જાહેર થતાં સમી ગયો ત્યાં તાણા ગ્રામ પંચાયત વિસ્તારનો થરા નગર પાલિકામાં સમાવેશ કરવા માટે શરૂ થયેલ ચહલ પહલ તથા તાણા ગ્રામ પંચાયતના સરપંચ સામે અવિશ્વાસની દરખાસ્ત પસાર થઈ ગઈ છે ત્યારે આવતી પળોમાં શું રાજકીય કાવાદાવા કેવા થાય છે તેના તરફ સૌની નજર મંડાયેલી છે.ભાજપના બે જૂથોમાં જીએ કે કીએ કોણ આ રાજકીય કાવાદાવામાં ફાવશે એ તો આવનાર સમય જ બતાવશે.હાલ આ બાબતે આમ પ્રજા મૌની બાબા બની ગઈ છે.સરપંચની વિદાય ચોક્કસ થઈ એ સૌએ જોયું.

# હીટવેવથી ડરવાની નહિ પણ, નાગરીકોમાં જાગૃતિ જરૂરી : શિક્ષણ રાજ્યમંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા

### રાજ્યના તમામ જિલ્લાઓમાં ગરમીનું પ્રમાણ જોઇને જિલ્લા શિક્ષણાધિકારી શાળાના સમયમાં ફેરફાર કરી શકશે : પાનશેરીયા



। (માહિતી) ગાંધીનગર, તા.૬ ।

હીટવેવ સંદર્ભે માહિતી આપતા શિક્ષણ રાજ્યમંત્રી શ્રી પ્રફુલ પાનસેરીયાએ જણાવ્યું કે, રાજ્યના બાળકોનો હિત રાજ્ય સરકાર માટે સર્વોપરી છે, પ્રાથમિક શાળાના બાળકો સાયલન્ટ ડિઝાસ્ટર "હીટવેવ"નો શિકાર ન થાય તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં "હીટવેવ" સંદર્ભે પ્રાથમિક વિભાગની શાળાઓ માટે એક માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાતના તમામ જિલ્લાઓમાં જિલ્લા શિક્ષણાધિકારી ગરમીનું પ્રમાણ જોઈને શાળાના સમયમાં ફેરફાર કરી શકશે, તેમને રાજ્ય સરકાર પાસે કોઈ પણ પ્રકાર મંજૂરી મેળવવાની રહેશે નહિ. શાળામાં વિધાર્થીઓ પ્રાર્થના બાદ ઉનાળાના સમયગાળા દરમિયાન મેદાનમાં ખેલકૂદની પ્રવૃતિઓ કરી શકશે નહિ. ઉનાળાની ગરમીમાં શિક્ષકોએ વિધાથી-ઓ સમયસર પાણી પીવે તે તેમને યાદ કરાવવાનું રહેશે. રાજ્યના નાગરીકોએ હીટવેવથી ડરવાની નહિ પણ, જાગૃતિ સાથે પોતાના બાળકની કાળજી રાખવાની જરૂર છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

# મહીસાગર જિલ્લા વિકાસ અધિકારીશ્રી યુવરાજ સિદ્ધાર્થના અધ્યક્ષ સ્થાને ૦૭માં પોષણ પખવાડિયાની ઉજવણી અંતર્ગત બેઠક યોજાઈ

### મહીસાગર જિલ્લામાં ૦૮ થી ૨૨ એપ્રિલ સુધી વિવિધ થીમ પર પોષણ પખવાડિયાની ઉજવણી કરાશે



। (માહિતી બ્યૂરો) મહીસાગર, તા.૬ ।

પોષણ અભિયાન અંતર્ગત ૦૭માં પોષણ પખવાડિયાની ઉજવણી માટેના આયોજન અન્વયે આજરોજ મહીસાગર જિલ્લા પંચાયતના તેમજ તાલુકા કક્ષાના તમામ વિભાગોના અધિકારીશ્રીઓ સાથે પોષણ પખવાડા ઉજવણી અંગેની બેઠક જિલ્લા વિકાસ અધિકારીશ્રી યુવરાજ સિદ્ધાર્થના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ. આ બેઠકમાં પોષણ પખવાડિયાની ઉજવણી અંતર્ગત વિવિધ વિભાગો દ્વારા સંકલનમાં રહીને જિલ્લા, તાલુકા, ઘટક, સેજા, ગ્રામ્ય કક્ષાએ સક્રિય ઉજવણી થાય અને તેનુ રીપોર્ટીંગ જિલ્લા કક્ષાએ કરવામાં આવે તે માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ તમામ વિભાગોને સૂચના આપવામાં આવી તેમજ પ્રોગ્રામ ઓફિસરશ્રી દ્વારા આ મીટિંગમાં થીમવાઈઝ પ્રવૃતિ થાય તેમજ આંગણવાડી કક્ષાએ સેજા કક્ષાએ તેમજ ઘટક કક્ષાએ ઉજવણીના આયોજન બાબત માર્ગદર્શન આપવામાં આવેલ. મહીસાગર જિલ્લામાં પોષણ પખવાડિયાન દરમિયાન ૦૮ થી ૨૨ એપ્રિલ દરમિયાન જીવનમાં પ્રથમ ૧૦૦૦ દિવસો પર ધ્યાન કેન્દ્રિત કરવું, પોષણ ટ્રેકરમાંના લાભાર્થી મોડ્યૂલનો પ્રચાર-પ્રસાર, CMAM મોડ્યુલ દ્વારા કુપોષણનું વ્યવસ્થાપન અને બાળકોમાં સ્થૂળતાને દૂર કરવા માટે સ્વસ્થ જીવનશૈલી જેવા વિવિધ થીમ પર પોષણ પખવાડિયાની ઉજવણી કરાશે.

આ બેઠકમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક શ્રીમતી ચંદ્રિકાબેન ભાભોર, જિલ્લા પ્રોગ્રામ ઓફિસર શ્રીમતી દક્ષાબેન, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી મૈત્રીબેન, આરોગ્ય અધિકારીશ્રી સહિત સંબંધિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આણંદના લાંભવેલ ખાતેના નવનિર્મિત વર્ગખંડોનું લોકાર્પણ ધારાસભ્યશ્ર યોગેશભાઈ પટેલના વરદહસ્તે કરાયું



। (માહિતી) દાહોદ, તા.૬ ।

ગુજરાત સરકારના સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત પ્રાથમિક શાળા, લાંભવેલના અંદાજિત કિંમત ૯૪ લાખ ૫૦ હજાર રૂપિયાની કિંમતના ૦૭ જેટલા વર્ગખંડોનું તથા પ્રાથમિક શાળા ખોડીયાર નગર (લાંભવેલ) ખાતે રૂ.૧ કરોડ ૮ લાખ જેટલા ખર્ચે નિર્માણ થયેલ ૦૮ જેટલા વર્ગખંડોનું લોકાર્પણ આણંદ ધારાસભ્ય શ્રી યોગેશભાઈ પટેલે કર્યું હતું.

આ વર્ગખંડોમાં બાળકો ને ભણવા માટે સ્માર્ટ બોર્ડ સહિત અન્ય ભૌતિક સુવિધાઓથી સજ્જ બનાવવામાં આવ્યા છે. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ હસમુખભાઈ પટેલ, જિલ્લા શિક્ષણ સમિતિના અધ્યક્ષ શ્રી સુનિલભાઈ સોલંકી, શાળાના આચાયશ્રી સહિત શિક્ષણ ગણ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તથા વાલીગણ ઉપસ્થિત રહ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. આજ ના દિવસે તમે ઘરે થી ઘણી સકારાત્મકતા સાથે નીકળશો પરંતુ કોઈ મોંઘી વસ્તુ ના ચોરી થવા થી તમારું મૂડ ખરાબ થયી શકે છે. તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. તમારા પ્રેમ જીવનની બાબતમાં આજનો દિવસ અકલ્પ્ય છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારૂં વ્યક્તિત્વ અત્તરની જેવું કામ કરશે. જો તમે યાત્રા પર જવાવાળા હો તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે ચોરી થવા ની શક્યતા છે, ખાસ કરીને પર્સ નું ધ્યાન રાખો. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે. તમે દરકાર કરનાર તથા સમજુ મિત્રને મળશો. આજે તમારી નજીક ના લોકો તમારી નજીક આવવા નો પ્રયત્ન કરશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે ગર્ભવતી સ્ત્રીઓ જમીન પર ચાલતી વખતે ખાસ દરકાર રાખે કેમ કે તે તમારા ભાવિ બાળક માટે જોખમી પુરવાર થઈ શકે છે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. પાડોશી સાથેનો ઝઘડો તમારો મૂડ બગાડી નાખશે. પણ તમારો મિજાજ ગુમાવતા નહીં કારણ કે આ બાબત બળતામાં ઘી ઉમેરશે.

**કર્ક (ડ,હ) :**

આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશે પણ કામનું દબાણ તમને બેચેન કરી નાખે એવું જણાય છે. તમારું કોઈ મિત્ર આજે તમારા થી મોટી રકમ ઉધાર માંગી શકે છે, જો તમે તેને આ રકમ આપો છો તો તમે નાણાકીય સંકટ માં આવી શકો છો. પારિવારિક જવાબદારીઓ પર તાકીદે ધ્યાન આપવાની જરૂર છે. તમારા તરફથી બેદરકારી મોંઘી સાબિત થઈ શકે છે.

**સિંહ (મ,ટ) :**

આજનો દિવસ એવો દિવસ છે જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. તમે જેને ઓળખો છો એવી કોઈ વ્યક્તિ આર્થિક બાબતને લઈને વધુ પડતી પ્રતિક્રિયા આપશે, જેને કારણે ઘરમાં બેચેનીનું વાતાવરણ જામશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમને વધુ સારા બનાવતા તમારી સુધારણાને લગતા પ્રૉજેક્ટ્સમાં શક્તિ લગાડો. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. તમે ધાર્મિક સ્થળ અથવા કોઈક સબંધીની મુલાકાત લો એવી શક્યતા જોવાય છે. આજે તમારે તમારૂં શ્રેષ્ઠ વર્તન દાખવવું જોઈએ-કારણ કે આજે તમારા પ્રેમી-પ્રેમિકા આગાહી ન કરી યસક્યા એવા મૂડમાં હશે.

**તુલા (ર,ત) :**

આજે તમારા આત્મવિશ્વાસ અને ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. ધન તમારા માટે જરૂરી છે પરંતુ ધન ને લઈ ને એટલું ગંભીર પણ ના થયી જાઓ કે તે તમારા સંબંધો બગાડી દે. પરિવારના સભ્યોની મદદ તમારી જરૂરિયાતોનું ધ્યાન રાખશે. તમારે તમારૂં શ્રેષ્ઠ વર્તન દાખવવું જોઈએ-કેમ કે આજે તમારૂં પ્રિયપાત્ર જલ્દીથી નારાજ થઈ જશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે હવાઈ કિલ્લા રચવામાં તમારો સમય વેડફશો નહીં. એના કરતાં કશું અર્થપૂર્ણ કરવા માટે તમારી શક્તિ બચાવો. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું? આજે તમને લાભ થશે-કેમ કે પરિવારના સભ્યો તમને હકારાત્મક રીતે પ્રતિસાદ આપશે. તમારો પ્રેમ અસ્વીકારને આમંત્રમ આપશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારા જીવનસાથીનો પ્રેમાળ મિજાજ તમારો દિવસ ઉલ્લાસભર્યો બનાવશે. ઝડપથી નાણાં કમાઈ લેવાની ઈચ્છા તમે ધરાવશો. તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ. આજે તમારા હૃદયના ધબકારા તમારા પ્રિયપાત્રવા લય સાથે તાલ મેળવશે અને પ્રેમનું સંગીત રેલાવશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો? તબિયત સારી ન હોય એવા સંબંધીની મુલાકાત લેજો. રોમાન્સને આજે ઓછું મહત્વ મળે એવું લાગે છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજે વ્યસ્તતા હોવા છતાં તમારું સ્વાસ્થ્ય સારૂં રહેશે. આજ ના દિવસે તમે ધન સંબંધી સમસ્યા ને કારણે પરેશાન રહી શકો છો. આના માટે તમારે પોતાના કોઈ વિશ્વાસ પાત્ર ની સલાહ લેવી જોઈએ? મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે. માત્ર સ્પષ્ટ સમજદારીથી તમે તમારી પત્નીને લાગણીશીલ ટેકો આપી શકશો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે ધ્યાન રાહત લાવશે. ચંદ્ર ની સ્થિત ને લીધે તમારું ધન બિનજરૂરી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે. જો તમારે ધન સંચિત કરી ને રાખવું છે તો પોતાના જીવનસાથી અથવા માતા પિતા સાથે આના વિષે ચર્ચા કરો. લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ. તમે જો મિત્રો સાથે સાંજ બહાર જશો તો ઈન્સ્ટન્ટ રોમાન્સ તમારી તરફ આવી શકે છે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૬ એપ્રિલના રોજ તમિલનાડુમાં રામેશ્વરમ ખાતે પમ્બન બ્રિજનું ઉદ્ઘાટન કર્યું હતું.

## બદલાઈ જશે મુંબઈ ઈન્ડિયન્સની કિસ્મત, બુમરાહની ટીમમાં વાપસી

। (એજન્સી) મુંબઈ, તા.૬ ।

આઈપીએલ ૨૦૨૫ માં ખરાબ પ્રદર્શન કરી રહેલી પાંચ વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સ માટે સારા સમાચાર છે, જ્યાં ટીમનો સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ ટીમમાં જોડાયો છે. ખરેખર, ભારતીય ટીમનો અનુભવી ઝડપી બોલર બુમરાહ લાંબા સમયથી ઘાયલ હતો. ઈજાને કારણે તે વર્તમાન IPL સીઝનની ચાર મેચ રમી શક્યો નહીં. જાન્યુઆરીમાં સિડનીમાં ભારત વિરુદ્ધ ઓસ્ટ્રેલિયાની પાંચમી ટેસ્ટ દરમિયાન ઈજાગ્રસ્ત થયા બાદ બુમરાહ બેંગલુરુના સેન્ટર ઓફ એક્સેલન્સમાં હતો. તેમને કમરના દુખાવાની તકલીફ હતી જેના કારણે તેમને ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ માટે ભારતની ટીમમાંથી બહાર કરવામાં આવ્યા હતા. જોકે, રોહિત શર્માના નેતૃત્વમાં, ટીમ ઈન્ડિયાએ શાનદાર પ્રદર્શન કર્યું અને ૧૨ વર્ષ પછી તેમના વિના ખિતાબ જીત્યો.

મુંબઈ ટીમમાં બુમરાહનું પુનરાગમન ટીમ માટે મોટો પ્રોત્સાહન હશે, ખાસ કરીને ટ્રેન્ટ બોલ્ટની હાજરી અને યુવા ઝડપી બોલર અશ્વિની કુમારના પ્રભાવશાળી પ્રદર્શન છતાં તેમની બોલિંગ નબળી દેખાઈ રહી છે તે ધ્યાનમાં લેતા. ટીમમાં સામેલ હોવા છતાં, બુમરાહ સોમવારે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB) સામેની મેચમાં ન રમે તો તે આશ્ચર્યજનક નહીં હોય. આનું કારણ એ છે કે ટીમ અગાઉ ઈજા પછી તરત જ તેને રમવા અંગે સાવધ રહી હતી. મુંબઈની ટીમ હાલમાં IPL 2025 પોઈન્ટ ટેબલમાં ચાર મેચમાંથી એક જીત સાથે આઠમા સ્થાને છે. જો ટીમ પોતાની પ્લેઓફની આશા જીવંત રાખવા માંગતી હોય, તો તેણે હવે કેટલીક મેચ જીતવી પડશે. બુમરાહ વિશે વાત કરીએ તો, તે જાન્યુઆરી ૨૦૨૫ થી નેશનલ ક્રિકેટ એકેડેમી (NCA) માં રિહેબ પર હતો. પહેલા એવી અપેક્ષા રાખવામાં આવી હતી કે તે ચેમ્પિયન્સ ટ્રોફી માટે ફિટ થઈ જશે, પરંતુ એવું થયું નહીં. તેમના સ્થાને હર્ષિત રાણાની ટીમમાં પસંદગી કરવામાં આવી. આ પહેલા પણ બુમરાહ સ્ટ્રેસ ફ્રેક્ચરના કારણે લાંબા સમયથી ક્રિકેટથી દૂર હતો. વર્ષ ૨૦૨૩ માં, તેમને પીઠની સર્જરી પણ કરાવવી પડી. તે IPL ૨૦૨૩ અને ઓસ્ટ્રેલિયા સામેની વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) ફાઈનલમાંથી પણ બહાર થઈ ગયો હતો. જોકે, જ્યારે તે પાછો ફર્યો ત્યારે બુમરાહનું પ્રદર્શન જોરદાર હતું. તે ટીમ ઈન્ડિયાને T20 વર્લ્ડ ચેમ્પિયન બનાવવાના શિલ્પી હતો. પછી બોર્ડર ગાવસ્કર ટ્રોફી ૨૦૨૪ માં, કાંગારૂઓમાં તેનો ડર જોવા લાયક હતો. IPLની વાત કરીએ તો, બુમરાહે મુંબઈ માટે અત્યાર સુધીમાં ૧૩૩ મેચ રમી છે અને કુલ ૧૬૫ વિકેટ ઝડપી છે.

### આવી ઘટના પછી હળવાશ ન દાખવી શકાય : કોર્ટ

## ડબલ મર્ડર કેસમાં કોર્ટે હત્યાના આરોપીને આજીવન કેદની સજા ફટકારી

### તાંત્રિકે અવૈધ સંબંધોના કારણે એક યુવક અને યુવતીની ઘાતકી હત્યા કરી હતી અને પછી લાશને જંગલમાં છોડી દીધી હતી

। (એજન્સી) ઉદયપુર, તા.૬ ।

રાજસ્થાનના ઉદયપુર જિલ્લામાં લગભગ અઢી વર્ષ પહેલા બનેલા ડબલ મર્ડર કેસમાં કોર્ટે હત્યાના આરોપી તાંત્રિકને આકરી સજા સંભળાવી છે. તેને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે અને તેને સજા સંભળાવનાર જજે પણ ગંભીર ટીપ્પણી કરી છે. તેમનું કહેવું છે કે આવી ઘટના પછી હળવાશ ન દાખવી શકાય. વાસ્તવમાં, એક તાંત્રિકે અવૈધ સંબંધોના કારણે એક યુવક અને યુવતીની ઘાતકી હત્યા કરી હતી અને પછી લાશને જંગલમાં છોડી દીધી હતી. આ મામલો વર્ષ ૨૦૨૨ના નવેમ્બર મહિનાનો છે અને ગોગુંડા પોલીસ સ્ટેશને આ કેસની તપાસ હાથ ધરી છે. પોલીસે જણાવ્યું કે પોલીસ સ્ટેશન વિસ્તારના રહેવાસી ચતર સિંહ મીણાએ ૧૮ નવેમ્બરે આ કેસ નોંધાવ્યો હતો. તેમનો પુત્ર રાહુલ મીણા ૧૫ નવેમ્બરથી ગુમ હતો અને નજીકની સરકારી શાળામાં શિક્ષક હતો. પોલીસે તપાસ કરી તો જાણવા મળ્યું કે રાહુલની લાશ કેલાબાવાડી વિસ્તારના જંગલમાં પડી હતી અને લાશ નગ્ન હાલતમાં હતી. ત્યાં એક યુવતીની લાશ પણ પડી હતી. બાદમાં ખબર પડી કે તેનું નામ સોનુ કંવર છે. રાહુલના પિતાએ પોલીસને તાંત્રિક ભાલેશ અંગે જાણ કરી હતી. પોલીસે તરત જ તેની ધરપકડ કરી હતી. તે ભાગવાની તૈયારી કરી રહ્યો હતો.

તેમણે પોલીસને જણાવ્યું કે સોનુ તેમના આશ્રમમાં જતી હતી અને બંને વચ્ચે પાંચ વર્ષથી સંબંધ હતો. પરંતુ આ દરમિયાન રાહુલ તાંત્રિકને મળવા લાગ્યો અને સોનુ અને રાહુલ સંપર્કમાં આવ્યા. હવે સોનુએ તાંત્રિક ભાલેશને મળવાનું બંધ કરી દીધું. બાદમાં તાંત્રિક ભાલેશે રાહુલને બ્લેકમેલ કરવાનું શરૂ કર્યું હતું અને કહ્યું હતું કે જો તે સોનુને નહીં છોડે તો તે રાહુલના પરિવારને સોનુ અને રાહુલ વચ્ચેના ગેરકાયદેસર સંબંધો વિશે જણાવી દેશે. તે દરમિયાન સોનુએ પણ એક ચાલ કરી. તેણીએ તાંત્રિકને ધમકાવવાનું શરૂ કર્યું અને કહ્યું કે જો તે સોનુ અને રાહુલ વચ્ચેના સંબંધો વિશે રાહુલના પરિવારને કહેશે તો તે પોતાના અને તાંત્રિક વચ્ચેના સંબંધો વિશે બધાને કહેશે અને તેને કેસમાં ફસાવી દેશે. જેના કારણે તાંત્રિક ભાલેશ ડરી ગયો અને તેણે બંનેને રસ્તામાંથી હટાવવાનું કાવતરું શરૂ કર્યું. તાંત્રિકે સોનુ અને રાહુલને વચ્ચે શાંતિ કરાવવાના ઈરાદાથી જંગલમાં બોલાવ્યા અને પોતે પણ ત્યાં પહોંચી ગયો. ત્યાં તેમણે બન્નેને કહ્યું કે તે તેમની સામે જ શરીરસુખ માણે. બન્ને જણાં આ વાતને લઈને સંમત પણ થઈ ગયા અને તાંત્રિકની સામે સંબંધો બાંધ્યા. પરંતુ તે દરમિયાન તાંત્રિકે તેમની ઝોળીમાંથી એક ડબ્બી કાઢી, જેમાં પહેલાથી જ ફેવિક્વિકથી ભરેલી હતી. તેણે તેને બંનેના શરીર પર નાખી દીધું, જેના કારણે બંને જણા ચોંટી ગયા. ત્યારબાદ તાંત્રિકે બન્ને જણાના માથા અને ગર્દન પર ચાકુ અને પથ્થરથી વાર કરીને હત્યા કરી નાંખી.

પોલીસે જણાવ્યું કે તાંત્રિક ભાગવાનો પ્રયાસ કરી રહ્યો હતો, પરંતુ સમયસર તેને ઝડપી લેવામાં આવ્યો. કોર્ટે હવે તેને આજીવન કેદની સજા ફટકારી છે. પોલીસે આ કેસમાં તાત્કાલિક કાર્યવાહી કરી આરોપીને ન્યાય અપાવ્યો હતો. કોર્ટે પણ વહેલી તકે નિર્ણય સંભળાવ્યો છે.

### બોલિવૂડમાંથી ફરી આવ્યા દુઃખદ સમાચાર

## જેકલીન ફર્નાન્ડીઝની માતાનું નિધન થયું, ૧૩ દિવસ હોસ્પિટલમાં રહ્યા

### હૃદયરોગનો હુમલો આવતા તેમને ICUમાં દાખલ કરાયા હતા : જેકલીન તેની માતાની ખૂબ નજીક હતી

। (એજન્સી) મુંબઈ, તા.૬ ।

જેકલીન ફર્નાન્ડીઝની માતા કિમ ફર્નાન્ડીઝનું નિધન થયું. તેમને થોડા દિવસ પહેલા મુંબઈની લીલાવતી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમની માતાને હૃદયરોગનો હુમલો આવતા તેમને ICUમાં દાખલ કરવામાં આવ્યા હતા. જેકલીન તેની માતાની ખૂબ નજીક હતી. કિમના મૃત્યુ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી. અંતિમ સંસ્કાર ખૂબ જ ખાનગી રાખવામાં આવશે, જેમાં નજીકના મિત્રો અને પરિવારજનો સામેલ થશે. બે દિવસ પહેલા જ, જેકલીન હોસ્પિટલની બહાર જોવા મળી હતી. કિમ ફર્નાન્ડિસને ૨૪ માર્ચે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને તેમને લીલાવતી હોસ્પિટલના ICUમાં રાખવામાં આવ્યા હતા. સમાચાર મળતાં જ, જેકલીન તરત જ તેની માતા પાસે રહેવા ઘરે પાછી ફરી. કિમને હાર્ટ એટેક આવ્યા બાદ ICUમાં દાખલ કરવામાં આવ્યા હતા. જેકલીન ઘણીવાર લીલાવતી હોસ્પિટલમાં તેની માતાને મળવા જતી જોવા મળતી હતી. જેકલીન ફર્નાન્ડીઝના નજીકના એક સૂત્રએ અગાઉ ખુલાસો કર્યો હતો કે તે ૨૬ માર્ચે ગુવાહાટીમાં IPLના સેરેમનીમાં પરફોર્મ કરવાની હતી, જેમાં રાજસ્થાન રોયલ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચેની મેચ હતી. માતાની સંભાળ રાખવા માટે, તેણે પરફોર્મ કરવાની ના પાડી હતી અને મુંબઈ પાછી આવી ગઈ હતી.

## કેનેડામાં ગુજરાતી યુવકની હત્યા, વિદેશી પાડોશીએ ચાકુથી રહેંસી નાંખ્યો

### આરોપી ડોક્ટર દંપતીએ પોલીસને ચેતવણી આપી હતી કે તેઓ તેમની સામે સીધી કાનૂની કાર્યવાહી ન કરે

। (એજન્સી) કેનેડા, તા.૬ ।

કેનેડામાં ભારતીય દૂતાવાસે શનિવારે જણાવ્યું હતું કે, ઓટ્ટાવા નજીકના રોકલેન્ડ વિસ્તારમાં એક ગુજરાતી યુવકની ચાકુ મારીને હત્યા કરવામાં આવી હતી. આ કેસમાં એક વિદેશી યુવકની ધરપકડ કરવામાં આવી છે. ભારતીય દૂતાવાસે એક નિવેદન બહાર પાડીને આ ઘટના પર ઊંડું દુઃખ વ્યક્ત કર્યું હતું, જેમાં પીડિતાના પરિવારને સમર્થન આપ્યું હતું. કેનેડાની રાજધાની ઓટ્ટાવા નજીક સ્થિત રોકલેન્ડ ટાઉનમાં ધર્મેશ કથીરિયા નામની ગુજરાતી યુવકની નિર્દયતાથી હત્યા કરવામાં આવી હતી. ગુજરાતના ભાવનગરમાં રહેતા ૨૭ વર્ષીય ધર્મેશ કથીરેયાની ઘરની બહાર નીકળતી વખતે છરીના ઘા મારીને હત્યા કરવામાં આવી હતી. ઘટના સમયે ધર્મેશની પત્ની ઘરે જ હતી. કહેવામાં આવી રહ્યું છે કે આરોપી પીડિતા અને તેની પત્નીને ઘણા સમયથી હેરાન કરી રહ્યો હતો. હુમલાખોર ૬૦ વર્ષનો વિદેશ શખ્સ હોવાનું કહેવાય છે. આરોપ છે કે તે અગાઉ પણ ધર્મેશ અને તેની પત્ની પર ભારત વિરોધી અને જાતિવાદી ટિપ્પણી કરતો હતો. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, તે જ વ્યક્તિએ અચાનક હુમલો કર્યો. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં ધર્મેશની પત્નીની ચીસો સાંભળી શકાય છે. બંનેના લગ્ન એક વર્ષ પહેલા જ થયા હતા અને નવા જીવનની શોધમાં કેનેડા આવ્યા હતા. ધર્મેશ રોકલેન્ડના લોકપ્રિય મિલાનો પિઝામાં મેનેજર તરીકે કામ કરતો હતો. શોકમાં આ ઘટનાને પગલે રેસ્ટોરન્ટે કામચલાઉ ધોરણે કામગીરી બંધ કરી દેવાયું છે. ત્યાંના એક કર્મચારીએ પોસ્ટમાં લખ્યું, "અમે માત્ર એક મેનેજર જ નહીં, પરંતુ એક પ્રિય મિત્ર ગુમાવ્યો છે." ભારતીય હાઈ કમિશને આ ઘટના પર ઊંડું દુઃખ વ્યક્ત કર્યું છે અને કહ્યું છે કે તેઓ સ્થાનિક સંસ્થાઓ સાથે મળીને પીડિત પરિવારને તમામ શક્ય મદદ પૂરી પાડી રહ્યા છે.

### દિલ્હીના કપાસેરાના વોટર પાર્કમાં દુર્ઘટના

## ૨૪ વર્ષની પ્રિયંકાનું રોલર કોસ્ટર રાઈડ પરથી પડી જવાથી મોત

### તેણીએ પોતાનું સંતુલન ગુમાવ્યું અને સવારીમાંથી પડી ગઈ, જેના કારણે તેણીને ગંભીર ઈજા થવા પામી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

દિલ્હીના કાપશેરા વિસ્તારના 'ફન એન્ડ ફૂડ વિલેજ'માં એક મોટો અકસ્માત થયો હતો. અહીં ૨૪ વર્ષની પ્રિયંકાનું રોલર કોસ્ટર રાઈડ પરથી પડી જવાથી મોત થયું હતું. એવું કહેવામાં આવી રહ્યું છે કે તેણીએ પોતાનું સંતુલન ગુમાવ્યું અને સવારીમાંથી પડી ગઈ, જેના કારણે તેણીને ગંભીર ઈજા થઈ. પ્રિયંકાને નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી, પરંતુ ડોક્ટરોએ તેને મૃત જાહેર કરી હતી. હાલમાં દિલ્હી પોલીસે માહિતી આપી છે કે BNSની કલમ ૨૮૯/૧૦૬ હેઠળ FIR નોંધવામાં આવી છે અને આગળની કાર્યવાહી ચાલી રહી છે.

અત્યાર સુધી પ્રાપ્ત માહિતી અનુસાર પ્રિયંકા તેના મંગેતર સાથે વોટર પાર્કમાં ગઈ હતી. તેમના ફેબ્રુઆરી ૨૦૨૬માં લગ્ન હતા. તેમણે તેના મંગેતર સાથે વોટર પાર્કમાં જવાનું આયોજન કર્યું હતું. આ પછી બંને વિકેન્ડ પર ફન એન્ડ ફૂડ વિલેજ પહોંચ્યા.

### ગળામાં પટ્ટો બાંધ્યો, ઘૂંટણિયે ચલાવ્યા

## કેરળની એક કંપનીએ ટાર્ગેટ પૂરા ન થવા પર કર્મચારીઓ સાથે અમાનવીય વર્તન કર્યું

। (એજન્સી) કોચી, તા.૬ ।

કેરળના કોચીમાં એક પ્રાઈવેટ માર્કેટિંગ કંપનીમાં ટાર્ગેટ પૂરા ન કરનારા કર્મચારીઓને અમાનવીય સજા આપવામાં આવી હતી, જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. કર્મચારીઓને બેલ્ટથી બાંધીને ઘૂંટણિયે બેસાડવામાં આવ્યા હતા. આ સાથે તેને જમીન પર મૂકીને સિક્કો ચાટવામાં આવ્યો હતો. હવે આ મામલાની તપાસ કરવામાં આવી રહી છે. કેરળના કોચી, એર્નાકુલમમાં સ્થિત એક ખાનગી માર્કેટિંગ કંપની પર તેના કર્મચારીઓ સાથે ખરાબ વર્તન કરવાનો આરોપ છે. એવો આરોપ છે કે કંપનીમાં જે કર્મચારીઓ તેમના લક્ષ્યાંક પૂરા નથી કરતા તેમને સખત સજા આપવામાં આવે છે. આવા કર્મચારીઓને કૂતરા જેવા પટાથી બાંધીને ઘૂંટણિયે ચાલવા માટે બનાવવામાં આવે છે. આ સાથે, તેમને જમીન પર મૂકીને સિક્કાને ચાટવામાં આવે છે.

આ સજાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર પણ સામે આવ્યો હતો, જેના પછી રાજ્યના શ્રમ વિભાગે કાર્યસ્થળ પર થતી હેરાનગતિની તપાસના આદેશ આપ્યા છે. આ મામલો પ્રકાશમાં આવ્યા બાદ, રાજ્યના શ્રમ મંત્રી વી. શિવંકુટ્ટીએ ઘટનાની તપાસનો આદેશ આપ્યો છે અને જિલ્લા શ્રમ અધિકારીને આ ઘટના અંગે તાત્કાલિક અહેવાલ સુપરત કરવાનો નિર્દેશ આપ્યો હતો. કર્મચારીઓને આપવામાં આવેલી સજાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. તેમાં એક કર્મચારીને બેલ્ટથી બાંધીને જમીન પર ઘૂંટણ પર ચાલવા માટે મજબૂર કરવામાં આવે છે અને તેને જમીન પર મૂકેલો સિક્કો ચાટવાનું પણ કહેવામાં આવે છે. કર્મચારીઓએ જણાવ્યું કે પેઢીના કર્મચારીઓ તેમના લક્ષ્યાંકને પૂર્ણ કરવામાં સક્ષમ નથી.

## કેબ ડ્રાઈવરની હરકત, ગર્ભવતી મહિલાની સાથે કર્યું ખરાબ વર્તન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

દિલ્હીથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. એક ગર્ભવતી મહિલાએ આરોપ લગાવ્યો છે કે, જ્યારે તેણે ઓલા કેબ ડ્રાઈવરને એસી ચાલુ કરવાનું કહ્યું ત્યારે ઓલાના ડ્રાઈવરે મહિલાના ગર્ભમાં ઉછરતાં બાળકને લાત મારી મોતને ઘાટ ઉતારી દેવાની ધમકી આપી હતી. મહિલા નોઈડા એક્સટેન્શનથી સાકેત જઈ રહી હતી. આ ઘટના ઓલા કેબની મુસાફરી દરમિયાન બની હોવાનું કહેવાય છે. મહિલાએ દાવો કર્યો હતો કે, જ્યારે મેં કેબ ડ્રાઈવરને એસી ચાલુ કરવાનું કહ્યું ત્યારે તેણે સ્પષ્ટ ના પાડી દીધી. અહેવાલ પ્રમાણે મહિલાએ લિંક્ડઈન પર ઘટનાનું વર્ણન કર્યું અને કહ્યું, મેં નોઈડા એક્સટેન્શનથી સાકેત માટે કેબ બુક કરાવી હતી. જ્યારે મેં તેને મુસાફરી દરમિયાન એસી ચાલુ કરવાનું કહ્યું, ત્યારે તેણે સ્પષ્ટ ના પાડી. જ્યારે મેં એસી ચાલુ કરવાનો આગ્રહ કર્યો તો ડ્રાઈવર કથિત રીતે ગુસ્સો થઈ ગયો હતો.

### વિશ્વ પ્રસિદ્ધ બાંકે બિહારી મંદિરમાં ૯ લાખની ચોરી કરી

## પૈસા ગણવા આવેલા બેન્ક કર્મીએ જ બાંકે બિહારી મંદિરમાં ચોરી કરી

। (એજન્સી) મથુરા, તા.૬ ।

મથુરાના વૃંદાવનમાં પ્રસિદ્ધ બાંકે બિહારી મંદિરમાં ચોરીની ઘટનાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં મંદિરને દાનમાં મળેલા પૈસા ગણવા આવેલો બેંકનો કર્મચારી ચોરી કરતો રંગે હાથ ઝડપાઈ ગયો છે. બેંક કર્મચારી પાસેથી ૯ લાખ ૫૦ હજાર રૂપિયા જપ્ત કરવામાં આવ્યા છે. ચોરીની આ ઘટના ઝઝૂફમાં પણ કેદ થઈ છે. મંદિર વહિવટકર્તા દ્વારા ચોરીની ઘટના અંગે બેંક કર્મચારી વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે આરોપી બેંક કર્મચારી અભિનવ સક્સેનાની ધરપકડ કરી લીધી છે. વાસ્તવમાં પ્રસિદ્ધ ઠાકુર શ્રી બાંકે બિહારી મંદિરમાં નિયમો મુજબ દર મહિને કોર્ટ દ્વારા નિમાયેલા અધિકારીઓની દેખરેખ હેઠળ દાનની પેટીઓ ખોલવામાં આવે છે. મંદિરમાં કુલ ૧૬ દાન પેટીઓ છે અને છેલ્લા ત્રણ દિવસથી તેને ખોલવાની અને તેમાંની રકમ ગણવાની કામગીરી ચાલી રહી છે. જોકે શનિવારે સાંજે ચાર વાગ્યાની આસપાસ કંટ્રોલ રૂમના કર્મચારીઓને આશંકા ગઈ કે, બેંક કર્મચારીઓ તેના કપડાંમાં કંઈક છુપાવી રહ્યો છે. બેંક કર્મચારી પર આશંકા ગયા બાદ કંટ્રોલ રૂમના કર્મચારીઓએ તુરંત વહિવટીતંત્રને જાણ કરી હતી. ત્યારબાદ બાંકે બિહાર મંદિરના સંચાલક મનુશ શર્માએ સીસીટીવી ચેક કર્યા હતા. આ દરમિયાન રકમની ગણતરી કરી રહેલા અભિનવની તપાસ કરવામાં આવી તો તેની પાસેથી ૧.૮૮ લાખ મળી આવ્યા હતા. પછી મંદિરના સંચાલકે તુરંત પોલીસને જાણ કરી હતી.

### કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ ઉપસ્થિત રહ્યા

# ઇફકોના માતૃ એકમ સંકુલની સુવર્ણ જયંતી નિમિત્તે ઇફકો-કલોલ ખાતે ઉજવણી સમારોહ યોજાયો

## ઇફકો-કલોલ ખાતે યોજાયેલા સમારોહમાં અમિત શાહે ઇફકોના નવા "બીજ સંશોધન કેન્દ્ર"નો શિલાન્યાસ કર્યો







। (એજન્સી) કલોલ, તા.૬ ।

વિશ્વની સૌથી મોટી સહકારી સંસ્થા ઈફકોના માતૃ એકમ તેમજ સૌપ્રથમ યુરિયા નિર્માણ સંકુલની સુવર્ણ જયંતીની ઉજવણી નિમિત્તે ઈફકો-કલોલ ખાતે યોજાયેલા સમારોહમાં કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે ઈફકોના નવા "બીજ સંશોધન કેન્દ્ર"નો શિલાન્યાસ કર્યો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સહિત રાજ્ય મંત્રી મંડળના સભ્યો અને સહકારી અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે ઈફકો-કલોલની સ્વર્ણિમ જયંતી નિમિત્તે સૌને શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે, ઈફકોની ૫૦ વર્ષની ગૌરવયાત્રા ખેતી, ઉત્પાદન, ગ્રામીણ અર્થતંત્ર અને ખેડૂતોની સમૃદ્ધિને સમર્પિત રહી છે.

આ ઉદ્દેશો ને જાળવી રાખીને હવે શતાબ્દી તરફની ઈફકોની સફળ કૂચમાં આધુનિક ખેત પદ્ધતિ, ખેત ઉત્પાદન વૃદ્ધિ, જમીન અને પર્યાવરણ સંરક્ષણ જેવા નવા ચાર પહેલુઓને જોડીને પ્રગતિ ગાથા આગળ ધપાવવાની પ્રતિબદ્ધતા અમિત શાહે વ્યક્ત કરી હતી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ઈફકોએ ખેડૂતોને સહકારિતા સાથે અને સહકારિતાને ખાતર સાથે જોડીને ખેડૂતોના આર્થિક ઉત્થાન માટે એક વિશેષ પહેલ કરી હતી. જેના પરિણામે આજે ખેતી સમૃદ્ધ અને ખેડૂતો આત્મનિર્ભર બન્યા છે.

વર્ષો પહેલા ઈફકોએ વિકસાવેલું ઘન યુરિયા અને ડીએપી એ ખેતી ક્ષેત્રે એક મોટી ક્રાંતિ હતી, પરંતુ સમયને અનુરૂપ રિસર્ચ અને ડેવલપમેન્ટ પર ભાર મૂકીને આજે ઈફકોએ નેનો યુરિયા અને નેનો ડીએપી વિકસાવ્યુ છે. જેણે સમગ્ર વિશ્વમાં ભારતના સહકારિતા ક્ષેત્રનો ડંકો વગાડ્યો છે તેનું તેમણે ગૌરવ કર્યું હતું. ઈફકોએ ખેડૂતોના ખેતરો સુધીની પહોંચ વધારીને લેબોરેટરીના પ્રયોગોને લેન્ડ સુધી પહોંચાડવાનું કાર્ય કર્યું છે. ઈફકોની ભાવના હરહંમેશથી જ રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટના કાર્ય થકી ખેડૂતોને મદદરૂપ થવાની રહી છે. ઈફકો એક સહકારી ક્ષેત્ર હોવા છતાં, તેણે કોર્પોરેટ ક્ષેત્રની જેમ કુશળ પરિણામ મળે તે રીતે કાર્ય કર્યું છે. એટલા માટે જ, આજે પણ સહકારિતા ક્ષેત્રે ઈફકો સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ સામાજિક જીવનના દરેક ક્ષેત્ર માટે અનેકવિધ વિશેષ પહેલો કરીને રાષ્ટ્ર વિકાસને પ્રાધાન્ય આપ્યું છે. આ સંદર્ભે કેન્દ્રીય સહકારિતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ભારતમાં સહકારિતા ચળવળને વેગ આપવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અલાયદા સહકારી મંત્રાલયની સ્થાપના કરી છે. સાથે જ, સહકારી માળખાને વધુ સુદ્રઢ બનાવવા માટે ૬૫ જેટલા મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે. તે જ દિશામાં આગળ વધતાં ગુજરાતનાં સહકારી અગ્રણી શ્રી ત્રિભુવનદાસ પટેલે સહકારી ક્ષેત્ર માટે આપેલા અભૂતપૂર્વ યોગદાનને આવનારી પેઢી પણ યાદ રાખે તે ઉદ્દેશથી દેશની સૌ પ્રથમ સહકારી યુનિવર્સિટી તેમના જ નામે 'ત્રિભુવનદાસ સહકારી યુનિવર્સિટી'ની સ્થાપનાનો નિર્ણય કર્યો છે. આ યુનિવર્સિટી સહકારીતાના દરેક ક્ષેત્રનું શિક્ષણ અપાશે. સાથે જ, દેશની સહકારીતા પ્રગતિને છૈં જેવી આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી અનેક વિશ્લેષણો અને તારણોના આધારે આવતા ૫૦ વર્ષમાં સહકારિતા ક્ષેત્રે પ્રગતિની દિશા નક્કી કરવાનું કામ પણ આ યુનિવર્સિટી કરશે, તેવો તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

## અમદાવાદમાં VHP ની શોભાયાત્રામાં મોટો હંગામો

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

અમદાવાદના નિકોલમાં આજે રામનવમીના પ્રસંગે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા પ્રદર્શન કરાયું હતું. પોલીસે યાત્રા રોકતા VHP કાર્યકરોએ વિરોધ વ્યક્ત કર્યો હતો. શુકન ચાર રસ્તા નજીક ચક્કાજામ કરીને વિરોધ દર્શાવ્યો હતો. પોલીસે યાત્રા રોકીને લવજેહાદનો ટેબ્લો હટાવતા વિવાદ વકર્યો હતો. નિકોલમાં રામ નવમી યાત્રા દરમિયાન વિવાદ થયો હતો. પોલીસે શુકન ચાર રસ્તા ખાતે યાત્રાને અટકાવી હતી. યાત્રા અટકાવતાં જ VHPએ વિરોધ કર્યો હતો. તમામ કાર્યકરોએ યાત્રા અટકાવી, રસ્તા પર બેસીને રસ્તો બ્લોક કર્યો હતો. પોલીસે લવ જેહાદનો ટેબલ રાખવાની ના પાડી, તેના પર વિવાદ વકર્યો હતો. આ પ્રદર્શન વિવિધ સંદેશાઓ સાથે કરવામાં આવી હતી, જેમાંથી એક લવ જેહાદ પણ એક મુદ્દો હતો.

## ડ્રાઈવરે કાબૂ ગુમાવતાં પોરબંદરથી જૂનાગઢ જતી બસ પલટી ગઈ

। (એજન્સી) જૂનાગઢ, તા.૬ ।

ગુજરાતમાં રવિવારે (૬ એપ્રિલ) મોટો અકસ્માત સર્જાયો છે. પોરબંદરથી જૂનાગઢ તરફ જતી ખાનગી બસ ડ્રાઈવરે કાબૂ ગુમાવતા બસ પલટી મારી ગઈ હતી. બસમાં સવાર ૨૦ મુસાફરો ઈજાગ્રસ્ત થયા છે અને ૨ મુસાફરોની સ્થિતિ ગંભીર છે. ઈજાગ્રસ્તોને તાત્કાલિક ધોરણે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ રવિવારે પોરબંદરથી જૂનાગઢ જતી બસ અચાનક પલટી મારી ગઈ હતી. બસમાં સવાર મુસાફરોમાંથી ૨૦ જેટલાં મુસાફરો ઈજાગ્રસ્ત થયા હતાં. ઘટનાની જાણ થતાં તુરંત જ એમ્બ્યુલન્સ અને પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. તમામ ઈજાગ્રસ્તોને હાલ નજીકની કુતિયાણાની સરકારી હોસ્પિટલમમાં દાખલ કરવામાં આવ્યા છે. બે વ્યક્તિ જેની સ્થિત ગંભીર છે તેમને ભાવસિંહજી હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતાં સ્થાનિકો તેમજ પોલીસની ટીમ બચાવ કામગીરીમાં લાગી ગઈ હતી.

### નિર્માણ થયેલી યાત્રી સુવિધાઓનું લોકાર્પણ થયું

# માધવપુર મેળાનો રામનવમી પર્વે પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી

## મુખ્યમંત્રીએ આ પ્રસંગે કહ્યું કે, માધવપુરનો મેળો શ્રીરામ અને શ્રીકૃષ્ણ બંનેની ભક્તિ અને પરંપરાના સંગમનું પ્રતીક છે

। (એજન્સી) માધવપુર, તા.૬ ।



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોરબંદર જિલ્લાના માધવપુરમાં રામનવમી પર્વની સંધ્યાએ ભવ્ય માધવપુર મેળાનો પ્રારંભ કરાવ્યો હતો. દ્વારકાના નાથ ભગવાન શ્રીકૃષ્ણના અરુણાચલ પ્રદેશના રુકમણીજી સાથેનો દિવ્ય વિવાહ મહોત્સવ માધવપુરમાં યોજાયો તેની સ્મૃતિ ઉત્સવરૂપે દર વર્ષે રામનવમીથી આ મેળો ઉજવવામાં આવે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૨૦૧૮થી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી રાષ્ટ્રીય કક્ષાના ઉત્સવ તરીકે યોજાતા આ માધવપુર મેળાનો પ્રારંભ કેન્દ્રીય મંત્રી અને પોરબંદરના સાંસદ ડૉ. મનસુખ માંડવીયાની વિશેષ ઉપસ્થિતિમાં કરાવ્યો હતો. તેમણે આ અવસરે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા રુકમણી મંદિર પરિસરમાં રૂ. ૩૦ કરોડના ખર્ચે નિર્માણ થયેલા યાત્રી સુવિધાના વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ પણ કર્યું હતું. મુખ્યમંત્રીએ આ પ્રસંગે કહ્યું કે, માધવપુરનો મેળો શ્રીરામ અને શ્રીકૃષ્ણ બંનેની ભક્તિ અને પરંપરાના સંગમનું પ્રતીક છે. એક તરફ શ્રીરામના જન્મોત્સવની દિવ્યતા છે અને એક તરફ ભગવાન શ્રીકૃષ્ણના લગ્ન ઉત્સવની ભવ્યતા છે. તેમણે ઉમેર્યું કે માધવપુરનો મેળો એ માત્ર ધાર્મિકોત્સવ જ નહિં, પરંતુ આપણી એકતા, સાંસ્કૃતિક વિરાસત અને પરસ્પરના પ્રેમનું જીવંત પ્રતિક છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, ભગવાન શ્રીકૃષ્ણના પશ્ચિમ પ્રદેશ અને રુકમણીજીના પૂર્વોત્તર ભારતની સંસ્કૃતિના અનુબંધને ઉજાગર કરતું માધવપુર સદીઓથી ધાર્મિક, આધ્યાત્મિક અને સાંસ્કૃતિક ચેતનાનું કેન્દ્ર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'એક ભારત શ્રેષ્ઠ ભારત'નો જે સંકલ્પ આપ્યો છે તે આવી મેળા સંસ્કૃતિમાં અલગ-અલગ પ્રદેશોની સાંસ્કૃતિક પ્રસ્તુતિ, ખાન-પાન વ્યંજનો, હસ્તકલા કારીગરી વસ્તુઓના આદાન-પ્રદાનથી ભલિભાંતિ સાકાર થાય છે એમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા આયોજિત આ મેળો માત્ર સાંસ્કૃતિક પ્રવૃત્તિ કે લોકકલાને માણવાનો અવસર નહિં પરંતુ બીચ સ્પોર્ટ્સ જેવી સાહસિક રમતોની સ્પર્ધાનો ઉત્સવ બને તેની પણ કાળજી લીધી છે તેમ ઉમેર્યું હતું.

### બન્ટી-બબલી સહિત ત્રણ લોકોએ રૂપિયા પડાવી લીધા હતા

# ઓસ્ટ્રેલિયાના વિઝાની લાલચે યુવાને રૂ.૨૧.૭૦ લાખ ગુમાવ્યા

## યુવકને વિશ્વાસ આવતા તેમને આરોપીને રૂપિયા ૨૧.૭૦ લાખ આપ્યા

। (એજન્સી) સુરત, તા.3 ।

સુરતમાં રહેતા યુવકને ઓસ્ટ્રેલીયાના વિઝીટર વિઝા અને ત્યારબાદ વર્ક પરમીટ વિઝા આપવાનું કહીને બન્ટી-બબલી સહિત ત્રણ લોકોએ રૂપિયા ૨૧.૭૦ લાખ પડાવી લીધા હતા. જો કે ઓનલાઈન ચેક કરતા વિઝા બનાવટી હોવાનું સામે આવ્યું હતું. એટલું જ નહી રૂપિયા પરત માંગતા જેલમાં પુરાવી દેવાની ધમકી આપીને ઓફિસે તાળાં મારીને આરોપીઓ નાસી ગયા હતા. આ બનાવ અંગે ઈસનપુર પોલીસે દંપતિ સહિત લોકો સામે ફરિયાદ નોધી છે, ચોંકાવનારી બાબત એ છે કે બન્ટી-બબલી સામે વિદેશ મોકલવાના બહાને રૂપિયા પડાવવાની આ ત્રીજી ફરિયાદ નોંધાઈ છે. જેમાં વર્ષ પછી રૂપિયા પરત માંગતા જેલમાં પુરાવાની દેવાની ધમકી આપી ઓફિસે તાળાં મારી આરોપીઓ ભાગી ગયા છે. મૂળ મહેસાણાના અને હાલ સુરતમાં રહેતા અને કચ્છમાં ખાનગી કંપનીમાં નોકરી કરતા યુવકે ઈસનપુર પોલીસ સ્ટેશનમાં નારોલમાં ઓફિસ ધરાવતા દંપતિ સહિત ત્રણ સામે ફરિયાદ નોંધાવી છે કે જેમાં તેઓ સુરતમાં નોકરી કરતા ત્યારે પરિચીત વ્યક્તિને ઓસ્ટ્રેલિયા વર્ક પરમીટ પર જવાની વાત કરી હતી. જેથી મિત્રએ જીગ્નેશ રાઠોડ સાથે સંપર્ક કરાવ્યો હતો. જેમાં રૂપિયા ૧૫.૭૦ લાખમાં વિઝા, ટિકીટ સહિતનો ખર્ચ થશે તેમ જણાવતા ફરિયાદી યુવકે હા પાડી હતી અને નારોલ ઓફિસે આવીને જરુરી ડોક્યુમેન્ટઆપ્યા હતા. તે સમયે ત્રણેયે આરોપીઓએ ઓસ્ટ્રેલિયા પ્રથમ વિઝીટર વિઝા અને ત્યાર પછી વર્ક પરમીટ વિઝા અપાવવાની વાત કરી હતી.

### ગુજરાતમાં હાલ કાળઝાળ ગરમી પડી રહી છે

# હવામાન વિભાગે કેટલાક વિસ્તારોમાં પાંચ દિવસ ગરમીનું એલર્ટ આપ્યું

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

ગુજરાતમાં હાલ કાળઝાળ ગરમી પડી રહી છે. હવામાન વિભાગે કેટલાક વિસ્તારોમાં પાંચ દિવસ ગરમીનું એલર્ટ આપવામાં આવ્યું છે. આ પાંચ દિવસ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારો, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં રેડ, ઓરેન્જ અને યલો એલર્ટ આપવામાં આવ્યું છે.

હવામાન વિભાગ પાસેથી મળતી માહિતી પ્રમાણે, આજના દિવસ માટે રાજકોટમાં હીટવેવનું રેડ એલર્ટ આપવામાં આવ્યું છે, જ્યારે સૌરાષ્ટ્રના મોરબી અને રાજકોટમાં હીટવેવનું ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે અને પોરબંદર તથા જૂનાગઢમાં યલો એલર્ટ અપાયું છે. આજના દિવસ માટે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ અને ગાંધીનગર માટે યલો એલર્ટ આપવામાં આવ્યું છે. સોમવારે એટલે કે, સાતમી એપ્રિલ માટે જે આગાહી કરવામાં આવી છે, તેમાં સૌરાષ્ટ્ર-કચ્છ તથા ઉત્તર ગુજરાતમાં આકરી ગરમીના એંધાણ છે. કચ્છમાં રેડ એલર્ટ જ્યારે મોરબી, રાજકોટ અને પોરબંદરમાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. આ સિવાય સૌરાષ્ટ્રના જૂનાગઢ, સુરેન્દ્રનગર, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, ગાંધીનગર, મહેસાણામાં હીટવેવનું યલો એલર્ટ રહેશે. આ પછી ૮ અને ૯ એપ્રિલ દરમિયાન પણ સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતના જિલ્લાઓ માટે હીટવેવનું એલર્ટ આપવામાં આવ્યું છે. જેમાં કચ્છમાં બે દિવસ માટે ઓરેન્જ એલર્ટ જ્યારે સૌરાષ્ટ્રના મોરબી, રાજકોટ, જૂનાગઢ, પોરબંદર, સુરેન્દ્રનગર, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, ગાંધીનગર, મહેસાણામાં હીટવેવનું યલો એલર્ટ રહેશે. આ પછી ૮ અને ૯ એપ્રિલ દરમિયાન પણ સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતના જિલ્લાઓ માટે હીટવેવનું એલર્ટ આપવામાં આવ્યું છે.

### 30 મા જન્મદિવસે દ્વારકાધિશના ચરણોમાં નમાવ્યુ શીશ

# અનંત અંબાણીની ૧૧૫ કિલોમીટરની દ્વારકાની પગપાળા યાત્રાનું સમાપન

## દ્વારકામાં અંબાણી પરિવાર તરફથી ૧૦ હજાર જેટલા પરિવારના એક લાખ લોકોની પ્રસાદી સેવા કરાઈ હતી



। (માહિતી) દ્વારકા, તા.૬ ।

ભારતીય ઉદ્યોગપતિ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના ચેરમેન અને સ્થ્ઢ મુકેશ અંબાણી અને નીતા અંબાણીના ચિરંજીવ અનંત અંબાણીએ આજે તેમના ૩૦મા જન્મદિવસે દ્વારકાની ૧૧૫ કિલોમીટરની પગપાળા યાત્રા સંપન્ન કરી છે. તેમની આ પગપાળા યાત્રા આજે સંપન્ન થતા તેઓએ અત્યંત હર્ષની લાગણી અનુભવી હતી. ૧૦ દિવસની પગપાળા યાત્રાને અંતે આજે તેઓ દ્વારકા પહોંચ્યા હતા અને દ્વારકાધિશના દર્શન કર્યા હતા. તેમને અત્યંત ખુશી છે કે તેમના જન્મદિવસે તેમણે આ પગપાળા યાત્રા સંપન્ન કરી છે અને દ્વારકાધિશના દર્શન કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયુ છે. આ સાથે તેમણે દરેકને રામનવમીની પણ શુભેચ્છાઓ પાઠવી હતી. અનંત અંબાણીએ પદયાત્રાના સમાપન બાદ ગોમતિપૂજન કર્યુ હતુ. શારદાપીઠ ખાતે પાદુકાપૂજનનો પણ લાભ લીધો હતો. દ્વારકામાં આજે અંબાણી પરિવાર તરફથી ૧૦ હજાર જેટલા પરિવારના એક લાખ લોકોની પ્રસાદી સેવા કરાઈ હતી. આ ઉપરાંત રામનવમીના પાવન તહેવાર પર દ્વારકાધિશના દર્શને આવેલા ભાવિકોને પણ પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. અનંત અંબાણીની સાથે તેમના માતા નીતા અંબાણી અને પત્ની રાધિકાએ પણ ભગવાન દ્વારકાધિશના દર્શન કર્યા હતા. અનંત અંબાણીએ ૨૮ માર્ચે જામનગર સ્થિત રિલાયન્સ ટાઉનશીપથી પદયાત્રાની શરૂઆત કરી હતી. જે આજે રામનવમીના દિવસે સંપન્ન થઈ હતી. તેમની આ પદયાત્રા સંતો અને કથાકારો પણ જોડાયા હતા. પદયાત્રાના રૂટ પર વિવિધ જગ્યાએ અનંત અંબાણીનું ગ્રામજનો દ્વારા સ્વાગત કરવામાં આવ્યુ હતુ.